RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ જેઠ સુદ - ૧૨ | શુક્રવાર તા.૨૬-૦૬-૨૦૨૬ | અંક : ૦૫ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# ઓમાનના દરિયાકાંઠે વ્યાપારી જહાજ ઉપર હુમલો

## હોર્મુઝની ખાડીમાં ફરી તંગદિલી સર્જાઈ : હુમલા બાદ ઈન્ટરનેશનલ મેરિટાઈમ ઓર્ગેનાઈઝેશનએ પર્સિયન ગલ્ફમાંથી ફસાયેલા જહાજોને બહાર કાઢવાનું ઓપરેશન અટકાવી દીધું

નવી દિલ્હી

સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ચાલી રહેલો તણાવ ફરી એકવાર ચરમસીમાએ પહોંચ્યો છે. બ્રિટિશ સૈન્યના જણાવ્યા અનુસાર, ઓમાનના દરિયાકાંઠે એક વ્યાપારી જહાજ પર મોટો હુમલો કરવામાં આવ્યો છે. એક અમેરિકન અધિકારીએ ઓળખ ન આપવાની શરતે ખુલાસો કર્યો છે કે 'એવર લવલી' નામના આ મર્ચેન્ટ જહાજ પર ઈરાનની પેરામિલિટરી રિવોલ્યુશનરી ગાર્ડ દ્વારા ડ્રોન વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં જહાજને નુકસાન થયું છે, પરંતુ કોઈ જાનહાનિ કે પર્યાવરણીય નુકસાનના અહેવાલ નથી.

આ હુમલા બાદ સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા ઈન્ટરનેશનલ મેરિટાઈમ



ઓર્ગેનાઈઝેશનએ મોટો નિર્ણય લેતા પર્સિયન ગલ્ફમાંથી ફસાયેલા જહાજોને બહાર કાઢવાનું ઓપરેશન અટકાવી દીધું છે. એજન્સીના સેક્રેટરી-જનરલ આર્સેનિયો ડોમિંગુએઝે જણાવ્યું હતું કે, જ્યાં સુધી આ રૂટ પર જહાજોની સુરક્ષાની સંપૂર્ણ ગેરંટી ન મળે ત્યાં સુધી આ રેસ્ક્યૂ ઓપરેશન હોલ્ડ પર રહેશે. જોકે, જે જહાજ પર હુમલો થયો તે આ રેસ્ક્યૂ ઓપરેશનનો ભાગ નહોતું.

આ હુમલાના થોડા કલાકો પહેલા જ ઈરાને ધમકી આપી હતી કે તેની પરવાનગી વિના આ રૂટનો ઉપયોગ કરનારા જહાજોને રોકી દેવામાં આવે. ઈરાનની નવી સરકારી એજન્સી 'પર્સિયન ગલ્ફ સ્ટ્રેટ ઓથોરિટી' એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું છે કે ઈરાન દ્વારા નક્કી કરાયેલા રૂટ સિવાય અન્ય કોઈ માર્ગેથી પસાર થનારા જહાજોને સુરક્ષાની કોઈ ગેરંટી આપવામાં આવશે નહીં. રિવોલ્યુશનરી ગાર્ડે જણાવ્યું છે કે ઓમાન અને આઈએમઓ દ્વારા તૈયાર કરાયેલો આ નવો રૂટ અસ્વીકાર્ય અને અત્યંત જોખમી છે. અગાઉ બુધવારે ઈરાની સૈનિકોએ રેડિયો પર એક ટેન્કરને ધમકી આપતા કહ્યું હતું કે, 'તમે અમારી મિસાઈલોની રેન્જમાં છો અને અમે ગમે ત્યારે ફાયરિંગ કરી શકીએ છીએ.'

# ઝારખંડમાં માર્ગ અકસ્માતની ઘટનામાં સાત વ્યક્તિના ઘટના સ્થળે કરૂણ મોત

## રામગઢ જિલ્લાની ઘટનામાં એક વ્યક્તિની હાલત ગંભીર

રામગઢ

રામગઢ જિલ્લાના રાજરપ્પા વિસ્તારમાં લારી નજીક એક ભયાનક દુર્ઘટના બની છે. જેમાં સાત લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યાં છે. જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ છે. પોલીસે સમગ્ર મામલે તપાસ આદરી છે. જો કે એક જ ગામના સાત લોકોનાં મોત થતા સમગ્ર પંથકમાં ભારે ગમગીનીનો માહોલ છવાયો છે.

ઝારખંડના રામગઢ જિલ્લામાં ગુરૂવારે મોડી રાત્રે એક ભયાનક માર્ગ દુર્ઘટના થઇ હતી. આ દુર્ઘટનામાં સાત લોકોનાં મોત થતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી છે. જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ છે. જેને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. પોલીસના અનુસાર આ દુર્ઘટના રામગઢ જિલ્લાના રાજરપ્પા વિસ્તારમાં આવેલા લારી ગામ નજીક બની હતી.

રામગઢ બોકારો હાઈવે પર રાત્રે ૧૨ વાગ્યે એક યાત્રી વાહન અને ટ્રક વચ્ચે ભયાનક ટક્કર થઈ હતી. જેમાં વાહનમાં બેઠેલા સંગીતકાર્યક્રમમાંથી આવી રહેલા કલાકારો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ દુર્ઘટનામાં કુલ સાત લોકોનાં ઘટના સ્થળે જ મોત નિપજ્યાં હતા. જ્યારે એક ઘાયલને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

# વેનેઝુએલા ભૂકંપ અંગે પ્રધાનમંત્રીએ શોક વ્યક્ત કર્યો ભારત શક્ય તમામ સહાય પૂરી પાડશે

નવીદિલ્હી,

વેનેઝુએલા ભૂકંપથી થયેલા ભારે વિનાશથી સમગ્ર વિશ્વમાં ચિંતા અને સહાનુભૂતિનો માહોલ છવાઈ ગયો છે. ભારતે પણ ચિંતા વ્યક્ત કરી છે અને વેનેઝુએલા સરકારને શક્ય તમામ સહાયની જાહેરાત કરી છે. પ્રધાનમંત્રી મોદીએ વેનેઝુએલામા માર્યા ગયેલા લોકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને કહ્યું કે ભારત શક્ય તમામ સહાય પૂરી પાડવા માટે તૈયાર છે.

સોશિયલ મીડિયા પર શેર



કરેલી પોસ્ટમાં પીએમ મોદીએ લખ્યું, "વેનેઝુએલામા આવેલા વિનાશક ભૂકંપથી થયેલા વિનાશથી હું ખૂબ જ દુઃખી છું. ભારત વતી, હું વેનેઝુએલા સરકાર અને લોકો પ્રત્યે, ખાસ કરીને પ્રિયજનો ગુમાવનારાઓના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. અમે ઘાયલોના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરીએ છીએ અને આ મુશ્કેલ સમયમાં અસરગ્રસ્ત તમામ લોકો સાથે એકતામાં ઊભા છીએ."

ભારત શક્ય તમામ સહાય પૂરી પાડવા માટે તૈયાર છે. ભારત ઉપરાંત, વિશ્વના ઘણા દેશોએ વેનેઝુએલામાં આવેલા વિનાશક ભૂકંપ પર શોક વ્યક્ત કર્યો છે અને સહાયની જાહેરાત કરી છે. વેનેઝુએલા ભૂકંપગ્રસ્ત પ્રદેશ છે અને ઉચ્ચ જોખમ ધરાવતા ભૂકંપ ક્ષેત્રમાં આવે છે. વૈજ્ઞાનિકો કહે છે કે આ દેશ બે ટેક્ટોનિક પ્લેટો વચ્ચે સ્થિત છે.

# વેનેઝુએલામાં રેસ્ક્યુ ઓપરેશન યથાવત : મૃત્યુઆંક ૨૩૫ થયો

## વિનાશક ભૂકંપમાં ૨૫૦થી વધુ ઈમારતો ધરાશાઈ થઈ : કાટમાળ નીચે હજુ પણ સેંકડો લોકો ફસાયેલા હોવાની શક્યતા

કરાકાસ

વેનેઝુએલામાં આવેલા વિનાશક ભૂકંપે ભારે તબાહી મચાવી છે. માત્ર એક મિનિટની અંદર આવેલા ૭.૨ અને ૭.૫ ની તીવ્રતાના બે શક્તિશાળી ભૂકંપમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૨૩૫ લોકોના મોત થયા છે, જ્યારે ૪૩૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. બીજી તરફ, કાટમાળ નીચે દબાયેલા સેંકડો લોકોને સુરક્ષિત બહાર કાઢવા માટે બચાવકર્મીઓ અને સ્થાનિક લોકો યુદ્ધના ધોરણે લાગેલા છે.

આ વિનાશક ભૂકંપમાં લગભગ ૨૫૦થી વધુ ઈમારતોને નુકસાન થયું છે અથવા તો તે નાશ પામી છે. લગભગ ૨૦૦ લોકો ધરાશાયી થયેલી ઈમારતો નીચે ફસાયેલા છે. ગુમ થયેલા લોકોની માહિતી એકત્ર કરતી એક વેબસાઈટે ૪૬,૦૦૦ થી વધુ લોકોને ગુમ થયેલા દર્શાવ્યા છે, જો કે આ આંકડાની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ શકી નથી.વેનેઝુએલામાં ભૂકંપ આવ્યાને ૩૦ કલાકથી પણ વધુ સમય વીતી ગયો છે અને રેસ્ક્યૂ ઓપરેશન હજુ પણ ચાલુ છે. સ્થાનિક રાહત અને બચાવ કાર્ય કરતી એજન્સીઓ ભૂકંપ પ્રભાવિત વિસ્તારોમાં કાટમાળ હટાવવાનું કામ કરી રહી છે. બચાવ કામગીરીમાં લાગેલા અધિકારીઓ તરફથી મળેલી માહિતી મુજબ, ઈજાગ્રસ્તો અને પ્રભાવિતોની સંખ્યા હજારોમાં છે, જેથી મૃત્યુઆંક હજુ વધવાની આશંકા છે. દેશના કાર્યવાહક રાષ્ટ્રપતિ રોડ્રિગેઝે દેશમાં કટોકટીની સ્થિતિ જાહેર કરી દીધી છે.



ભારત, અમેરિકા અને ફ્રાન્સ સહિત વિશ્વના ઘણા દેશોએ વેનેઝુએલા તરફ મદદનો હાથ લંબાવ્યો છે.

રાષ્ટ્રપતિ રોડ્રિગેઝે જણાવ્યું કે, અધિકારીઓ બચાવ કામગીરી ઝડપી બનાવવા માટે ખાનગી કંપનીઓ પાસેથી ભારે મશીનરી લાવી રહ્યા છે. તેમણે વ્યવસાયીઓને બાંધકામના સાધનો ઉપલબ્ધ કરાવવાની અપીલ કરી છે અને કહ્યું કે, અધિકારીઓને આશા છે કે જેટલા બની શકે એટલા વધુમાં વધુ લોકોને જીવતા બચાવી શકાય.

ફસાયેલા લોકો માટે બચાવ અભિયાન તેજ કરી દેવામાં આવ્યું છે. જો કે, સ્થાનિક રહેવાસીઓએ ફરિયાદ કરી છે કે સત્તાવાર બચાવ કામગીરી ખૂબ જ ધીમી છે, અને ઘણા લોકો કાટમાળ હટાવીને પોતાના હાથથી ખોદકામ કરવા માટે પડોશીઓ પર નિર્ભર હતા.ગુરુવારે આવેલા આ વિનાશક ભૂકંપે જરૂરી સેવાઓને ખોરવી નાખી છે. રાજધાની કરાકાસ અને લા ગુઆઈરામાં એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યા છે. મેટ્રો સેવાઓ રદ કરવામાં આવી છે. શાળાઓને આશ્રય સ્થાનો (શેલ્ટર હોમ) બનાવી દેવામાં આવી છે. ઘણા વિસ્તારોમાં હજુ પણ ભૂકંપના આંચકા અનુભવાયા હોવાના અહેવાલો છે.

# સમગ્ર યુરોપમાં ગરમીનો પ્રકોપ : ફ્રાન્સમાં ૫૮ લોકોના મોત

## ફ્રાન્સ, બ્રિટન, ઈટાલી અને સ્પેન સહિત યુરોપના ૨૬ દેશોમાં ભારે ગરમીના પગલે જનજીવન પ્રભાવિત : ૧૪ દેશમાં રેડ એલર્ટ

નવી દિલ્હી

સમગ્ર યુરોપ હાલમાં કુદરતના ભયાનક પ્રકોપનો સામનો કરી રહ્યું છે. ફ્રાન્સ, બ્રિટન, ઈટાલી અને સ્પેન સહિત યુરોપના ૨૬ દેશો આ સમયે આકરી ગરમી અને ભયંકર લૂની ઝપેટમાં આવી ગયા છે. સ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે, ૧૪ થી વધુ દેશોમાં ગરમીને લઈને 'રેડ એલર્ટ' જાહેર કરવું પડ્યું છે. મોટાભાગના દેશોમાં પારો ૪૦ થી ૪૩ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયો છે, જેના કારણે સામાન્ય જનજીવન સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે. આ દેશોમાં અત્યારે ગરમીએ માઝા



મૂકી દીધી છે.

ગરમીની સૌથી ઘાતક અસર ફ્રાન્સમાં જોવા મળી રહી છે, જ્યાં અત્યાર સુધીમાં ૫૮ લોકોના મોત થયા છે. અસહ્ય ગરમીથી રાહત મેળવવા માટે લોકો નદીઓ અને તળાવો તરફ દોડી રહ્યા છે, જેના કારણે છેલ્લા કેટલાક દિવસોમાં પાણીમાં ડૂબી જવાથી ૪૦ યુવાનોના મોત થયા છે. આ સિવાય લૂ લાગવાને કારણે ૨ બાળકો સહિત ૧૮ લોકોએ દમ તોડ્યો છે. આ સ્થિતિએ વિશ્વ ચિંતામાં મુકાઈ ગયું છે.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે વધતા તાપમાનની અસર દેશના વીજ સંકટ પર પણ પડી છે. ફ્રાન્સમાં 'ગોલફેશ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ' (Golfech Nuclear Power Plant) ને સોમવારે રાત્રે બંધ કરવો પડ્યો હતો. આ પ્લાન્ટને ઠંડો રાખવા માટે ગારોન નદીના પાણીનો ઉપયોગ થાય છે, પરંતુ નદીનું તાપમાન ૨૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની આશંકા હોવાથી સુરક્ષાના કારણોસર આ નિર્ણય લેવાયો છે.

એટલું જ નહીં પરંતુ ૧,૩૫૦ થી વધુ શાળાઓ બંધ કરી દીધી છે. આ ઉપરાંત, ફ્રાન્સના પ્રખ્યાત વાર્ષિક સ્ટ્રીટ મ્યુઝિક ફેસ્ટિવલ 'ફ્રેત દ લા મ્યુઝિક' દરમિયાન જાહેર સ્થળો પર દારૂ પીવા પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. હવામાન વૈજ્ઞાનિકોના મતે આ ગરમી વર્ષ ૨૦૦૩ની એ ઐતિહાસિક આપત્તિ જેવી છે જેમાં અંદાજે ૧૫ હજાર લોકોના મોત થયા હતા. બ્રિટનની વાત કરવામાં આવે તો, હવામાન વિભાગે બુધવાર અને ગુરુવાર માટે 'રેડ એક્સ્ટ્રીમ હીટ વૉર્નિંગ' જાહેર કરી છે.

# રામ મંદિરમાં દાન ચોરી: ઓડિટમાં ગંભીર ખામીઓ મળી અને સુધારા સૂચવ્યા, પરંતુ ટ્રસ્ટે તેમને અવગણ્યા

## નાણાકીય ગેરરીતિઓના આરોપોની તપાસ કરી રહેલી એસઆઈટીના પ્રારંભિક અહેવાલ વચ્ચે, એક હકીકત પ્રકાશમાં આવી

લખનૌ,

રામ મંદિરમાં દાન અને નાણાકીય ગેરરીતિઓના આરોપોની તપાસ કરી રહેલી એસઆઈટીના પ્રારંભિક અહેવાલ વચ્ચે, એક હકીકત પ્રકાશમાં આવી છે જેણે ટ્રસ્ટની કામગીરી પર નવા પ્રશ્નો ઉભા કર્યા છે. ૨૦૨૦ માં ટ્રસ્ટની રચના થયાના થોડા મહિનાઓ પછી, એક ખાનગી ઓડિટ ફર્મે દાન વ્યવસ્થાપન, દાગીનાના રેકોર્ડ, નાણાકીય દેખરેખ અને વહીવટી પ્રણાલીઓમાં ગંભીર ખામીઓ તરફ ધ્યાન દોર્યું, તેમને સુધારવાની ચેતવણી આપી. આમ છતાં, કોઈ સુધારો કરવામાં આવ્યો ન હતો, જેના કારણે દાનની ચોરી થઈ.

પ્રશ્ન એ છે કે જો છ વર્ષ પહેલાં ખામીઓ મળી આવી હતી, તો તેને દૂર કરવા માટે અસરકારક પગલાં કેમ લેવામાં આવ્યા ન હતા? સૂત્રોના જણાવ્યા અનુસાર, નવેમ્બર ૨૦૨૦ માં ઓડિટ ફર્મને ટ્રસ્ટની આંતરિક ઓડિટ અને જોખમ વ્યવસ્થાપન પ્રણાલીઓનું ઓડિટ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન, ફર્મને જાણવા મળ્યું કે દાન અને નાણાકીય વ્યવહારો જાળવવા માટે કોઈ મજબૂત અને વ્યવસ્થિત સિસ્ટમ નથી.

# કર્ણાટકના મંડ્યામાં કાવેરી નદીમાં ફોટોગ્રાફી કરતી વખતે એક પરિવારના પાંચ સભ્યો ડૂબી ગયા

## પરિવાર પ્રખ્યાત મુત્તાથિરય મંદિરના દર્શન માટે મુત્તાથિ ગયો હતો

બેંગ્લુરૂ,

કર્ણાટકના મંડ્યા જિલ્લાના માલાવલ્લી તાલુકાના લોકપ્રિય પર્યટન સ્થળ મુથથી નજીક કાવેરી નદીમાં એક પરિવારના પાંચ સભ્યો ડૂબી ગયા. આ ઘટના બુધવારે સાંજે ૫ વાગ્યાની આસપાસ બની હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેઓ ફોટોગ્રાફી કરવા માટે પાણીમાં ઉતર્યા હતા. મૃતકોની ઓળખ ચૈત્ર (૨૦), પ્રિયંકા (૨૮), શ્વેતા (૩૮), વિજયમ્મા (૫૦) અને મહેશ તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું હતું કે તેઓ બધા ચન્નાપટનાના બાયદરહલ્લીના રહેવાસી હતા.

પરિવાર પ્રખ્યાત મુત્તાથિરય મંદિરના દર્શન માટે મુત્તાથિ ગયો હતો. પ્રાર્થના કર્યા પછી, તેઓ નદી કિનારે ગયા. કાવેરી નદીમાં પ્રવેશ કરતી વખતે આ અકસ્માત થયો. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેઓ ફોટોગ્રાફી કરી રહ્યા હતા અને બેદરકારીથી તણાઈ ગયા.

માહિતી મળતાં, હલાગુરુ પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા. ફાયર અને બચાવ ટીમોએ તાત્કાલિક શોધખોળ શરૂ કરી અને થોડા જ સમયમાં પાંચેય મૃતદેહો બહાર કાઢ્યા. મંડ્યાના પોલીસ અધિક્ષક ડૉ. વી.જે. શોભારાણીએ ઘટનાસ્થળે મુલાકાત લીધી અને પુષ્ટિ કરી કે પીડિતોના મૃતદેહોને મંડ્યા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. હલાગુરુ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે, અને વધુ તપાસ ચાલી રહી છે.પોલીસે જણાવ્યું હતું કે આ અકસ્માત ત્યારે થયો જ્યારે વિજયમ્મા આકસ્મિક રીતે નદીના ઊંડા ભાગમાં લપસી ગઈ અને ડૂબવા લાગી.

# સરકારે એલપીજી પરના તમામ નિયંત્રણો હટાવ્યા

## ઈન્ડસ્ટ્રિયલ અને કોમર્શિયલ લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસના સપ્લાયને કટોકટી પહેલાના સ્તરે પુનઃસ્થાપિત કર્યો

નવી દિલ્હી

કેન્દ્ર સરકારે ઈન્ડસ્ટ્રિયલ અને કોમર્શિયલ એલપીજીનો સપ્લાય પશ્ચિમ એશિયાના સંકટ પૂર્વેના સ્તરે પુનઃસ્થાપિત કર્યો છે. પેટ્રોલિયમ મંત્રાલયે સેક્ટર-સ્પેસિફિક એલોકેશન કેપ્સ પણ હટાવી દીધા છે. પ્રોપેન અને બ્યુટેન પરના પ્રતિબંધો પણ હળવા કરાયા છે. જોકે, પીએનજી તરફ સ્થળાંતરની ઝુંબેશ ચાલુ રહેશે.પશ્ચિમ એશિયાના સંકટના કારણે છેલ્લા કેટલાક મહિનાઓથી દેશના ઔદ્યોગિક સેક્ટરમાં જે દબાણ જોવા મળી રહ્યું હતું, તેમાં હવે કેન્દ્ર સરકારે મોટી રાહત આપી છે. સરકારે ગુરુવારે એક મહત્વપૂર્ણ નિર્ણય લઈને ઈન્ડસ્ટ્રિયલ અને કોમર્શિયલ લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસના સપ્લાયને કટોકટી પહેલાના સ્તરે પુનઃસ્થાપિત કરી દીધો છે. આ સાથે જ સરકારે અગાઉ લાદવામાં આવેલા તમામ સેક્ટર-સ્પેસિફિક એલોકેશન કેપ્સ પણ હટાવી લીધા છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે કહ્યું છે કે, કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રિયલ ન્ગ્રાહકોને મોટી રાહત આપતા, સરકારે નોન-ડોમેસ્ટિક પેક્ડ ન્ની સપ્લાય પરના તમામ સેક્ટરલ પ્રતિબંધો દૂર કર્યા છે અને પશ્ચિમ એશિયાના સંકટ પહેલા પ્રવર્તતા સ્તરે સપ્લાય પુનઃસ્થાપિત કર્યો છે.

નવા નિર્દેશો અનુસાર, જે મોટા ગ્રાહકો છે, તેમને કટોકટી પૂર્વેના તેમના કુલ વપરાશના ૫૦% જરૂરિયાત જેટલો ગેસ ફાળવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે કટોકટીની શરૂઆતમાં આ સપ્લાય સંપૂર્ણપણે સ્થગિત કરી દેવામાં આવ્યો હતો.

માર્ચ મહિનાની શરૂઆતમાં જ્યારે કટોકટી ચરમસીમા પર હતી, ત્યારે સરકારે કોમર્શિયલ એલપીજીના સપ્લાય પર કામચલાઉ પ્રતિબંધો મૂક્યા હતા. ત્યારબાદ સ્થિતિ સુધરતા અલગ-અલગ તબક્કામાં સપ્લાય વધારીને ૭૦% સુધી પહોંચાડવામાં આવ્યો હતો. આમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પાઈપ્ડ નેચરલ ગેસ તરફ ઝડપથી વળવા માટે ૧૦%ની શરતી ફાળવણી પણ સામેલ હતી.

સરકારે માત્ર એલપીજી સપ્લાય જ નથી વધાર્યો, પરંતુ અન્ય ઔદ્યોગિક કેમિકલ્સના નિયમોમાં પણ ઢીલ આપી છે. અગાઉ સરકારે આદેશ આપ્યો હતો કે પ્રોપેન અને બ્યુટેનનો ઉપયોગ માત્ર સ્થાનિક એલપીજીના ઉત્પાદન માટે જ કરવો. હવે આ કડક આદેશને પણ હળવો કરવામાં આવ્યો છે.ભવિષ્યમાં સપ્લાયનું યોગ્ય સંચાલન થઈ શકે તે માટે પેટ્રોલિયમ મંત્રાલયે ઓઈલ માર્કેટિંગ કંપનીઓને કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રિયલ ગ્રાહકોનો ડેટા સતત મેઈન્ટેન રાખવા માટે પણ સૂચના આપી છે.સરકારે ભલે એલપીજી સપ્લાય સામાન્ય કરી દીધો હોય, પરંતુ દેશમાં પાઈપ્ડ નેચરલ ગેસનો વ્યાપ વધારવાનો તેનો સંકલ્પ યથાવત છે. કટોકટી સમયે એલપીજી પરનું દબાણ ઘટાડવા માટે જે ગ્રાહકોને પીએનજી પર શિફ્ટ કરવામાં આવ્યા હતા, તેઓ આગામી સમયમાં પણ પીએનજી પર જ રહેશે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, જે કોમર્શિયલ અને બલ્ક ગ્રાહકો પાસે પીએનજી નેટવર્કની સુવિધા ઉપલબ્ધ છે, અથવા જેઓ શિફ્ટ થવાની પ્રક્રિયામાં છે, તેમને સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન સંસ્થાઓના સંકલન સાથે ક્રમશઃ પીએનજી તરફ વાળવામાં આવશે.

# અમદાવાદમાં સાયબર ઠગાઈના દેશવ્યાપી રેકેટનો પર્દાફાશ

## બેંકોના નામે એપીકે બનાવી લાખોની છેતરપિંડી કરનાર માસ્ટરમાઈન્ડને અમદાવાદ સાયબર ક્રાઈમે ઝડપી પાડ્યો

અમદાવાદ,

અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા ઓનલાઈન બેંક્રિંગ ફ્રોડ અને છદ્મ આધારિત સાયબર છેતરપિંડીના મોટા રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો જેમાં, સાયબર ક્રાઈમ પોલીસએ છદ્મ ફાઈલ બનાવી લોકોના મોબાઈલ ફોનમાં મેલવેર ઈન્સ્ટોલ કરાવી બેંક્રિંગ અને વ્યક્તિગત માહિતી ચોરીને ઠગાઈ આચરતા મુખ્ય માસ્ટરમાઈન્ડ પુનાનંદ તિવારીની ધરપકડ કરી છે.




સાયબર ક્રાઈમ ડીસીપી લવિના સિન્હાએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક સમયથી અમદાવાદમાં છદ્મ ફાઈલ મારફતે બેંક્રિંગ ફ્રોડની અનેક ફરિયાદો મળી રહી હતી. આ ફરિયાદોની ટેક્નિકલ અને માનવ આધારિત તપાસ દરમિયાન એક સંગઠિત ગેંગ કાર્યરત હોવાની માહિતી મળી હતી. તપાસ દરમિયાન મુખ્ય સૂત્રધાર પુનાનંદ તિવારી સુધી પહોંચવામાં સફળતા મળી હતી.પોલીસ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આરોપી પશ્ચિમ બંગાળ તરફ ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો. ચોક્કસ બાતમીના આધારે કોલકાતાથી કિશનગંજ જતી ટ્રેનમાં તેની હિલચાલ પર નજર રાખવામાં આવી હતી. રેલવે પોલીસના સહયોગથી આરોપીને ટ્રેનમાંથી જ ઝડપી પાડવામાં આવ્યો હતો.

આ મામલે વધુમાં લવિના સિન્હાએ જણાવ્યું હતું કે આરોપીની ઓળખ કરવામાં હાથ પર બનાવેલા વિશિષ્ટ ટેટૂએ મહત્વની ભૂમિકા ભજવી હતી. ટેક્નિકલ સર્વેલન્સ ઉપરાંત આ ટેટૂના આધારે પણ આરોપીની ઓળખની પુષ્ટિ થઈ હતી.પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે પુનાનંદ તિવારી વર્ષ ૨૦૨૫થી છદ્મ ફાઈલ ડેવલપર તરીકે કામ કરી રહ્યો હતો. તે વિવિધ બેંકો અને નાણાકીય સંસ્થાઓના નામે નકલી મોબાઈલ એપ્લિકેશન તૈયાર કરતો હતો, જે દેખાવમાં અસલી બેંક્રિંગ એપ જેવી લાગતી હતી.આરોપીએ અત્યાર સુધીમાં ઓછામાં ઓછી ૧૮ જેટલી જાણીતી બેંકોના નામે છદ્મ ફાઈલો બનાવી હતી. આ છદ્મ ફાઈલો લોકોને વિવિધ લિંક્સ, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને મેસેજિંગ એપ્સ મારફતે મોકલવામાં આવતી હતી.આરોપી દ્વારા બનાવવામાં આવેલી એક છદ્મ ફાઈલ સરેરાશ ૧૦ હજાર જેટલા લોકો સુધી પહોંચાડવામાં આવતી હતી. ફાઈલ ડાઉનલોડ થતાં જ મોબાઈલમાં રહેલી સંવેદનશીલ માહિતી, બેંક્રિંગ વિગતો અને અન્ય ડેટા સાયબર ગુનેગારો સુધી પહોંચતો હતો.

તપાસમાં વધુ ખુલાસો થયો છે કે પુનાનંદ તિવારી ૩૦૦થી વધુ ક્લાયન્ટને આવી છદ્મ ફાઈલો વેચતો હતો. તેના ગ્રાહકો દેશના વિવિધ રાજ્યોમાં સક્રિય સાયબર ઠગો હોવાનું પણ સામે આવ્યું છે.

આ કેસમાં ઝડપાયેલા અન્ય બે આરોપીઓ છદ્મ ફાઈલના વિતરણ અને સપ્લાય ચેઈનનું કામ સંભાળતા હતા. તેઓ તૈયાર કરાયેલી છદ્મ ફાઈલો વિવિધ સાયબર ફ્રોડ ગેંગ સુધી પહોંચાડતા હતા.

પોલીસ તપાસમાં ત્રણેય આરોપીઓ એક જ ગામના રહેવાસી હોવાનું બહાર આવ્યું છે. પ્રાથમિક તપાસ મુજબ તેઓ લાંબા સમયથી એકબીજાના સંપર્કમાં રહી સંગઠિત રીતે આ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવતા હતા. ઝડપાયેલા આરોપીઓ સામે અગાઉ પણ સાયબર ફ્રોડ અને ઓનલાઈન છેતરપિંડીના ગુનાઓ નોંધાયેલા છે. તેમના ગુનાહિત ઈતિહાસની વધુ તપાસ ચાલી રહી છે.

# સુરતમાં બોલિવૂડ કલાકારો અને ગાયકોના લાઈવ શોના નામે ૧.૪૩ કરોડની છેતરપિંડી

## મુંબઈની ત્રણ કંપનીના ડિરેક્ટરો સામે ઈવેન્ટ મેનેજમેન્ટનો વ્યવસાય કરતા વેપારીએ નોંધાવી પોલીસ ફરિયાદ

સુરત,

સુરતમાં ફરી એકવાર કરોડોની છેતરપિંડીનો કેસ સામે આવ્યો છે. આ વખતે ઠગાઈનો ભોગ ટેક્સટાઈલ કે ડાયમંડ ઉદ્યોગ નહીં, પરંતુ ઈવેન્ટ મેનેજમેન્ટ ક્ષેત્ર સાથે સંકળાયેલા વેપારી બન્યા છે. મોટા વરાછા વિસ્તારમાં ઈવેન્ટ મેનેજમેન્ટનો વ્યવસાય કરતા અભિષેક બોરડાએ મુંબઈની ત્રણ એન્ટરટેઈનમેન્ટ કંપનીઓના ડિરેક્ટરો સામે આશરે ૧.૪૩ કરોડ રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, મુંબઈની કંપનીઓએ સુરતમાં જાણીતા બોલિવૂડ કલાકારો અને ગાયકોના ભવ્ય લાઈવ શો યોજવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. મોટા કાર્યક્રમોના આયોજનના નામે વેપારીનો વિશ્વાસ જીત્યા બાદ વિવિધ તબક્કામાં એડવાન્સ તરીકે મોટી રકમ લેવામાં આવી હતી.

સમજૂતી મુજબ નક્કી કરેલા સમયગાળા દરમિયાન કોઈપણ લાઈવ શો યોજાયો નહોતો. ત્યારબાદ ફરિયાદીએ પોતાની રકમ પરત માગતા આરોપીઓએ સુરક્ષા રૂપે કરોડો રૂપિયાના ચેક આપ્યા હતા. જોકે સમગ્ર રકમમાંથી માત્ર રૂ. ૧.૧૫ લાખ જ પરત મળ્યા હતા. બાકીના અંદાજે રૂ. ૧.૪૧ કરોડના ચેક બેંકમાં જમા કરાવતા બાઉન્સ થઈ ગયા હતા, જેના કારણે સમગ્ર છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો હતો.

આ ઘટના બાદ અભિષેક બોરડાએ ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મુંબઈની ત્રણ એન્ટરટેઈનમેન્ટ કંપનીઓના ડિરેક્ટરો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# અમદાવાદના નવા વાડજમાં બીઆરટીએસ ટ્રેકમાં ઘુસી એએમટીએસની બસે સર્જ્યો અકસ્માત, ૧નું મોત

અમદાવાદ,

શહેરમાં મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS)ની બસો રોડ પર જાણે યમદૂત બનીને દોડી રહી હોય તેમ વધુ એક નિર્દોષ નાગરિકે પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે.

નવા વાડજ વિસ્તારમાં રાત્રે BRTS ટ્રેક પર AMTS બસ ઘુસી હતી અને ત્યાર પછી બસ ડ્રાઈવરે કાબુ ગુમાવતા રાહદારીને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જ્યાં તાત્કાલિક ધોરણે આસપાસના લોકો દોડી આવ્યા હતા.

અકસ્માત સર્જયાની જાણ પોલીસને થતા તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે દોડી આવી હતી. ત્યારબાદ ગંભીર રીતે ઈજાગ્રસ્ત રાહદારીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પરંતુ કમનસીબે સારવાર દરમિયાન રાહદારીનું મોત નીપજ્યું હતુ. આ સમગ્ર ઘટના અંગે મ ટ્રાફિક પોલીસે ગુનો નોંધી કડક કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે મૃતકના પરિવારે પણ આરોપીને કડક સજા થાય તેવી માગ કરી છે.

૩૦ વર્ષીય યુવક ભાવેશ ધવડ ઘરેથી માતાને "હું આંટો મારીને આવું છું" કહીને નીકળ્યો હતો. પરંતુ ઘર છોડ્યાના માત્ર ૪૫ મિનિટમાં જ AMTS બસની ટક્કરથી તેનું મોત થયું હતું.

મળતી માહિતી મુજબ, બુધવારે રાત્રે આશરે ૮ વાગ્યે ભાવેશ ધવડ ઘરે જમ્યા બાદ રોજની જેમ ચાલવા માટે નીકળ્યો હતો. તેણે માતા ખીમીબેનને કહ્યું હતું કે, "હું આંટો મારીને આવું છું." જોકે, થોડા સમય બાદ ચાલીમાં રહેતા એક યુવકે ખીમીબેનને જાણ કરી કે ભાવેશનો AMTS બસ સાથે ગંભીર અકસ્માત થયો છે.

# અમદાવાદમાં ભાડાના મકાનમાં ચાલતું ઓનલાઈન સટ્ટા-ગેમિંગ કૌભાંડ : ૫ રાજસ્થાનીની ધરપકડ

## રેડ દરમિયાન વિવિધ બેંકોના ૪૦ જેટલા એટીએમ કાર્ડ, ચેકબુક, પાસબુક, ૧૭ ફોન અને ૩૦ જેટલા સીમકાર્ડ મળી આવ્યા

અમદાવાદ,

શહેરના નારણપુરા વિસ્તારમાંથી ઓનલાઈન સટ્ટા અને સાયબર ફ્રોડના મોટા રેકેટનો પર્દાફાશ થયો છે. ભાડેથી મકાન રાખીને પ્રતિબંધિત ઓનલાઈન ગેમિંગના નાણાં મ્યુલ એકાઉન્ટ મારફતે હેરફેર કરતી ગેંગ છ માસથી રેકેટ ચલાવતી હોવાનું સામે આવ્યું છે. ત્યારે હાલ દેશવ્યાપી કૌભાંડમાં નારણપુરા પોલીસે રાજસ્થાનના પાંચ શખ્સોની ધરપકડ કરી છે. પ્રતિબંધિત ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મ અંગે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

વિગતે વાત કરીએ તો, નારણપુરા પોલીસ પેટ્રોલિંગમાં હતી, ત્યારે તેઓએ બાતમીના આધારે નારણપુરામાં આવેલા જીતેન્દ્રનગર આદર્શનગરના એક મકાનમાં રેડ કરી હતી. આ રેડ દરમિયાન વિવિધ બેંકોના ૪૦ જેટલા એટીએમ કાર્ડ, ચેકબુક,



પાસબુક, ૧૭ ફોન અને ૩૦ જેટલા સીમકાર્ડ મળી આવ્યા હતા. બાદમાં સમગ્ર મામલે તપાસ કરતા અહીં ગેરકાયદે ઓનલાઈન ગેમિંગ રમાડવાનું મોટું નેટવર્ક ચલાવતું હોવાનું તપાસમાં ખુલ્યું છે.

હાલ આ મામલે નારણપુરા પોલીસે ઓનલાઈન ગેમિંગ શંકાસ્પદ પ્રવૃત્તિને ધ્યાનમાં રાખી છેતરપિંડીનો ગુનો નોંધી પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. આ કેસમાં પોલીસે પકડેલા આરોપીની ઓળખ વિશાલ બાલોટિયા, સચીન બોકોલીયા, સોનુ બડાલીયા, મુન્નારામ નવલ અને છોટુરામ નવલ તરીકે થઈ છે. પકડાયેલ તમામ આરોપી મૂળ રાજસ્થાન અને માસ્ટર માઈન્ડ આરોપીઓમાં વિશાલ બાલોટિયા છે. જેઓ નારણપુરામાં ઘર ભાડે રાખીને રહેતા હોવાનું અને અહીં ગેરેજમાં કે અન્ય જગ્યાએ મજૂરી કામ કરવાની સાથે ગેરકાયદે ઓનલાઈન ગેમિંગ રમાડવા હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે.

વધુમાં તપાસમાં સામે આવ્યું છે કે, પકડાયેલા આ લોકો પ્રતિબંધિત રેડ્ડી અન્ના નામની ગેમિંગ એપ પર ઓનલાઈન ગેમ રમાડતા હતા. રેડ્ડી અન્ના નામની એપ્લિકેશનમાં તેઓ ક્રિકેટ, ફૂટબોલ જેવી ગેમ ઓનલાઈન રમાડવા માટે આઈડી બનાવી આપી નાણાં મેળવતા હતા. આ આઈડી ધારકો પાસેથી મેળવવામાં આવતા નાણાં વિવિધ મ્યૂલ એકાઉન્ટમાં જમા થતા હતા હોવાનું સામે આવ્યું છે.

# ટ્રેન-ખાનગી વાહનો મારફતે ગાંજો મંગાવી સુરતમાં વેચતી ઓડિશાની ગેંગ ઝડપાઈ

## વધુ એક વખત ડ્રગ્સના કાળા કારોબારનો પર્દાફાશ કરતી સુરત પોલીસ

સુરત,

સમગ્ર રાજ્ય અને શહેરમાં ડ્રગ્સના કાળા કારોબારનો અંત લાવા માટે સતત કર્યરત રહેતી ગુજરાત પોલીસે એક મોટો પર્દાફાશ કર્યો છે જેમાં, સુરતની સચીન પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે પારડી-કણદે વિસ્તારના અંબિકાનગરમાં આવેલા એક મકાન પર દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન ઘરમાંથી ગાંજાનો મોટો જથ્થો મળી આવ્યો છે. પોલીસે આ ગાંજાની સાથે તેને સપ્લાય કરતી મહિલા ગેંગને ઝડપી પાડી છે.

આ દરોડા દરમિયાન પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, આ મહિલાઓ મૂળ ઓડિશાના ગંજામ જિલ્લાના કબીસુર્યનગર તાલુકાની વતની છે. તેઓ ટ્રેન કે અન્ય ખાનગી વાહનો દ્વારા ઓડિશાથી ગાંજો સુરત મંગાવતી હતી. આ માટે તેઓએ મોટી સુટકેસોનો ઉપયોગ કર્યો હતો. સુરત આવ્યા બાદ, આ ગાંજાની નાની-નાની પડીકીઓ બનાવીને સચીન જીઆઈડીસી અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં મજૂર વર્ગને ઊંચા ભાવે વેચવામાં આવતો હતો.

સુરત પોલીસે આ દરોડામાં કુલ ૪૨.૦૨ કિલોગ્રામ ગાંજો કબજે કર્યો છે, જેની અંદાજિત કિંમત રૂપિયા ૨૧,૦૧,૦૦૦ આંકવામાં આવી રહી છે. પોલીસ દ્વારા પકડવામાં આવેલી ત્રણ મહિલા આરોપીઓમાં સીતા નરેશ સુરેન્દ્ર દલાઈ, સુકંતી રામા નાહક અને આરતી ક્રુપાસિંધુ લડુકિશોર બરાડનો સમાવેશ થાય છે.

પોલીસે ઘટનાસ્થળેથી,

# ગુજરાત પોલીસે છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૧૩,૬૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપી યુવાધનના હાથમાં જતા પણ અટકાવ્યું

## ૫ વર્ષમાં ૩,૭૦૦થી વધુ ગુના નોંધી નશાના કાળા કારોબાર સાથે જોડાયેલા કુલ ૫,૩૪૬ આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલ્યા

ગાંધીનગર,

આજે ૨૬મી જૂન એટલે કે 'આંતરરાષ્ટ્રીય ડ્રગ વિરોધી દિવસ'. સૌથી લાંબી દરિયાઈ સીમા ધરાવતા રાજ્ય ગુજરાતને ડ્રગ ફ્રી સ્ટેટ બનાવવા અને ડ્રગ્સના દૂષણને જડમૂળથી ઉખાડી ફેંકવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના સબળ અને આક્રમક નેતૃત્વ હેઠળ ગુજરાત પોલીસ સંકલ્પબદ્ધ છે. માફીયાઓના ડ્રગ્સની હેરાફેરી કરવા માટેના નીતનવા કાવતરાને આપણી ગુજરાત પોલીસ અને સુરક્ષા એજન્સી નિષ્ફળ કરી નાંખે




છે.

ગુજરાત પોલીસની આક્રમક કામગીરીના પરિણામે આજે ડ્રગ્સનો કારોબાર કરતા માફીયાઓ ગુજરાત માર્ગે અન્ય રાજ્યમાં પોતાનો માલ લઈ જતા પણ ધ્રુજી રહ્યા છે તેમ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી જણાવે છે. રાજ્યમાં નશાના કારોબારને ડામવામાં કરવામાં આવેલી છેલ્લા પાંચ વર્ષની વિગતો આપતા રાજ્યના પોલીસ વડા શ્રી જી. એસ. મલિકે જણાવ્યું હતું કે ગુજરાત સરકારે ડ્રગ્સ માફિયાઓ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ માત્ર કાગળ પર નહીં, પણ વાસ્તવિક ધરાતલ પર કડકાઈથી અમલી બનાવી છે. આ સમયગાળા દરમિયાન રાજ્યમાં ડ્રગ્સની હેરાફેરી અને વેપાર વિરુદ્ધ ૩,૭૦૦ થી વધુ કેસ નોંધીને નશાના કાળા કારોબાર સાથે જોડાયેલા ૫,૩૪૬ આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે.

# ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાં હેડ કોન્સ્ટેબલ રુ.૨૫ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો

ભરૂચ,

ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ એક સફળ ટ્રેપ ગોઠવી પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલને રૂ. ૨૫ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહી બાદ પોલીસ તંત્રમાં પણ ચર્ચાનો માહોલ સર્જાયો છે.

મળતી માહિતી મુજબ, ફરિયાદી એક વેપારી છે, જેમનું વેપાર સંબંધિત બેંક એકાઉન્ટ સાયબર ક્રાઈમ વિભાગ દ્વારા ફ્રીઝ કરવામાં આવ્યું હતું. એકાઉન્ટ અનફ્રીઝ કરાવવા માટે ભાડકોદ્રા પોલીસ ચોકી, અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ સુનીલભાઈ ઈશ્વરભાઈ પરમારે ફરિયાદીનો વારંવાર સંપર્ક કરી લાંચની માંગણી કરી હતી.

આરોપી હેડ કોન્સ્ટેબલે ફરિયાદીને રૂબરૂ મળી બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરાવવાની પ્રક્રિયા આગળ વધારવા બદલ રૂ. ૨૫ હજારની લાંચ માંગ્યાનો આક્ષેપ છે. ફરિયાદી લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે એસીબીના ટોલ ફ્રી નંબર ૧૦૬૪ પર સંપર્ક કરી સમગ્ર હકીકત જણાવી હતી. ફરિયાદ મળ્યા બાદ વડોદરા શહેર એસીબીની ટીમે પ્રાથમિક ચકાસણી હાથ ધરી હતી. તપાસ દરમિયાન ફરિયાદ સાચી હોવાનું સામે આવતા અધિકારીઓએ સુનિયોજિત રીતે ટ્રેપ ગોઠવ્યો હતો.

# અમદાવાદ-ઓખા વંદે ભારત એક્સપ્રેસના સમયપત્રક અને સંચાલન દિવસોમાં ફેરફાર

## હવે અઠવાડિયામાં ૬ દિવસ અમદાવાદથી દ્વારકા ટ્રેન ઉપડશે, વંદે ભારત ટ્રેનના સમય, રૂટ અને સ્ટેશનમાં કરાયો ફેરફાર

અમદાવાદ,

અમદાવાદ-ઓખા વંદે ભારત એક્સપ્રેસના રૂટ, સમયપત્રક અને સંચાલનના દિવસોમાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. નવા શેડ્યૂલ મુજબ પશ્ચિમ અમદાવાદના મુસાફરોને તેનો સીધો લાભ મળશે, કારણ કે ટ્રેનને આંબલી રોડ સ્ટેશન પર નવું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ નવા ફેરફારોથી દ્વારકાધીશના દર્શન માટે જતા ભાવિકો હવે એક દિવસમાં દર્શન કરીને પરત ફરી શકશે.

રેલવે બોર્ડ દ્વારા જાહેર કરાયેલા નવા નિર્ણય અનુસાર, ટ્રેન નંબર ૨૨૯૨૫ અને ૨૨૯૨૬ અમદાવાદ-ઓખા વંદે ભારત એક્સપ્રેસ હવે અમદાવાદના કાલુપુર સ્ટેશનના બદલે સાબરમતી જંક્શનથી સંચાલિત થશે. એટલે કે ટ્રેનનું પ્રસ્થાન અને આગમન બંને હવે સાબરમતી જંક્શનથી જ થશે. પહેલા યાત્રિકોને કાલુપુર જવુ પડતુ હતુ, પરંતુ હવે કાલુપુર સ્ટેશને જવાની જરૂર નહીં રહે.

નવી સમયસૂચિ મુજબ, સાબરમતી-ઓખા વંદે ભારત એક્સપ્રેસ સવારે ૬:૧૫ વાગ્યે રવાના થશે અને બપોરે ૧:૨૦ વાગ્યે ઓખા પહોંચશે. પરત ફરતી ટ્રેન ઓખાથી સાંજે ૪:૪૫ વાગ્યે નીકળશે અને રાત્રે ૧૧:૧૫ વાગ્યે સાબરમતી પહોંચશે.

આ ફેરફારનો સૌથી મોટો લાભ પશ્ચિમ અમદાવાદના રહેવાસીઓને મળશે. અત્યાર સુધી વંદે ભારત પકડવા માટે કાલુપુર જવું પડતું હતું, પરંતુ હવે ટ્રેન આંબલી રોડ સ્ટેશન પર પણ રોકાશે. ઉપરાંત સાણંદ ખાતે પણ સ્ટોપેજ રાખવામાં આવ્યું છે. બોપલ, ઘુમા, શીલજ, ઘાટલોડિયા અને સાણંદ વિસ્તારના મુસાફરો માટે આ નિર્ણય સમય અને મુસાફરીના ખર્ચ બંનેમાં રાહત લાવશે. હવે તેમને શહેરના મધ્યમાં આવેલા મુખ્ય સ્ટેશન સુધી જવાની જરૂર નહીં રહે.રેલવે બોર્ડે ટ્રેનના ઓપરેશન દિવસોમાં પણ ફેરફાર કર્યો છે. અગાઉ બંને દિશાની સેવાઓ અલગ-અલગ દિવસોએ બંધ રહેતી હતી.

# હરેન પંડ્યા હત્યા કેસમાં દોષિત અસગરની સજા માફી અરજી પર ગુજરાત હાઈકોર્ટનો રાજ્ય સરકારને ૬ મહિનામાં નિર્ણય લેવાનો આદેશ

## મોહમ્મદ અસગર અલી હાલ આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે

અમદાવાદ,

ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી હરેન પંડ્યાની હત્યા કેસમાં દોષિત ઠરાવવામાં આવેલા મોહમ્મદ અસગર અલીની સજા માફીની અરજીને લઈને ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે. હાઈકોર્ટે રાજ્ય સરકારને અરજદારની રજૂઆત પર કાયદા મુજબ વિચાર કરીને છ મહિનાની અંદર યોગ્ય નિર્ણય લેવા નિર્દેશ કર્યો છે.

મોહમ્મદ અસગર અલી હાલ આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે. તેણે રજૂઆત કરી હતી કે જેલમાં ૧૪ વર્ષથી વધુ સમય પસાર કર્યો છે અને જેલમાં તેનું વર્તન પણ સંતોષકારક રહ્યું છે. આ કારણોસર તેણે વહેલી મુક્તિ માટે સજા માફીનો લાભ આપવા સરકાર સમક્ષ અરજી કરી હતી. જોકે લાંબા સમય સુધી કોઈ નિર્ણય ન લેવાતા તેણે હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો.

હરેન પંડ્યાની હત્યા બાદ થયેલી તપાસમાં કેસ સીબીઆઈને સોંપવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન અન્ય અનેક આરોપીઓ સામે પણ આઈપીસી અને પીઓટીએ હેઠળ ગુના નોંધાયા હતા. આ કેસ સાથે વીએચપી કાર્યકર જગદીશ તિવારી પર થયેલા હુમલાનો કેસ પણ જોડાયો હતો અને બંને ઘટનાઓને એક જ ષડયંત્રનો ભાગ ગણાવી કાર્યવાહી કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૭માં સીબીઆઈ કોર્ટે અસગર અલી સહિત અનેક આરોપીઓને દોષિત ઠેરવી સજા ફટકારી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૧માં ગુજરાત હાઈકોર્ટે હત્યા કેસમાં આરોપીઓને રાહત આપી હતી, પરંતુ વર્ષ ૨૦૧૯માં સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટનો નિર્ણય રદ કરીને તમામ ૧૨ આરોપીઓને ફરી દોષિત ઠેરવ્યા હતા અને આજીવન કેદની સજા ભોગવવા આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો હતો.રાજ્ય સરકારે હાઈકોર્ટ સમક્ષ જણાવ્યું હતું કે અસગર અલીની સજા માફીની અરજી હાલમાં વિચારાધીન છે અને એડવાઈઝરી કમિટીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સંબંધિત સત્તાધિકારી સમક્ષ અંતિમ નિર્ણય માટે રજૂ કરવામાં આવશે.

# ખેડૂત જ દેશનો સાચો હિરો", હકાભા ગઢવી બાદ હવે દેવ પગલી પણ ખેડૂતોના સમર્થનમાં

## ખેડૂત માત્ર ખેતરમાં પાક ઉગાડતો વ્યક્તિ નથી, પરંતુ સમગ્ર સમાજના જીવનને ચલાવતો આધારસ્તંભ છે

અમદાવાદ,

ખેડૂતો મુદ્દે લોકસાહિત્યકાર હકાભા ગઢવી બાદ હવે રોકસ્ટાર દેવપગલી પણ ખેડૂતોના સમર્થનમાં આવ્યા છે. ગુજરાતમાં ખેડૂતોના પ્રશ્નોને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે હવે લોકગાયક દેવ પગલીએ પણ ખુલ્લેઆમ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે,, ખેડૂતોના હિતમાં અવાજ ઉઠાવનાર કલાકાર હકાભા ગઢવીનો પ્રયાસ પ્રશંસાને પાત્ર છે અને તેઓ વ્યક્તિગત રીતે ખેડૂતોની સાથે ઉભા છે.દેવ પગલીએ પોતાના નિવેદનમાં કહ્યું કે, તેઓ ખેડૂત પરિવારમાંથી આવે છે અને તેથી ખેડૂતની મહેનત, સંઘર્ષ અને જીવનને ખૂબ નજીકથી સમજે છે. તેમના મતે ખેડૂત માત્ર ખેતરમાં પાક ઉગાડતો વ્યક્તિ નથી, પરંતુ સમગ્ર સમાજના જીવનને ચલાવતો



આધારસ્તંભ છે. દેશના દરેક ઘરમાં પહોંચતું અનાજ ખેડૂતની સતત મહેનત અને ત્યાગનું પરિણામ છે. તેમણે ખેડૂતોના દૈનિક જીવનની વાત કરતાં કહ્યું કે, ગરમી, ઠંડી કે વરસાદ જેવી પરિસ્થિતિઓની ચિંતા કર્યા વગર ખેડૂત ખેતરમાં દિવસ-રાત મહેનત કરે છે. ઘણીવાર પોતાની સુખ-સુવિધા કરતાં ખેતી અને ઉત્પાદનને પ્રાથમિકતા આપતા ખેડૂતોને સમાજ અને સરકાર બંને તરફથી યોગ્ય સહયોગ અને ન્યાય મળવો જરૂરી છે. દેવ પગલીએ સરકારને પણ સંવેદનશીલ અભિગમ અપનાવી ખેડૂતોની સમસ્યાઓને ગંભીરતાથી સાંભળવા અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે જો ખેડૂત આર્થિક અને સામાજિક રીતે મજબૂત બનશે તો તેનો સીધો લાભ સમગ્ર દેશને મળશે. અંતમાં તેમણે લોકોને પણ સંદેશ આપ્યો કે, ખેડૂતો માટે સકારાત્મક રીતે અવાજ ઉઠાવનારાઓને સમર્થન આપવું જોઈએ અને ખેડૂતના યોગદાનને યોગ્ય માન-સન્માન આપવું જોઈએ. તેમના શબ્દોમાં, દેશની પ્રગતિ અને સુખાકારીનો આધાર ખેડૂતના પરિશ્રમ પર ટકેલો છે અને એક ખેડૂત ખરેખર સમાજનો સાચો હિરો છે.

# રાજકોટ ખાતે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની રાજ્યસ્તરીય પ્રાંત કારોબારી બેઠકનું આયોજન

રાજકોટ:અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત વિદ્યાલય શિક્ષા દ્વારા આગામી તા. ૨૭ અને ૨૮ જૂન, ૨૦૨૬ ના રોજ સેવા ભારતી, અમૂલ સર્કલ, રાજકોટ ખાતે રાજ્યસ્તરીય કોષાધ્યક્ષ કાર્યશાળા તથા પ્રાંત કારોબારી બેઠક નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ આયોજનનું વિશેષ મહત્વ એ છે કે તેમાં મહાસંઘના અખિલ ભારતીય સ્તરના વરિષ્ઠ પદાધિકારીઓ, પ્રાંતના આગેવાનો અને સમગ્ર રાજ્યના વિવિધ જિલ્લાઓનાં જિલ્લા સ્તરના પદાધિકારીઓ સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાંથી ૪૦૦થી વધુ જવાબદાર કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન અને ચર્ચા-વિચારણા કરશે.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ જિ રાજકોટ કોષાધ્યક્ષ શ્રી ઉમેશભાઈ પેથાણી ના જણાવ્યા મુજબ આ કાર્યશાળાનો મુખ્ય હેતુ સંગઠનના કોષાધ્યક્ષોને વહીવટી ચોકસાઈ, નાણાકીય શિસ્ત, પારદર્શિતા અને જવાબદારીપૂર્ણ વ્યવસ્થાપન અંગે તાલીમ અને માર્ગદર્શન આપવાનો છે. સંગઠનના વિવિધ સ્તરે થતા નાણાકીય વ્યવહારો વધુ સુવ્યવસ્થિત, પારદર્શક અને વિશ્વસનીય બને તે માટે વિશેષ સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ જિ રાજકોટ ના સંગઠન મંત્રી શ્રી રામલાલભાઈ શિંગાળા સાહેબના જણાવ્યા મુજબ સાથે સાથે યોજાનારી પ્રાંત કારોબારી બેઠક માં સંગઠનના વિવિધ વિભાગોના અહેવાલોની સમીક્ષા, ચાલુ શૈક્ષણિક પરિસ્થિતિ, શિક્ષકોના પ્રશ્નો અને આગામી કાર્યયોજનાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. ખાસ કરીન TET પરીક્ષા સંબંધિત મુદ્દાઓ, શિક્ષક હિતના પ્રશ્નો, ભરતી પ્રક્રિયા, શિક્ષણની ગુણવત્તા, શિક્ષણ નીતિ અને શિક્ષક સમાજને અસર કરતા વિવિધ પ્રશ્નો અંગે આગામી રણનીતિ નક્કી કરવામાં આવશે.

આ બેઠકમાં રાજ્યભરના જિલ્લાઓમાંથી પ્રાપ્ત થયેલા સૂચનો અને પ્રશ્નોને ધ્યાને રાખીને શિક્ષક હિતમાં સંગઠનની આગામી દિશા અને કાર્યક્રમો અંગે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવશે. શિક્ષક સમાજના પ્રશ્નોના ઉકેલ માટે સંગઠન વધુ અસરકારક રીતે કાર્ય કરી શકે તે માટે સંગઠનાત્મક મજબૂતી, કાર્યવિસ્તાર અને કાર્યપદ્ધતિ અંગે પણ ચર્ચા થશે.

# મ્યુનિ. કોર્પોરેશનના જનરલ બોર્ડમાં પ્રથમ વખત કલાકો સુધી ચર્ચાઓ ચાલી : કોંગ્રેસે પેટા પ્રશ્નો રજૂ કરતા અધ્યક્ષે ટપાર્યા

## કરોડોના પ્લોટની હાલની સ્થિતિ અંગે ઈન્ચાર્જ ટીપીઓ જવાબ આપી ન શકયા : કેતન પટેલના અમુક પ્રશ્ન "આઉટ ઓફ કોર્સ" ગણાવ્યા!

રાજકોટ: મહાપાલિકામાં નવી ચૂંટાયેલી બોડીની પ્રથમ સભામાં પદાધિકારીઓની નિમણુંક બાદ આજે પ્રશ્નોત્તરી સાથેની પ્રથમ સામાન્ય સભામાં પગારદાર અધિકારીઓ કેટલી જવાબદારીથી પોતાની ફરજ નિભાવે છે તે શાસક પક્ષના કોર્પોરેટરના સવાલના જવાબમાં જ સાબિત થઇ ગયું હતું.વોર્ડ નં.૧૪ના સીનીયર નગરસેવક કેતન પટેલે ટીપી વિભાગના પ્લોટમાં દબાણો, ડાર્ક ઝોન સહિતની માહિતી માંગતા ઈન્ચાર્જ ટીપીઓ પરમાર તેનો જવાબ આપી શકયા ન હતા. આ તમામ માહિતી વિભાગ પાસે છે પરંતુ એક બે દિવસ બાદ લેખિતમાં આપશે તેવું કહેતા મેયર નેહલ શુકલ અને કમિશ્નર તુષાર સુમેરાની હાજરીમાં ભાજપ અને કોંગ્રેસના ઘણા સભ્યો નારાજ થયા હતા. પ્રજાની માલિકીની કરોડોની કિંમતના પ્લોટની હાલત શું છે તે પણ વિભાગ કહી શકતો ન હોય, કઇ રીતે ફરજ બજાવે છે તેવો સવાલ સીધી ચર્ચામાં ઉઠી ગયો હતો.

પ્રથમ ક્રમે કેતન પટેલે ટાઉન પ્લાનિંગ અને આવાસ યોજના વિભાગના સવાલ મુકયા હતા. ટીપી શાખા દ્વારા ગેરકાયદે બાંધકામોને આપવામાં આવતી નોટીસો, તેમાં કરવામાં આવતી કાર્યવાહી, કરાયેલા ડિમોલીશન સહિતની માહિતી તો કાયમ માટે લગભગ તૈયાર જ રહે છે.દર સપ્તાહે તેનો રિપોર્ટ બનાવવામાં આવે છે. તે રજુ કરતા તેમાં કોઇ નવી વિગત સભ્યને જાણવા મળી ન હતી પરંતુ ટીપીના પ્લોટની રખેવાળી કેવી રીતે થાય છે તે સૌને દેખાઇ ગયું હતું. આજે વર્ષો બાદ જનરલ બોર્ડ મોડે સુધી ચાલ્યું છે અને તમામ સભ્યોને ખુલ્લી ચર્ચાની તક મળી હતી.

સભ્યના સવાલનો કમિશ્નર વતી ઇન્ચાર્જ ટીપીઓ પરમારે જવાબ આપ્યો હતો. તેમણે એવું કહ્યું હતું કે રાજકોટમાં કોર્પો.ની



માલિકીના અને જુદા જુદા હેતુના પ્લોટનો પુરો રેકોર્ડ વિભાગ પાસે છે પરંતુ કેટલા પ્લોટમાં દબાણ છે, ખુલ્લા છે, ઉપયોગ થયેલો છે, કાનુની વિવાદ, ટીપી ફાઇનલ સહિતની તમામ માહિતી સભ્યને એક-બે દિવસમાં લેખિતમાં આપવામાં આવશે.હાલ આવી માહિતી હાથ પર નથી. ખરેખર તો આઠ દિવસ અગાઉ પ્રશ્ન પુછાઇ ગયો હોય તેની અને તેના સહિતની પેટા પ્રશ્નોની માહિતી અધિકારીના હાથમાં જ હોય છે. પરંતુ આ માહિતી બોર્ડમાં ન આપતા કોંગ્રેસના સભ્યો પણ ચર્ચામાં જોડાયા હતા અને અધિકારીઓને આડેહાથ લીધા હતા. જોકે તેમનો વારો આવે ત્યારે બોલવાની સૂચના સભાઅધ્યક્ષે આપી હતી. કેતન પટેલે બોરને લાગુ પડતા ડાર્કઝોનનો સવાલ કરતા અધિકારીઓને આ પ્રશ્ન 'આઉટ ઓફ કોર્સ' લાગ્યો હતો! તો સોલાર પેનલ મુકવા માટે સ્ટેબીલીટી સર્ટીફીકેટ અને મિલ્કતો ઉપર ઉભા કરાતા ડોમ વાવાઝોડામાં ઉડે તો શું અને કોની જવાબદારી તેવો સવાલ કેતન પટેલે પુછતા અધિકારીઓ અંદરોઅંદર ચર્ચા કરવા લાગ્યા હતા.

વધુમાં તેમણે આવાસ યોજના વિભાગની માહિતી માંગી હતી. આવાસોને આપવામાં આવતી નોટીસ કોની સાઇનથી આપવામાં આવે છે અને આ વ્યવસ્થા કયા નિયમો હેઠળ દાખલ કરવામાં આવી તેવો સવાલ પુછતા હવે અધિકારીઓ તેની તપાસમાં લાગ્યા છે. જોકે મુખ્ય પ્રશ્ન હેઠળ માત્ર ત્રણ પેટા પ્રશ્ન પૂછી શકાતા હોય, સભ્યો વધુ ચર્ચા કરી શકયા ન હતા અને વચ્ચે કૂદતા કોંગ્રેસના સભ્યોએ કકળાટ પણ ચાલુ રાખ્યો હતો.બીજા ક્રમે સંજય ચાવડાએ ગાર્ડન સ્ટાફ, સુપરવાઇઝર, તેની મુલકાત, પગલા સહિતની વિગતો પૂછી હતી. તો જયોત્સનાબેન ટીલાળાએ પાણી, પાઇપલાઇન, બાકી પેચવર્કના પ્રશ્નની ચર્ચા કરી હતી. અડધાથી વધુ કોર્પોરેટરોએ પાણી વિતરણને લગતી માહિતી બોર્ડમાં માંગી હતી.

આ સિવાયના ભાજપના સદસ્યોએ ભુગર્ભ ગટરની ફરિયાદો, જેટીંગ મશીનની જરૂરીયાત, સૌથી મોટા વોર્ડ નં.૧૧માં હાઇરાઇઝ બિલ્ડીંગમાં પાણી વિતરણમાં અસમાનતા, લોકોને તકલીફ, બેજવાબદારી બદલ વિજીલન્સ તપાસ, આર્થિક પ્રલોભનમાં વિતરણ વ્યવસ્થા ખોરવનારા સામે પગલા લેવાની માંગણી કરી છે.

વોર્ડ નં.૧૩માં ટપુ ભવાન, અંબાજી કડવા પ્લોટ, ગીતાનગરમાં પાણીના ધીમા ફોર્સ, આંબેડકરનગર અને ખોડિયારનગરમાં ડીઆઇ પાઇપલાઇનની જરૂર, માલવીયા ફાટક પાસે અંડરબ્રીજના આયોજનની વિગતો માંગવામાં આવી છે. તો કોંગ્રેસે હાલ રોકવામાં આવેલા પ્રોજેકટની માહિતી માંગી હતી.

# સરકારી કોટક સાયન્સ કોલેજના પાંચ બિલ્ડીંગો ભયજનક જાહેર

## કેમેસ્ટ્રીનું બિલ્ડીગનું હજુ ત્રણ વર્ષ પહેલા જ રીનોવેશન કરાયુ હતું : વિદ્યાર્થીઓની હાલત કફોડી

રાજકોટ: શહેરના ધર્મેન્દ્રસિંહ કોલેજ કેમ્પસમાં કાર્યરત સરકારી કોટક સાયન્સ કોલેજના કેમેસ્ટ્રી બિલ્ડીગ ઉપરાંત નાનજી કાલીદાસ વ્યાયામ શાળા, રેકટર બંગલો તેમજ સ્ટોરરૂમ એમ પાંચ બિલ્ડીંગો ભયજનક જાહેર કરી દેવામાં આવેલ છે. કોટક સાયન્સ કોલેજનું કેમેસ્ટ્રી વિભાગનું બિલ્ડીગ કે જે વર્ષ ૧૯૪૭માં નિર્માણ કરવામાં આવેલ હતું. જે જર્જરીત સ્થિતિમાં ફેરવાતા કેમેસ્ટ્રીના ૧૦૨ વિદ્યાર્થીઓને હાલ ડી.એચ. કોલેજ કેમ્પસમાં આવેલ જુની સોઈલ ટેસ્ટીંગ લેબમાં અભ્યાસ અર્થે બેસાડવામાં આવી રહ્યા છે. આ કેમેસ્ટ્રીના બિલ્ડીગનું હજુ ત્રણ વર્ષ પૂર્વે જ રીનોવેશન કરવામાં આવેલ હતું. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે કોટક સાયન્સ કોલેજ કાર્યરત થયાને વર્ષોના વહાણા વિતી ગયા છે છતા રાજ્ય સરકાર દ્વારા હજુ નવા બિલ્ડીગનું નિર્માણ ન કરી અપાતા વિદ્યાર્થીઓ ભારે હેરાન પરેશાન થઈ રહ્યા છે.

આ સરકારી કોલેજના ભયજનક બિલ્ડીંગોને આગામી સમયમાં તોડી પાડવામાં આવશે. આ અંગે




એચ એન્ડ એચ.બી.કોટક ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ આર. સી.વીરડીયાએ જણાવ્યું હતું કે, આ કોલેજ ૧૯૩૬ માં ડી. એચ. કોલેજ તરીકે હતી. જે બાદ ૧૦-૦૬-૧૯૬૩ માં એચ એન્ડ એચ.બી.કોટક સાયન્સ કોલેજ તરીકે સ્થાપના થઈ. વર્ષ ૧૯૪૭ માં કોટક કોલેજનું કેમેસ્ટ્રીનું બિલ્ડીગ બન્યું. જે જૂનું સ્ટ્રક્ચર હોવાથી સુરત આરએનઆઈટી દ્વારા આ બિલ્ડીંગ ને ભયજનક જાહેર કરવામાં આવ્યું છે. જેને આધારે અમે હાલ શિફ્ટિંગ કરી રહ્યા છીએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ કોલેજમાં હાલ ૭૧૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.અગાઉ વર્ષ ૨૦૨૩ માં કેમેસ્ટ્રીના બિલ્ડીગનું રીનોવેશન કરવામાં આવ્યું હતું. પરંતુ ત્યારબાદ સ્ટ્રક્ચર સ્ટેબિલિટી રિપોર્ટમાં બિલ્ડીગ ભયજનક હોવાનું જાહેર થતા હવે અહીં રહેલો લેબોરેટરી સહિતનો તમામ સામાન શિફ્ટ કરવામાં આવી રહ્યો છે. પી.જી.સેન્ટરમાં ચાર રૂમ છે જ્યાં ૪ કેમેસ્ટ્રી લેબને શિફ્ટ કરવામાં આવી છે. જ્યારે ત્યાંના સ્ટાફને ડી.એચ.કોલેજના એક રૂમમાં શિફ્ટિંગ કરવામાં આવ્યું છે.

જ્યારે મેથ્સ, સ્ટેટ અને અંગ્રેજીના સ્ટાફ રૂમનું હાલના ફિઝિક્સ ડિપાર્ટમેન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યું છે. કેમેસ્ટ્રીમાં ૧૦૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તે તમામ વિદ્યાર્થીઓને શિફ્ટ કરવામાં આવ્યા છે. બોટની અને ઝૂલોજીના વિદ્યાર્થીઓ એડમીન બિલ્ડિંગમાં બેસે છે. જોકે એડમિન બિલ્ડિંગની બાજુમાં બીજું બિલ્ડીગ રૂ.૧૦.૩૬ કરોડના ખર્ચે તૈયાર થઈ રહ્યું છે જે ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં તૈયાર થઈ જશે. તેમ પણ તેઓએ જણાવ્યું છે.

# જેતપુર તાલુકાના ઔદ્યોગિક વિસ્તારોમાં ચાઈલ્ડ લેબર ટાસ્ક ફોર્સની રેડ:૨૪ બાળ શ્રમિકો મુક્ત કરાયા

## ત્રણ એકમોના માલિકો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી અને બે એફ.આઈ.આર. દાખલ કરાઈ

રાજકોટ:રાજકોટ જિલ્લા ચાઈલ્ડ લેબર ટાસ્ક ફોર્સ ટીમ દ્વારા જેતપુર તાલુકાના વિવિધ ઔદ્યોગિક વિસ્તારોમાં દરોડા પાડવામાં આવ્યા હતા. આ સફળ રેડ દરમિયાન જુદી જુદી જગ્યાએથી કુલ ૨૪ બાળ શ્રમિકો તથા એક તરુણ શ્રમિકને શ્રમકાર્યમાંથી મુક્ત કરાવવામાં આવ્યા છે. બાળ મજૂરી કરાવતા ત્રણ એકમોના માલિકો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને કુલ બે એફ.આઈ.આર. દાખલ કરવામાં આવી છે.

આ સઘન ચેકિંગ ઓપરેશનમાં શ્રમ વિભાગના ડૉ. ડી. આર. કાનાણી, એ.એચ.ટી.યુ. યુનિટના પી.આઈ. શ્રી એન. એ. શુક્લા, ફેક્ટરી ઓફિસર અને બાળ સુરક્ષા એકમ વગેરે જેવા વિવિધ વિભાગોના અધિકારીઓ તથા કર્મચારીઓ જોડાયા હતા.

આ ટીમો દ્વારા જેતપુરના ઔદ્યોગિક એકમોમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન જેતપુરમાં આવેલી 'જય ગણેશ ફોલ્ડિંગ' નામની સંસ્થામાંથી ૦૮ બાળ શ્રમયોગીઓ મળી આવ્યા હતા. જ્યારે સાવન કુમાર જયસ્વાલ નામના આસામીના એકમમાંથી સૌથી વધુ ૧૬ બાળ શ્રમયોગીઓ મજૂરી કરતા મળી આવ્યા હતા. આ ઉપરાંત 'આર.બી. ફોલ્ડિંગ' નામની સંસ્થામાંથી એક તરુણ શ્રમયોગી મળી આવ્યો હતો.

જિલ્લા ચાઈલ્ડ લેબર ટાસ્ક ફોર્સ ટીમે આ તમામ બાળકોને મુક્ત કરાવીને એકમોના માલિકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# શંકાસ્પદ બનાવ: શાપરમાં મહિલાના વેશમાં પુરૂષની કોહવાયેલ લાશ મળી

## મૃતક ગે હોય શકે, હત્યા થયાની પણ શંકા ,મૃતદેહનું ફોરેન્સિક પીએમ કરાયું

રાજકોટ:શાપરમાં મહિલાના વેશમાં પુરૂષની કોહવાયેલ લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. શંકાસ્પદ બનાવ જણાતા મૃતદેહનું ફોરેન્સિક પીએમ કરાયું હતું. પીએમ બાદ પ્રાથમિક તબક્કે પણ મોતનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. જેથી હવે ફોરેન્સિક રિપોર્ટની રાહ જોવાની રહેશે. હાલ ઓળખ કરવી હાલ મુશ્કેલ છે. સાવ બ્લાઈન્ડ કેસની ઊંડાણપૂર્વકની તપાસ થઈ રહીં છે.આ અંગે મળતી માહિતી અનુસાર, ગઈકાલે સાંજે શાપરની મસ્કત ફાટક પાસે કોઈ મહિલાનો કોહવાયેલ હાલતમાં મૃતદેહ પડ્યો હોવાની પોલીસને જાણ થતા શાપર પોલીસના પીઆઇ આર. બી. રાણા, પી.એસ.આઇ. જેઠવા અને તેમના રાઈટર પ્રતિપાલસિંહ રાણા સહિતના દોડી ગયા હતા. ઘટના સ્થળે જઈને પોલીસે જોતા રેલવે ટ્રેકની બાજુમાં અવાવરું ખુલ્લી જગ્યામાં મૃતદેહ પડ્યો હતો. મૃતદેહ સાવ કોહવાઈ ગયો હતો. મૃતદેહ જોતા મૃતકે જીન્સ ટીશર્ટ પહેર્યા હતા.

પગમાં સાંકળા હતા, લાંબા વાળ હતા. લાશ સાવ ડીકંપોઝ હતી. પાંચેક દિવસ પહેલા મૃત્યુ થયું હોય તેવું અનુમાન હતું. સ્થળ પર પ્રાથમિક રીતે ૩૦થી ૩૫ વર્ષની મહિલા હોવાનું જણાયું હતું. કોહવાયેલ મૃતદેહની ઓળખ કરવી મુશ્કેલ હોય, ફોરેન્સિક પીએમ માટે મૃતદેહ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પીએમ રૂમે કપડાં હટાવી તપાસ કરાતા મૃતક સ્ત્રી નહીં પણ પુરુષ હોવાનું ખુલ્યું હતું.

મૃતકની ઉંમર આશરે ૩૦થી ૩૫ વર્ષની હશે. શાપર પોલીસ મથકના પીઆઈ આર. બી. રાણાએ જણાવ્યું કે, મૃતદેહ સાવ કોહવાયેલ હાલતમાં મળ્યો છે. ઓળખ થઈ શકે તેવો કોઈ પુરાવો નથી. પહેરેલ કપડાં, સાંકળા, લાંબા વાળ એવા પુરાવા પર અમે ઓળખ કરવા પ્રયત્નશીલ છીએ. પીએમ થયું જેમાં કોઈ કટ કે એ પ્રકારના નિશાન મળ્યાં નથી. જેથી હાલ મૃત્યુનું સ્પષ્ટ - ચોક્કસ કારણ પણ પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું નથી. પીએમ રિપોર્ટ આવ્યા બાદ આ વધુ સ્પષ્ટતા થશે. હાલ અમારી ટીમો આસપાસના સીસીટીવી તપાસી રહીં છે. હાલ પોલીસે મોત અંગે નોંધ કરી છે. હવે ક્યાં કારણોસર તેનું મૃત્યુ થયું છે તે પીએમ રિપોર્ટ આવ્યા બાદ ખુલશે. હાલ પોલીસે મૃતકની ઓળખ કરવા તજવીજ કરી હતી. મૃતક વ્યંઢળ હશે? કે પછી અન્ય કોઈ કારણોસર તેણે આવા લેડીઝનો વેશ ધારણ કર્યો હશે? કે પછી કોઈએ આવો વેશ ધારણ કરાવ્યો હશે? બનાવ રહસ્યથી ભરેલો હોય પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી દીધી છે.

સૂત્રોએ જણાવ્યા મુજબ, જે સ્થિતિમાં મૃતદેહ મળ્યો છે તેમાં મૃતક ગે હોવાની શક્યતા છે. ત્યારે અવાવરું જગ્યાએ ભેગા થયા હોય અને મૃતકને સમલૈંગીક સંબંધ માટે દબાણ કરાયું હોય અને તાબે ન થતા બોથડ પદાર્થ ઝીકી હત્યા થઈ હોવાની પણ આશંકા સેવાઈ રહી છે. પણ હાલ પોલીસ બ્લાઈન્ડ કેસમાં પુરાવા એકત્ર કરવા કાર્યરત છે.

# કોંગ્રેસ કાજુકતરી લઈને કોર્પો.એ આવી : બોર્ડમાં તડાફડી, મીઠાઈના ખર્ચ સામે વિરોધ





## મહિલા ગાર્ડ સાથે ઝપાઝપી, જનરલ બોર્ડમાં ચર્ચામાં કૂદાવતા મેયરે ક્રમમાં બોલવા ચેતવણી આપી

રાજકોટ:મ્યુનિ. કોર્પોરેશનની આજની સામાન્ય સભા પૂર્વે જંગલેશ્ર્વર ડિમોલીશન વખતે મનપા અને કોર્પો.ના સ્ટાફે કરેલા નાસ્તા-ભોજન ખર્ચના ૨૭ લાખના પેન્ડીગ બીલના વિરોધમાં કોંગ્રેસે આશ્ર્ચર્યજનક કાર્યક્રમ આપ્યો હતો. વિપક્ષી સભ્યો કાજુકતરીનું બોકસ લાવ્યા હતા અને અધિકારીઓને ખવડાવવા જાહેરાત કરી હતી. જોકે તેમને બોકસ સાથે બોર્ડમાં જવા દેવામાં આવ્યા ન હતા.

કોંગ્રેસના મકબુલ દાઉદાણી, દિપ્તીબેન સોલંકી સહિતના સભ્યો આજે જમણવારના ખર્ચના વિરોધમાં રોષ વ્યકત કરતા પહોંચ્યા હતા. સંવેદનશીલ કાર્યવાહી વખતે મીઠાઇ ખાવા માંગતા અધિકારીઓને મીઠાઇ આપવાની જાહેરાત કરી હતી અને તંત્રને ઝાટકયું હતું. અધિકારીઓ અને પદાધિકારીઓ પર આક્ષેપ કર્યા હતા અને વિરોધ પ્રદર્શન કર્યુ હતું.

આ બાદ જનરલ બોર્ડમાં કોંગી સભ્યોએ ચર્ચા વચ્ચે ભાગ લીધો હતો. ટીપી શાખાની ચર્ચામાં અધિકારીઓ ઉપર ભ્રષ્ટાચાર સહિતના આક્ષેપો કર્યા હતા. એક તબકકે મહિલા સભ્યો ઉગ્ર બનતા અને ચર્ચામાં ખલેલ પાડતા મેયર નેહલ શુકલએ અનેક વખત વિક્ષેપ ન પાડવા અને તેમનો વારો આવે ત્યારે ચર્ચા કરવા સૂચના આપી હતી. આમ છતાં લાંબી ચર્ચા થતા અંતે મેયરે ચેતવણી આપીને કોંગી સભ્યોને બોર્ડ બહાર લઇ જવા માર્શલ ટીમને સૂચના આપી હતી.

મહિલા સુરક્ષા સ્ટાફે કોંગ્રેસના મહિલા કોર્પોરેટરોને ખુરશી પરથી ખેંચીને ઉભા કરવા પ્રયાસ કર્યો હતો. પરંતુ મહિલા સભ્યોએ દાદ આપી ન હતી. બાદમાં અન્ય કોર્પોરેટરોએ હવે બહેનો શાંતિથી બેસશે તેવી મેયરને ખાતરી આપતા બોર્ડ આગળ ચાલ્યું હતું. એકંદરે કોંગ્રેસે આજે મીઠાઈનો મુદ્દો ચગાવવા પ્રયાસ કર્યો હતો.

# સોલિડ વેસ્ટ મેને. શાખાએ ૨૫ કિલોથી વધુ પ્રતિબંધીત પ્લાસ્ટિક જપ્ત કર્યું

## ૭૨-વેપારીઓ પાસેથી રૂા.૫૦,૫૦૦નો વહીવટી ચાર્જ વસુલ્યો

રાજકોટ: રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા શહેરને "પ્લાસ્ટિક મુક્ત અને સ્વચ્છ"બનાવવા માટે તથા પર્યાવરણ અને જાહેર આરોગ્યને નુકસાન કરતા પ્રતિબંધિત સિંગલ-યુઝ પ્લાસ્ટિકના વપરાશ, વેચાણ અને સંગ્રહ સામે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ટીમો દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત તથા ગંદકી કરતા આસામી સામે દંડની કાર્યવાહી કરવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ



(એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૨૨/૦૬ અને ૨૩/૦૬ના રોજ ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક વપરાશ તથા વેચાણ અને ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી.જેમાં તા. ૨૨/૦૬ અને ૨૩/૦૬ ના રોજ ત્રણેય ઝોનમાંથી ૧૫.૪ કિગ્રા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી કુલ ૭૨ આસામીઓ પાસેથી રૂ ૫૦,૫૦૦ /-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

# પીપળીયા અને નોંધાણચોરાની પંચાયતના રેકર્ડની તપાસ કરતા કલેક્ટર

રાજકોટ:રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશ દ્વારા વહીવટી પારદર્શિતા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ સુદ્રઢ બનાવવાના ઉદ્દેશ સાથે ગોંડલ અને કોટડા સાંગાણીની સરકારી કચેરીઓની આકસ્મિક મુલાકાત લઇ ચકાસણી કરી હતી.



જેમાં ગોંડલ તાલુકાના પીપળીયા અને નોંધણચોરા ગામે ગ્રામ પંચાયતના રેકર્ડની તપાસણી કરી હતી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી યોજનાઓનું અમલીકરણ અને મહેસુલી કામગીરી બરાબર થાય તે અંગે માર્ગદર્શન પુરું પાડ્યું હતું.તેની સાથોસાથ કલેક્ટર ડો. ઓમપ્રકાશએ તેમના આ પ્રવાસ દરમિયાન ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી અને કર્મચારીઓની કામગીરીનું પણ નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત કલેક્ટર ડો. ઓમપ્રકાશએ કોટડા સાંગાણી તાલુકાના નોંધણચોરા ગામની પણ આકસ્મિક મુલાકાત લીધી હતી. આ બંને તાલુકાના ગ્રામીણ વિસ્તારના નાગરિકોને સરકારી યોજનાઓના લાભાલાભ તેમજ સરકારી સેવાઓ સમયસર અને સરળતાથી મળી રહે તે માટે કામગીરી કરવા તેઓએ સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓને તાકિદ કરી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

# રાજસ્થાનમાં ચોમાસાના વિલંબ અને ગરમીના કહેરથી તળાવો પર ભીડ....



ફ્રાઈડે ફોટો સ્ટોરી

જયદીપ એ. દવે.

સામાન્ય રીતે અપૂરતા વરસાદ માટે જાણીતા રાજસ્થાનમાં વર્ષ ૨૦૨ ૩થી વર્ષ ૨૦૨૫ એમ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ચોમાસુ અસાધારણ રીતે સારું રહી લોકોને ચોંકાવ્યા હતા. જોકે આ વર્ષે અહીં હજુ ચોમાસું પ્રકિયા સક્રિય થઈ નથી. પાલી, અજમેર,ઉદેપુર, રામદેવરા અને જયપુર સહિતના અનેક શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીથી હટતો નથી. જોકે વાદળો બંધાય છે પણ વરસાદનું નામોનિશાન નથી. ત્યારે સ્થાનિક અને પ્રવાસી લોકોની ભીડ મોટે ભાગે તળાવો પર વધુ જોવા મળે છે. ત્યારે તસ્વીરમાં અજમેરના રામપ્રસાદ ઘાટ પર અને જયપુર ખાતે ગરમીથી બચવા આવેલા લોકો દ્રશ્યમાન થાય છે.

## સૌરાષ્ટ્ર આસપાસ

# અમેરિકાના ઇતિહાસના નિષ્ફળ રેસીડેન્ટ

અમેરિકન સેનેટમાં પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની નામોશી ભરી હાર થઈ હતી. તેમની લોકપ્રિયતાનો ગ્રાફ સૌથી નીચલા સ્તરે પહોંચી ચૂક્યો હતો. અમેરિકન પ્રજામાં સૌથી વધુ ઓળખામણાં પ્રમુખ તરીકે તેઓ જાહેર થયા હતા. તેની રીતિ નીતિ થી અમેરિકન પ્રજાથી માંડી વિશ્વના અન્ય દેશોમાં પણ ભારે અણગમો ઉભો થયો છે.અમેરિકાના રાજકીય ઇતિહાસમાં અનેક રાષ્ટ્રપતિઓએ લોકપ્રિયતાના ઉતાર-ચઢાવનો સામનો કર્યો છે, પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન જોવા મળેલો લોકપ્રિયતાનો ઘટાડો અસાધારણ ગણાય છે. સત્તાના માત્ર પંદર મહિનામાં જ તેમની લોકપ્રિયતા નો દર લગભગ ૪૦ ટકાની આસપાસ પહોંચી ગયો છે, જે આધુનિક અમેરિકન રાજકારણમાં અત્યંત ચિંતાજનક માનવામાં આવે છે. સૌથી નોંધપાત્ર બાબત એ છે કે આ ઘટાડો માત્ર વિરોધી મતદારો પૂરતો મર્યાદિત નથી રહ્યો, પરંતુ તેમના પરંપરાગત સમર્થકોમાં પણ અસંતોષ વધ્યો છે.ટેક્સાસ જેવા રિપબ્લિકન ગઢોમાં પણ ટ્રમ્પ પ્રત્યેની અસ્વીકૃતિ વધતી જોવા મળી રહી છે. તેમના સમર્થકોમાં પણ અગાઉની સરખામણીએ વિશ્વાસ ઓછો થયો છે. રાજકીય વિશ્લેષકોના મતે આ સ્થિતિનું મુખ્ય કારણ ટ્રમ્પની નેતૃત્વ શૈલી છે, જેમાં આત્મવિશ્વાસ ઘણી વખત આત્મવંચનામાં ફેરવાઈ જાય છે. બદલાતી પરિસ્થિતિઓને સ્વીકારવાની અને પોતાની નીતિઓનું પુનર્મૂલ્યાંકન કરવાની જગ્યાએ તેઓ સતત પોતાની જ દિશામાં આગળ વધતા રહ્યા છે.તેમના કેટલાક જાહેર નિવેદનો પણ સામાન્ય અમેરિકનોને અણગમતા લાગ્યા છે. ખાસ કરીને મોંઘવારી, ઇંધણના વધતા ભાવ અને ઘરગથ્થુ ખર્ચ અંગેની ચિંતાઓ વચ્ચે આપવામાં આવેલા નિવેદનોને કારણે એવી છાપ ઊભી થઈ કે રાષ્ટ્રપતિ સામાન્ય નાગરિકોની મુશ્કેલીઓથી દૂર કરી શકતા નથી . પરિણામે, જનમાનસમાં તેમની છબી એક લોકપ્રિય નેતા કરતાં સત્તા જાળવવામાં વધુ રસ ધરાવતા રાજકારણી તરીકે વિકસતી ગઈ છે.રાજકીય નિરીક્ષકોનું માનવું છે કે ટ્રમ્પની સૌથી મોટી સમસ્યા એ છે કે તેઓ પોતાની રાજકીય સફળતાને સમગ્ર દેશના સમર્થન તરીકે જોતા રહ્યા, જ્યારે વાસ્તવમાં અમેરિકન સમાજ વધુ વિભાજિત બનતો ગયો હતો. આ પરિસ્થિતિએ તેમની પાર્ટી માટે પણ પડકારો ઊભા કર્યા છે, કારણ કે મધ્યમવર્ગીય અને સ્વતંત્ર મતદારોનો એક મોટો વર્ગ હવે તેમની નીતિઓ પ્રત્યે શંકા વ્યક્ત કરી રહ્યો છે.ટ્રમ્પે પોતાના રાજકીય અભિયાન દરમિયાન અમેરિકન અર્થતંત્રને વધુ મજબૂત બનાવવાના અનેક વચનો આપ્યા હતા, પરંતુ બીજા કાર્યકાળ દરમિયાન અમલમાં આવેલી કેટલીક નીતિઓએ વિપરીત પરિણામો આપ્યા હોવાનું અનેક અર્થશાસ્ત્રીઓનું માનવું છે. ઊંચા ટેરિફ, સ્થળાંતર અંગેના કડક નિર્ણયો, સંઘીય ખર્ચમાં કપાત અને આંતરરાષ્ટ્રીય તણાવના કારણે અમેરિકન અર્થતંત્ર પર વધારાનો બોજ પડ્યો છે.વેપાર ક્ષેત્રમાં અપનાવવામાં આવેલી આક્રમક નીતિઓના કારણે આયાતી માલસામાન મોંઘો બન્યો, જેના સીધા પ્રભાવ રૂપે ફુગાવામાં વધારો નોંધાયો. ઊર્જાના વધતા ભાવ અને પુરવઠા સંબંધિત અનિશ્ચિતતાઓએ પણ ગ્રાહકોની મુશ્કેલીઓમાં વધારો કર્યો.

# ‘આત્મકલ્યાણના માર્ગે અડગ રહેવું પડે’

**વિશેષ**

કઠોપનિષદ્માં શ્રેય અને પ્રેય વિષેના અંતરતી એક કથા આવે છે. વાજશ્રવા નામના ઋષિએ સ્વર્ગ મેળવવાની ઈચ્છાથી વિશ્વજિત (સર્વમેઘ) નામનો યજ્ઞા કર્યો. આ યજ્ઞામાં તેમણે પોતાનું ધન અને ગાયો ઋષિઓને દાન કરી. વાજશ્રવાના પુત્રનું નામ નચિકેતા હતું. તેણે જોયું કે પિતાજી દાન આપવામાં પણ સારા ખોટાની ગણત્રી કરતા હતા. જે ગાયો દાન આપતા હતા તે નિર્બળ, અશક્ત અને કશા કામની નહોતી. આવા દાનથી શ્રેષ્ઠ ફળ નહિ મળે એ વિચારથી તે મૂંઝાયો. તેણે પિતાજીને પૂછયું.' આમ ગણત્રીપૂર્વક નબળી ગાયોનું દાન કરવાથી યજ્ઞાનું યોગ્ય ફળ નહિ મળે. દાન તો શ્રેષ્ઠ વસ્તુનું જ થાય- ચાહે તે ગાય હોય કે ધન ! પિતાજી હું પણ તમારૃં ધન છું ને- પુત્રધન ! જો તમે મને દાન કરવાના હો તો કયા ઋત્વિજને દાન કરશો ?' પિતાએ વિચાર્યું વડીલ સામે આવી ઉપદેશાત્મક વાતો કરવી નચિકેતાને શોભતી નથી. છતાં તે મૌન રહ્યા. નચિકેતા ફરી એ જ પ્રશ્ન પૂછતો રહ્યો. (તત કસ્મૈ માં દાસ્યમીતિ- તમે મને કોને દાન કરશો )' હવે પિતાજીને ગુસ્સો આવ્યો, એટલે તેમણે કહી દીધું,' (મૃત્યવે ત્વા દદાનીતિ) હું તને યમરાજને-મૃત્યુને-સોંપી દઈશ. વાતાવરણમાં ભારેખમ મૌન છવાઈ ગયું. બે પળ પિતા-પુત્ર એકબીજાને અનિમેષ જોતા રહ્યા. નચિકેતા ગંભીર થઈ ગયો. તે પિતાના ચરણસ્પર્શ કરી ચાલી નીકળ્યો. તે ખરેખર યમરાજના ઘરે પહોંચી ગયો. દ્વાર બંધ હતા. તે ત્રણ દિવસ ભૂખ્યો તરસ્યો આંગણામાં રાહ જોતાં બેસી રહ્યો. યમરાજ આવ્યા. નચિકેતાને જોયો. પોતાના આંગણે ત્રણ દિવસ ભૂખ્યા બેઠેલા નચિકેતાને જોઈ અતિથિ ધર્મનું પાલન બરાબર ના થયું કહેવાય એમ સમજી નચિકેતાને ત્રણ વરદાન માંગવા કહ્યું. નચિકેતાએ પહેલું વરદાન પિતાજી માટે બીજું વરદાન અગ્નિવિદ્યા માટે માંગી ત્રીજા વરદાનમાં આત્મવિદ્યા માંગી. આત્મવિદ્યા પચાવવી કઠિન હોય છે. એટલે યમરાજે તેને સુખ સગવડવાળા સાંસારિક, વિલાસી જીવન માટે ઘણી લાલચ આપી. પણ તે વિચલિત ના થયો. છેવટે યમરાજે તેને આત્મવિદ્યા આપી. કઠોપનિષદના પ્રથમ અધ્યાયની બીજી વલ્લીના શરૂઆતની બે કંડિકા આત્મકલ્યાણનો સાધક માટે અસરકારક છે. (૧) અન્યચ્છ્રેયોન્યદુતૈવ પ્રેયસ્તે... (૨) શ્રેયશ્ચ પ્રેયશ્ચ મનુષ્યમેતસ્તૌ...એનો અર્થ એ છે કે શ્રેય આત્મવિદ્યા છે અને પ્રેય સંસાર સાધનની અવિદ્યા છે. શ્રેય અને પ્રેયમાંથી કોઈ એકની પસંદગી કરવા માણસ સ્વતંત્ર છે. પુખ્ત સમજણવાળો શ્રેય પસંદ કરી આત્મકલ્યાણ માર્ગે જાય છે. જ્યારે વિલાસી માણસ પ્રેય પસંદ કરી શરીરાદિક વૃધ્ધિની રક્ષણ માટે ઐહિકસુખનો માર્ગ પસંદ કરે છે.માણસ પાસે જીવનના બે રસ્તા છે. એક શ્રેય માર્ગ, બીજો પ્રેય માર્ગ. શ્રેય એટલે શુભ, હિત, કલ્યાણ, યશ, પુણ્ય, સારાશ કે મોક્ષદાયક અને પ્રેય એટલે ઐહિક, સાંસારિક, દુન્યવી, પાર્થિવ સુખ. પણ માણસનું મન વિચિત્ર છે. તેને સુખ-સગવડવાળું વિલાસી જીવન જીવવું છે અને સાથે સાથે આત્માનું કલ્યાણ પણ કરવું છે જો કે એમ બનતું નથી. કબીર સાહેબે કહ્યું છે (ચીંટી ચાવલ લે ચલી બીચ મેં મિલ ગઈ દાલ, કહત કબીર દો ના મિલે, ઈક લે દુજી ડાલ) એક કીડી મોંમાં ચોખાનો દાણો લઈને જતી હતી. રસ્તામાં તેને દાળનો દાણો મળ્યો. કીડીને એ પણ લેવાની ઈચ્છા થઈ. પણ મોંમાં ચોખાનો દાણો પહેલેથી હતો પછી દાળનો દાણો કેવી રીતે લેવાય ? દાળ લેવા જાય તો ચોખાનો દાણો છોડવો પડે એટલે કબીર કહે છે. ગમે તે એક જ મળે-બન્ને નહિ ! કાં તો શ્રેય કાં તો પ્રેય. કાં તો મુક્તિ કાં તો સંસાર.'મને માનવયોનિમાં જન્મ કેમ મળ્યો છે?' એનો સાચો જવાબ જેને મળી જાય તે દેહ કરતાં આત્માની વધુ સંભાળ રાખતો થઈ જાય છે. બિધાનચન્દ્રનો જન્મ એક સંસ્કારી કુટુંબમાં થયો હતો.

# એઆઈ દ્વારા ગૂગલે ધરતી કંપની ચેતવણી આપી હતી!!!

**આસપાસ ચોપાસ** — સુરેશ ભટ્ટ

કુદરતી આફત સામે માનવી વામણો છે આમ છતાં આધુનિક ટેકનોલોજી દ્વારા પૂર્વ ચેતવણી મળતા લાખો લોકોના જીવ બચી શકે છે. એ આમાં મહત્વનો ભાગ ભજવે છે. જાપાનમાં નવની તીવ્રતા નો ધરતીકં આવે તો પણ બિલ્ડીંગ પડતા નથી તેનું કારણ વિકાસ છે. આ ટકાઉ વિકાસ છે.તાજેતરમાં દક્ષિણ અમેરિકાના વેનેઝુએલામાં આવેલા ભયાનક ભૂકંપે ફરી એક વખત સાબિત કર્યું છે કે કુદરત જ્યારે રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે ત્યારે માનવજાતની તમામ તકનીકી સિદ્ધિઓ ક્ષણવારમાં બિનઅસરકારક બની જાય છે. અનેક મકાનો ધરાશાયી થયા, માર્ગો તૂટી પડ્યા, વીજળી અને સંચાર વ્યવસ્થા ખોરવાઈ ગઈ અને હજારો પરિવારો બેઘર બન્યા. આવા દરેક ભૂકંપ પછી વિશ્વભરમાં એક જ પ્રશ્ન ઉદ્ભવે છે કે શું માત્ર ભૂકંપની તીવ્રતા જ જાનહાનિ માટે જવાબદાર હોય છે? તેનો જવાબ સ્પષ્ટપણે 'ના' છે. દુનિયામાં એવા દેશો પણ છે જ્યાં વેનેઝુએલા કરતાં વધુ તીવ્ર ભૂકંપ આવે છે, છતાં માનવહાનિ અત્યંત ઓછી રહે છે. તેનું શ્રેષ્ઠ ઉદાહરણ જાપાન છે.

આપત્તિ સામે જાપાનની વૈજ્ઞાનિક તૈયારી જેવી તેવી નથી.જાપાન પૃથ્વીના સૌથી વધુ ભૂકંપગ્રસ્ત દેશોમાંનો એક છે. ત્યાં દર વર્ષે હજારો નાના-મોટા ભૂકંપ નોંધાય છે અને ઘણી વખત સાતથી નવ રિક્ટર સુધીના શક્તિશાળી આંચકા પણ અનુભવાય છે. છતાં મોટા ભાગે જાનહાનિ મર્યાદિત રહે છે. તેનું મુખ્ય કારણ ભૂકંપને રોકવાની ક્ષમતા નહીં, પરંતુ તેની સામે કરવામાં આવેલી દાયકાઓની વૈજ્ઞાનિક તૈયારી છે.

જાપાનમાં ઈમારતો માટે અત્યંત કડક ભૂકંપ પ્રતિરોધક બાંધકામ ધોરણો અમલમાં છે. ઊંચી ઈમારતોમાં વિશેષ શોક એબ્ઝોર્બર, સ્ટીલના લવચીક માળખાં અને બેઝ આઈસોલેશન જેવી આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ થાય છે. પરિણામે ભૂકંપના આંચકા ઈમારતોને સીધું નુકસાન પહોંચાડતા નથી.

જાપાનની બીજી મોટી શક્તિ તેની અદ્યતન પૂર્વચેતવણી પ્રણાલી છે. ભૂકંપના પ્રાથમિક તરંગો નોંધાતા જ સેકન્ડોમાં સમગ્ર દેશમાં મોબાઈલ ફોન, ટેલિવિઝન, રેડિયો અને જાહેર એલાર્મ દ્વારા ચેતવણી પહોંચી જાય છે. આ થોડાક સેકન્ડ પણ લાખો લોકોને સુરક્ષિત સ્થળે પહોંચવામાં મદદરૂપ બને છે. સાથે જ હાઈસ્પીડ ટ્રેનો આપોઆપ અટકી જાય છે, ગેસ અને વીજળીના મુખ્ય પુરવઠા બંધ થઈ જાય છે અને ઔદ્યોગિક એકમોમાં આપમેળે સલામતી પ્રક્રિયાઓ શરૂ થઈ જાય છે.

જાપાનમાં ભૂકંપ અંગેનું શિક્ષણ બાળપણથી જ આપવામાં આવે છે. આપણા બાળકોને મોગલ બાદશાહોની સાત પેઢીનો ઈતિહાસ શીખવાડવામાં આવે છે જે અર્થહીન છે તેને બદલે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ના પાઠ શીખવાડવામાં આવે તો જાનહાની ઘટી શકે. ભયાનક ધરતીકંમાં જાપાનના લોકોએ કેવી રીતે પોતાનો બચાવ કર્યો તેનો ઈતિહાસ શીખવાડવામાં આવે તો ઘણી મોટી જાનહાની અટકી શકે.

શાળાઓ, કચેરીઓ, હોસ્પિટલો અને જાહેર સંસ્થાઓમાં નિયમિત મોક ડ્રિલ યોજાય છે. સામાન્ય નાગરિકને પણ ખબર હોય છે કે ભૂકંપ સમયે ક્યાં ઊભા રહેવું, શું કરવું અને શું ન કરવું. આ જાગૃતિ જાનહાનિ ઘટાડવામાં અત્યંત અસરકારક સાબિત થાય છે.

ભારત સહિત વિશ્વ માટે શીખવાનો સમય છે.

વેનેઝુએલાની દુર્ઘટના માત્ર એક દેશની આપત્તિ નથી; તે સમગ્ર વિશ્વ માટે ચેતવણી છે. કુદરતી આપત્તિઓને અટકાવવી માનવશક્તિની બહાર છે, પરંતુ તેમની અસર ઘટાડવી સંપૂર્ણપણે આપણા હાથમાં છે. ખાસ કરીને ભૂકંપપ્રવણ વિસ્તારોમાં બિનઆયોજિત શહેરીકરણ, નબળું બાંધકામ અને સલામતીના નિયમોની અવગણના વિનાશને અનેકગણો વધારી દે છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ એટલે શું? એ મોટાભાગના લોકો જાણતા નથી જાણે છે તેમ તેનો અમલ કેમ કરવો તેની સમજ પડતી નથી.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ (આપત્તિ વ્યવસ્થાપન) એટલે કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિઓના જોખમને ઘટાડવા, જાનમાલનું રક્ષણ કરવા અને આપત્તિ પછી સામાન્ય જનજીવનને ઝડપથી પુનઃસ્થાપિત કરવા માટે કરવામાં આવતી વૈજ્ઞાનિક, સુનિયોજિત અને સંકલિત પ્રક્રિયા. તેનો હેતુ માત્ર આપત્તિ સમયે રાહત અને બચાવ કાર્ય પૂરતો મર્યાદિત નથી, પરંતુ આપત્તિ પહેલાં તેની અસર ઓછી થાય તે માટે પૂર્વ તૈયારી કરવી, લોકોમાં જાગૃતિ લાવવી અને લાંબા ગાળાના સુરક્ષિત વિકાસને પ્રોત્સાહન આપવું પણ છે. શિશુવિહારના હરેશભાઈ ભટ્ટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગે પ્રેક્ટીકલ પુસ્તક લખ્યું છે જેનો હિન્દી અનુવાદ પણ થયો છે ગુજરાતી ને હિન્દીમાં આ એક પહેલું પ્રકાશન છે જેનો પ્રેક્ટીકલ અનુભવ લોકોને કરાવવામાં આવે તો જાનહાની ઘણી ઘટી શકે. હરેશભાઈએ ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં ૨૮,૦૦૦ લોકોને આનું પ્રશિક્ષણ આપ્યું છે અને ખૂબ મોટું કામ કર્યું છે. જેનો હજુ વધારો વિસ્તાર થવો જોઈએ. આ પુસ્તકમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં ભૂકંપ, પૂર, ચક્રવાત, સુનામી, દુષ્કાળ, અતિવૃષ્ટિ, વાવાઝોડાં, ભૂસ્ખલન, વીજળી પડવી, જંગલમાં લાગતી આગ, ગરમી અને શીત લહેર જેવી કુદરતી આપત્તિઓનો સમાવેશ થાય છે. તે ઉપરાંત ઔદ્યોગિક અકસ્માતો, રાસાયણિક અને ગેસ લીકેજ, આગ, પરમાણુ દુર્ઘટનાઓ, માર્ગ-રેલવે-હવાઈ અકસ્માતો, ઈમારતો ધરાશાયી થવી, મહામારીઓ, જેવી આફતો સમયે બચાવને રાહતની કામગીરી કેમ કરવી તે અંગે વિસ્તારથી ચિત્રો સહિત સમજાવવામાં આવ્યું છે. આ પુસ્તકની હવે પછીની આવૃત્તિમાં સાયબર હુમલાઓ અને આતંકવાદી હુમલાઓ જેવી માનવસર્જિત આપત્તિઓ અને જાપાન સ્ટાઈલના બિલ્ડીગ બનાવવા અંગે સામાન્ય સમજ આપવામાં આવશે આ ઉપરાંત ધરતીકંપ સુનામીની પૂર્વ ચેતવણી દ્વારા કેવી રીતે આપવામાં આવે છે તે પણ આ નવી આવૃત્તિમાં સમાવેશ કરવામાં આવશે. આ વસ્તુ પણ ડિઝાસ્ટર મેનેજમેન્ટના કાર્યક્ષેત્રમાં આવે છે.

આપત્તિ વ્યવસ્થાપનના મુખ્ય ચાર તબક્કા છે. પ્રથમ તબક્કો જોખમ ઘટાડવા અને નિવારણનો છે, જેમાં સલામત બાંધકામ, પર્યાવરણનું સંરક્ષણ, નદીઓનું યોગ્ય સંચાલન અને સલામતીના નિયમોનો અમલ કરવામાં આવે છે. બીજો તબક્કો તૈયારીનો છે, જેમાં પૂર્વચેતવણી પ્રણાલી, મોક ડ્રિલ, તાલીમ, બચાવ સાધનો, દવાઓ, ખોરાક અને તાત્કાલિક સંચાર વ્યવસ્થા તૈયાર રાખવામાં આવે છે. ત્રીજો તબક્કો પ્રતિભાવનો છે, જેમાં બચાવ કામગીરી, આરોગ્ય સેવા, રાહત સામગ્રી, આશ્રયસ્થાનો અને જરૂરી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. ચોથો તબક્કો પુનઃસ્થાપન અને પુનઃનિર્માણનો છે, જેમાં નુકસાનગ્રસ્ત વિસ્તારોનું પુનર્નિર્માણ, જીવનનિર્વાહના સાધનોની પુનઃવ્યવસ્થા અને આર્થિક-સામાજિક પુનર્વસન કરવામાં આવે છે.

આધુનિક સમયમાં ઉપગ્રહો, હવામાન આગાહી, ભૂકંપ મોનિટરિંગ સિસ્ટમ, ડ્રોન, કૃત્રિમ બુદ્ધિમત્તા (ૈંછ), ભૌગોલિક માહિતી પ્રણાલી (ય્ૈંજી) અને ઝડપી સંચાર વ્યવસ્થાનો ઉપયોગ કરીને આપત્તિ વ્યવસ્થાપન વધુ અસરકારક બન્યું છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ માત્ર સરકારની જવાબદારી નથી. તેમાં સરકાર, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ, પોલીસ, અગ્નિશામક દળ, આરોગ્ય વિભાગ, સશસ્ત્ર દળો, સ્વયંસેવક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને સામાન્ય નાગરિકો સૌની સક્રિય ભાગીદારી જરૂરી છે. યોગ્ય આયોજન, વૈજ્ઞાનિક અભિગમ અને લોકજાગૃતિ દ્વારા આપત્તિના વિનાશને ઘણો ઓછો કરી શકાય છે. તેથી ડિઝાસ્ટર મેનેજમેન્ટસુરક્ષિત, સજ્જ અને આપત્તિ-પ્રતિરોધક સમાજના નિર્માણ માટેનું અત્યંત મહત્વપૂર્ણ સાધન છે.

ભારતના હિમાલય વિસ્તાર, ઉત્તર-પૂર્વીય રાજ્યો, ગુજરાતનો કચ્છ વિસ્તાર અને અન્ય કેટલાક પ્રદેશો ભૂકંપ માટે સંવેદનશીલ ગણાય છે. ૨૦૦૧નો કચ્છનો વિનાશક ભૂકંપ આજે પણ યાદ અપાવે છે કે નબળા બાંધકામ અને તૈયારીના અભાવે કેટલી મોટી જાનહાનિ થઈ શકે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં ભૂકંપ પ્રતિરોધક બાંધકામ, પૂર્વચેતવણી અને આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે પ્રગતિ થઈ છે, પરંતુ હજુ પણ ગામડાં અને નાના શહેરોમાં સલામતીના ધોરણોનું કડક પાલન થતું નથી.

આજે જરૂરી છે કે દરેક નવા મકાનનું બાંધકામ વૈજ્ઞાનિક ધોરણો મુજબ થાય, જૂની જોખમી ઈમારતોનું મજબૂતીકરણ કરવામાં આવે, શાળાઓમાં આપત્તિ શિક્ષણ ફરજિયાત બને અને દરેક શહેરમાં નિયમિત બચાવ અભ્યાસ યોજાય. સરકાર, સ્થાનિક તંત્ર, ઈજનેરો, આર્કિટેક્ટ્સ અને સામાન્ય નાગરિકો—બધાની સંયુક્ત જવાબદારીથી જ આ શક્ય બનશે.

વેનેઝુએલાનો ભૂકંપ ફરી યાદ અપાવે છે કે પ્રકૃતિને પડકારવું અશક્ય છે, પરંતુ તેની સામે સજ્જ થવું સંપૂર્ણ શક્ય છે. જાપાને આ વાતને કાર્યરત કરીને વિશ્વ સમક્ષ દાખલો પૂરું પાડ્યો છે. હવે પ્રશ્ન એ નથી કે આગામી ભૂકંપ ક્યારે આવશે; પ્રશ્ન એ છે કે તે આવે ત્યારે આપણે કેટલા તૈયાર હોઈશું. જે દેશો તૈયારીને પ્રાથમિકતા આપે છે ત્યાં ભૂકંપ માત્ર કુદરતી ઘટના બની રહે છે, જ્યારે બેદરકારી ધરાવતા દેશોમાં તે માનવસર્જિત દુર્ઘટનામાં પરિવર્તિત થઈ જાય છે. તેથી વિકાસનો સાચો અર્થ માત્ર ઊંચી ઈમારતો ઊભી કરવામાં નથી, પરંતુ એવી સુરક્ષિત વ્યવસ્થા ઊભી કરવામાં છે કે જ્યાં માનવજીવન સર્વોચ્ચ મૂલ્ય ધરાવે.

**ગુગલની એન્ડ્રોઈડ સિસ્ટમની એક્સેલેરોમીટર દ્વારા ધરતીકંપની ચેતવણી આપવામાં આવી હતી દક્ષિણ અમેરિકામાં વેનેઝુએલાના ભયાનક ધરતીકંપ થયો છે. . ગુગલ એલર્ટ દ્વારા આ ધરતી કંપની ચેતવણી આપવામાં આવી હતી લાખો લોકોના ગુગલ એકાઉન્ટમાં ચેતવણી આવી હતી જેમાં કેટલી તીવ્રતાનો ધરતીકંપ થશે તે પણ કહેવામાં આવ્યું હતું આથી લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. એ આઈ ટેકનોલોજીનો આ એક સૌથી મોટો ફાયદો જગતને જાણવા મળ્યો છે.**



# વર્લ્ડ કપ વિજેતા સંદીપ પાટિલ મુંબઈ ટીમમાં જોડાયા : માર્ગદર્શક તરીકેની ભૂમિકા નિભાવશે




મુંબઇ,
ભારતે ૧૯૮૩ માં પહેલીવાર વનડે વર્લ્ડ કપ જીતીને દુનિયાને આશ્ચર્યચકિત કરી દીધી હતી. સંદીપ પાટિલ આ વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમના મુખ્ય સભ્ય હતા અને લાંબા સમય પછી મુંબઈ ક્રિકેટમાં પાછા ફર્યા છે. સંદીપ પાટિલ લગભગ એક દાયકા પછી મુંબઈ ક્રિકેટમાં ફરી જોવા મળશે. મુંબઈ ક્રિકેટ એસોસિએશનએ આગામી સ્થાનિક સિઝન માટે ૧૯૮૩ ના વર્લ્ડ કપ વિજેતા પાટિલને સિનિયર અને વય જૂથની પુરુષોની ટીમો માટે ટીમ મેન્ટર તરીકે નિયુક્ત કર્યા છે.એમસીએના પ્રમુખ અજિંક્ય નાઈકે ૨૩ જૂને પાટિલની નિમણૂકની પુષ્ટિ કરી હતી. મુંબઈના સૌથી સફળ ક્રિકેટરોમાંના એક તરીકે, તેમને સ્થાનિક સિઝનની તૈયારી અને આગામી પેઢીને માર્ગદર્શન આપવાની જવાબદારી સોંપવામાં આવી છે.

પાટિલ માટે, આ એક પ્રકારનું ઘર વાપસી છે. મુંબઈના ભૂતપૂર્વ કેપ્ટન સંદીપ પાટીલે છેલ્લે ૨૦૧૬ માં ક્રિકેટ વહીવટમાં સક્રિય ભૂમિકા ભજવી હતી, જ્યારે તેમણે ભારતીય ટીમના મુખ્ય પસંદગીકાર તરીકે ચાર વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યા પછી પસંદગી સમિતિના અધ્યક્ષ તરીકે પદ છોડ્યું હતું. પાટીલે ઓક્ટોબર ૨૦૨૨ માં એસોસિએશનની પ્રમુખપદની ચૂંટણી લડી હતી, પરંતુ સ્વર્ગસ્થ અમોલ કાલે સામે નજીકની હરીફાઈમાં હારી ગયા હતા. આ હારથી મુંબઈ ક્રિકેટમાંથી તેમનું વિદાય થયું.પાટિલની પ્રતિષ્ઠા તેમના આક્રમક રમત સુધી મર્યાદિત નથી, જેણે ભારતના ૧૯૮૩ ના વર્લ્ડ કપ વિજયમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ૧૯૮૬માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી વહેલા નિવૃત્તિ લીધા પછી, તેમણે કોચ અને વહીવટકર્તા તરીકે અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું. તેમણે ૧૯૯૬માં થોડા સમય માટે ભારતના મુખ્ય કોચ તરીકે સેવા આપી હતી અને ઈન્ડિયા એ કોચ તરીકે પણ ખૂબ જ સફળ રહ્યા હતા. તેમણે યુવા મહેન્દ્ર સિંહ ધોની સહિત ક્રિકેટરોની એક પેઢીને ઉછેરવામાં મદદ કરી હતી.

૨૦૦૩ના વર્લ્ડ કપમાં કેન્યાને સેમિફાઇનલમાં પહોંચાડીને પાટિલને આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર પ્રશંસા મળી હતી. ત્યારબાદ તેમણે બેંગલુરુમાં રાષ્ટ્રીય ક્રિકેટ એકેડેમીનો હવાલો સંભાળ્યો અને ૨૦૧૨ થી ૨૦૧૬ સુધી રાષ્ટ્રીય પસંદગી સમિતિના અધ્યક્ષ તરીકે સેવા આપી. માર્ગદર્શક તરીકેની તેમની ભૂમિકામાં, પાટિલ મુંબઈની સિનિયર અને સગીર વયની ટીમો સાથે કામ કરશે. તેઓ આ સ્થાનિક ક્રિકેટ દિગ્ગજ સાથે પોતાનો સમૃદ્ધ અનુભવ શેર કરશે, જે ૨૦૨૫-૨૬ સીઝનમાં કોઈપણ ટ્રોફી જીતવામાં નિષ્ફળ રહ્યા પછી ટાઇટલ-વિજેતા ફોર્મ પાછું મેળવવા માંગે છે.

# એલએસજીએ કેરળના ભૂતપૂર્વ ખેલાડી જી. જયકુમારને નવા બેટિંગ કોચ તરીકે નિયુક્ત કર્યા




લખનૌ,
ઇન્ડિયન પ્રીમિયર લીગની ૧૯મી સીઝન હજુ પૂરી પણ થઈ નથી, પરંતુ આગામી સીઝનને લઈને પહેલાથી જ ઉથલપાથલ ચાલી રહી છે. લખનૌ સુપર જાયન્ટ્સ, જેની સીઝન એક દુ:સ્વપ્નથી ઓછી સાબિત થઈ હતી, તેણે કુલદીપ યાદવને દિલ્હી કેપિટલ્સ સાથે ખેલાડીઓના વેપાર સોદામાં હસ્તગત કર્યો, ઋષભ પંતને તેમની સાથે ટ્રેડ કર્યો. લખનૌ સુપર જાયન્ટ્સના આ પગલાની ચર્ચા ઘણા સમય પહેલા શરૂ થઈ ગઈ હતી, અને થોડા દિવસ પહેલા જ સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. વધુમાં, એલએસજી તેના કોચિંગ સ્ટાફમાં પણ કેટલાક ફેરફારો કરી રહ્યું છે, જેમાં એક નવા બેટિંગ કોચની નિમણૂક કરવામાં આવી રહી છે.

આઈપીએલ ૨૦૨૬ માં લખનૌ સુપર જાયન્ટ્સના ખરાબ પ્રદર્શનનું સૌથી મોટું કારણ બેટ્સમેનોનું ઘણી મેચોમાં અપેક્ષા મુજબ પ્રદર્શન કરવામાં અસમર્થતા હતી. હવે, ક્રિકબઝના અહેવાલ મુજબ, એલએસજીએ કેરળના ભૂતપૂર્વ ખેલાડી જી. જયકુમારને આઈપીએલ ૨૦૨૭ માટે ટીમના નવા બેટિંગ કોચ તરીકે નિયુક્ત કર્યા છે. જી. જયકુમારે કુલ ૩૨ સ્થાનિક મેચ રમી છે, જેમાં ૨૫ ફર્સ્ટ-ક્લાસ મેચ અને ૮ લિસ્ટ એ મેચનો સમાવેશ થાય છે. જી. જયકુમાર એક ઓલરાઉન્ડર હતા, જેમણે ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ૧૨૨ રન બનાવ્યા હતા અને ૫૩ વિકેટ લીધી હતી.

# બેન સ્ટોક્સે નાઈટ ક્લબ ઘટના પર પોતાની ભૂલ સ્વીકારી સાથી ખેલાડીઓની માફી માંગી

નવીદિલ્હી,
ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે આખરે નાઈટક્લબ ઘટના પર પોતાનું મૌન તોડ્યું છે, જેના કારણે તેમને માત્ર બીજી ટેસ્ટ જ નહીં પરંતુ ટીમના વાતાવરણ પર પણ અસર પડી હતી. ન્યુઝીલેન્ડ સામેની બીજી ટેસ્ટ ચૂકી ગયા પછી, સ્ટોક્સે સ્વીકાર્યું કે કેપ્ટન તરીકે પાછા ફર્યા પછી તેમનું પહેલું કાર્ય તેમના સાથી ખેલાડીઓની માફી માંગવાનું હતું.




લોર્ડ્સ ટેસ્ટ પછી બેન સ્ટોક્સ અને ગુસ એટકિન્સનને ટીમ કર્ફ્યુનું ઉલ્લંઘન કરવા બદલ બીજી ટેસ્ટમાંથી બહાર કરવામાં આવ્યા હતા. જો રૂટે સ્ટોક્સની ગેરહાજરીમાં કેપ્ટનશીપ સંભાળી હતી, પરંતુ ઓવલ ખાતે ઈંગ્લેન્ડને ૨૫૩ રનની ભારે હારનો સામનો કરવો પડ્યો હતો. આ હાર સાથે, ન્યુઝીલેન્ડે શ્રેણી ૧-૧ થી બરાબર કરી દીધી.

ટ્રેન્ટ બ્રિજ ખાતે નિર્ણાયક ટેસ્ટ પહેલા એક પ્રેસ કોન્ફરન્સમાં, સ્ટોક્સે સ્વીકાર્યું કે તેની ભૂલની અસર ફક્ત તેના પર જ નહીં પરંતુ આખી ટીમ પર પડી. સ્ટોક્સે કહ્યું, "ચોક્કસ. કેપ્ટન તરીકે મારે જે પહેલી બાબતો કરવાની હતી તેમાંની એક હતી. જો તમે પરિસ્થિતિ જુઓ, તો તેની અસર ફક્ત તેના પર જ નહોતી પડી. તેની અસર જો રૂટ, ટીમ અને રમતના વાતાવરણની બહારના લોકો પર પણ પડી. અલબત્ત, તેની અસર ડેબ્યૂ કરી રહેલા ખેલાડીઓ પર પણ પડી. આ પ્રસંગ તેમના માટે એકદમ ખાસ હોવો જોઈએ." જો તે આ વાત સ્વીકારે નહીં અને સંબોધિત ન કરે, તો તે મૂર્ખતા અને ભોળપણ હશે.

સ્ટોક્સે સ્વીકાર્યું કે કેપ્ટન બનવું એટલે ફક્ત જીત દરમિયાન ટીમનું નેતૃત્વ કરવું નહીં, પણ મુશ્કેલ સમયમાં જવાબદારી લેવી પણ. તેમણે કહ્યું કે તેમણે બધા પ્રભાવિત લોકો સાથે રૂબરૂ વાત કરી અને માફી માંગી. સ્ટોક્સે કહ્યું કે જ્યારે બધું બરાબર ચાલી રહ્યું હોય છે, ત્યારે સારું લાગે છે, પરંતુ તમારે વસ્તુઓની જવાબદારી લેવી જ જોઈએ.

# ભારત સામેની મોટી મેચ પહેલા ઓસ્ટ્રેલિયાને મોટી રાહત : ફોબી લિચફિલ્ડની વાપસી લગભગ નિશ્ચિત

લોર્ડ્સ,
આઈસીસી મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના હાઈ-વોલ્ટેજ મુકાબલા પહેલા, ઓસ્ટ્રેલિયન ટીમ માટે મહત્વપૂર્ણ સારા સમાચાર છે. ટીમની યુવા સ્ટાર બેટ્સમેન ફોબી લિચફિલ્ડ ઈજામાંથી સ્વસ્થ થઈ ગઈ છે અને ૨૮ જૂન, રવિવારના રોજ લોર્ડ્સ ખાતે ભારત સામેની મહત્વપૂર્ણ મેચ માટે વાપસી કરશે તે લગભગ નિશ્ચિત છે.ઓસ્ટ્રેલિયાના મુખ્ય કોચ શેલી નિત્શ્કે પુષ્ટિ આપી છે કે લિચફિલ્ડ ઝડપથી ફિટનેસ પાછી મેળવી રહી છે, અને ટીમ મેનેજમેન્ટને આશા છે કે તે ભારત સામે ફરી મેદાનમાં ઉતરશે.



ટૂર્નામેન્ટની શરૂઆતમાં દક્ષિણ આફ્રિકા સામેની મેચ-વિનિંગ ઈનિંગ દરમિયાન લિચફિલ્ડ ઘાયલ થઈ હતી. ત્યારબાદ તેણી છેલ્લી ત્રણ મેચ ગુમાવી છે. જોકે, તેની ગેરહાજરી છતાં, ઓસ્ટ્રેલિયન ટીમે અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે, તેમનો વિજયી સિલસિલો ચાલુ રાખ્યો છે અને અત્યાર સુધી ટુર્નામેન્ટમાં અજેય રહી છે.

હેડ કોચે જણાવ્યું હતું કે તેમનું માનવું છે કે લિચફિલ્ડની પ્રગતિ ખૂબ સારી રીતે ચાલી રહી છે અને આશા છે કે તે ભારત સામેની મેચ માટે ઉપલબ્ધ રહેશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ફોબી કે નંબર ૩ પોઝિશન પર પાછા ફરે તેવી શક્યતા છે. "તેથી, આપણે ટીમ સેટઅપ અને તેને કેવી રીતે તૈયાર કરવી તે અંગે નિર્ણય લેવો પડશે

કોચના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે લિચફિલ્ડનું પુનરાગમન પસંદગીકારો માટે ટીમ કોમ્બિનેશન અંગે એક નવો પડકાર રજૂ કરશે. તેમનું નંબર ૩ સ્થાન પર પાછા ફરવું લગભગ નિશ્ચિત છે, પરંતુ તેના માટે ખેલાડીને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કરવાની જરૂર પડી શકે છે. જો લિચફિલ્ડ પરત ફરે છે, તો અનુભવી ઓલરાઉન્ડર એલિસ પેરી ફરીથી નંબર ૪ પર બેટિંગ કરતી જોવા મળી શકે છે.

# અક્ષય કુમારે "વેલકમ ટુ ધ જંગલ" ફિલ્મનું "ઘિસ ઘિસ" ગીત ૧૦૪ ડિગ્રી તાવમાં શૂટ કર્યું હતું



મુંબઇ,
ભોજપુરી અભિનેત્રી અક્ષરા સિંહ, જેમણે આગામી બોલિવૂડ ફિલ્મ "વેલકમ ટુ ધ જંગલ" ના "ઘિસ ઘિસ ઘિસ" ગીતમાં અક્ષય કુમાર સાથે કામ કર્યું હતું, તેમણે આ અનુભવને સ્વપ્ન સાકાર થવાનો અનુભવ ગણાવ્યો. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, તેણીએ સુપરસ્ટારની બીમારી છતાં કામ પ્રત્યેના જુસ્સાને જોઈને આનંદ વ્યક્ત કર્યો. અક્ષય કુમારે "ઘિસ ઘિસ" ડાન્સ નંબર સાથે ભોજપુરી સંગીત ઉદ્યોગમાં પ્રવેશ કર્યો. દરમિયાન, અક્ષરા સિંહે જણાવ્યું કે કેવી રીતે અક્ષયે ખૂબ તાવ હોવા છતાં ગીતનું શૂટિંગ કર્યું.

"સૌથી મોટી વાત એ હતી કે શૂટિંગ દરમિયાન તેને ૧૦૩-૧૦૪ ડિગ્રીનો તાવ હતો. હું તેને જોતી રહી અને સમજાયું કે તે તેના કામ અને તેની કલાને કેટલો પ્રેમ કરે છે. તે ખૂબ જ જવાબદારી અને સમર્પણ સાથે કામ કરે છે. મને અહમદ સરના પ્રોડક્શન હાઉસ તરફથી ફોન આવ્યો... મને કહેવામાં આવ્યું કે વેલકમ ટુ ધ જંગલમાં એક ગીત છે અને મારે તે કરવું પડશે. હું થોડી ખચકાટ અનુભવતી હતી. પાછળથી, ગણેશ આચાર્ય સર મને ફોન કર્યો, અને મને ખાતરી થઈ ગઈ." તેમણે મને પૂછ્યું કે શું હું આ ગીત ગાઈશ. મેં પૂછ્યું કે આ કેવું ગીત છે, અને તેમણે કહ્યું કે તે એક સરસ ગીત છે અને મને તે ગમશે.

# આજના સમયમાં સત્ય સાંભળવું અને કહેવું એટલું મુશ્કેલ બની ગયું છે કે લોકો કોઈનો જીવ લેવા પણ તૈયાર થઈ ગયા છે : હિના

મુંબઇ,
લોનાવાલા નજીક લોહગઢ કિલ્લામાં થયેલી હત્યા હેડલાઈન્સમાં છે. કેતનની મંગેતર પર હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો છે. શરૂઆતમાં, આ કેસ ફક્ત અકસ્માત માનવામાં આવતો હતો, પરંતુ અંતે, તેણે હત્યાનો વળાંક લીધો. પોલીસનો દાવો છે કે આ કોઈ અકસ્માત નહોતો, પરંતુ એક ઈરાદાપૂર્વકનું કાવતરું હતું. પુણેના એક પ્રખ્યાત રિયલ એસ્ટેટ ઉદ્યોગપતિના ૨૫ વર્ષીય વારસદાર કેતન વિશાલ અગ્રવાલની હત્યાએ સમગ્ર દેશને આઘાત પહોંચાડ્યો છે. પ્રખ્યાત ટીવી અને ફિલ્મ અભિનેત્રી હિના ખાને પણ આ હત્યા કેસ પર ભાવનાત્મક અને કરુણ પ્રતિક્રિયા



આપી છે. અભિનેત્રીએ પોતાનો ઊંડો શોક અને અફસોસ વ્યક્ત કર્યો છે.તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોતાનો શોક વ્યક્ત કરતા હિનાએ લખ્યું, "આજના સમયમાં, સત્ય સાંભળવું અને કહેવું એટલું મુશ્કેલ બની ગયું છે કે લોકો કોઈનો જીવ લેવા પણ તૈયાર થઈ ગયા છે... એવું લાગે છે કે કોઈનો જીવ લેવો એ સત્ય સ્વીકારવા કરતાં વધુ સરળ બની ગયું છે." તેણીએ આગળ લખ્યું, "તમે તેને છોડીને, ફક્ત સત્ય કહી શક્યા હોત, અને જેની સાથે ઈચ્છો તેની સાથે તમારું જીવન જીવી શક્યા હોત. શા માટે? અફસોસ. કેતનમર્ડરકેસ."

હિના ખાનની પોસ્ટ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે.આઘાતજનક વાત એ છે કે, ૧૮ જૂને કિલ્લામાંથી બહાર કાઢવાના થોડા દિવસો પહેલા જ કેતન પર હુમલો થયો હતો અને તે મૃત્યુથી બચી ગયો હતો. પોલીસે આ કેસમાં કેતનની મંગેતર અને તેના બોયફ્રેન્ડની ધરપકડ કરી છે. પુણેના ગહુંજેમાં લોધા બેલમોન્ડોનો રહેવાસી કેતન તેના પરિવારની રિયલ એસ્ટેટ કંપની, સક્સેસ ગ્રુપનો ડિરેક્ટર હતો. ૧૮ જૂને, તે તેની મંગેતર, સિયા ગોયલ સાથે તેનો જન્મદિવસ ઉજવવા માટે લોહાગઢ કિલ્લા ગયો હતો. કિલ્લા પરથી પડી ગયા પછી, સિયાએ શરૂઆતમાં પોલીસને કહ્યું હતું કે કેતન ફોટા પાડતી વખતે લપસી ગયો અને પડી ગયો.શરૂઆતમાં, પોલીસે કેસ દાખલ કર્યો હતો, તેને અકસ્માત ગણાવ્યો હતો. જોકે, મંગળવારે, જ્યારે પોલીસે સિયા અને તેના મિત્ર ચેતન ચૌધરીની ધરપકડ કરી, ત્યારે આખી વાર્તા બદલાઈ ગઈ. કેતનના પરિવારે કહ્યું કે તેમને ક્યારેય સિયા પર શંકા નહોતી, પરંતુ લગ્ન પહેલા તેણે વિચિત્ર વર્તન કર્યું હતું. થોડા દિવસો પહેલા, લોહગઢ ટ્રેક દરમિયાન, સિયાએ કેતનને ધક્કો માર્યો હતો, જેને પાછળથી તેણે એવો દાવો કરીને છુપાવી દીધો હતો કે તે તેને સાપથી બચાવી રહી છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કા | કી | સ | ળ | દ | તી | ત | ક્ષ | પ્ર | આ | આ | ત |
| જ | દ | ક્ષ | બ | કા | કા | બૂ | ત | ભા | ક | શિ | જ્ઞા |
| ચી | ર | દ | ત | ન | એ | રો | સ | ભો | ણ | ર | ક્ષ |
| ધો | બો | બૂ | લ | ન | ર | મ | બા | ર | ળો | ણ | ણ |
| ર | કા | દુ | વિ | ધા | અ | કે | ધ | મા | ગી | શ | બ |
| ણ | દુ | બં | ણિ | ગ | ભ | વ | સ | તુ | આ | સ | ક |
| ગ | ડો | નિ | આ | બા | અ | કા | ણિ | રી | ર | વિ | મ |
| પ્ર | ગ | ક્રો | યા | ન | લ | તી | ણિ | ન | દ | કા | ણિ |
| બિ | મ | ક | ર | બા | મો | બિ | ઉ | ત્રિ | ઇ | ચી | નિ |
| ધી | ર | જ | મા | મા | ર | એ | મ | વ | કો | વે | દ |
| પ્ર | પ્રા | આ | સ | અ | સ | ભો | ખ | મા | દ | ણ | ભ |
| ગં | ધ | સા | ઓ | વા | ત | હા | ળ | ન | ત્રિ | વે | ણી |

શબ્દ શોધો
ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# અભિનેત્રી સમન્થા રૂથ માતા બનશે : મેટરનિટી બ્રેકની જાહેરાત કરી ચાહકોને ખુશખબર આપી



મુંબઇ,
અભિનેત્રી સમન્થા રૂથ પ્રભુએ સત્તાવાર રીતે પુષ્ટિ આપી છે કે તે તેના પહેલા બાળકની અપેક્ષા રાખી રહી છે. તેણીએ તેની નવીનતમ ફિલ્મ "મા ઈન્તી બંગારામ" ના સક્સેસ મીટ દરમિયાન આ સારા સમાચાર શેર કર્યા, જેનાથી તેણીની ગર્ભાવસ્થાને લગતી અટકળોનો અંત આવ્યો. આ કાર્યક્રમમાં મીડિયા સાથે વાત કરતા, સમન્થાએ એ પણ ખુલાસો કર્યો કે તેણી તેનું વર્તમાન કામ પૂર્ણ કર્યા પછી થોડા સમય માટે કામમાંથી વિરામ લેવાની યોજના ધરાવે છે. ગર્ભવતી સામન્થાએ તેની પ્રસૂતિ રજાની જાહેરાત કરી છે.

"મારી પરિસ્થિતિને જોતાં, મારે મા ઈન્તી બંગારામ પછી વિરામ લેવો પડશે. મારે પ્રસૂતિ રજા લેવી પડશે. તે પછી, હું મારા ચાહકો માટે બીજી ફિલ્મ સાથે પાછી ફરીશ." વીડિયોમાં, રાજ નિદિમોરુને કાર્યક્રમમાં સ્ટેજ પર સામન્થાની બાજુમાં બેઠેલા જોઈ શકાય છે.ફિલ્મની સક્સેસ પાર્ટીના વીડિયો અને ફોટા પછી સોશિયલ મીડિયા યુઝર્સે તેની ગર્ભાવસ્થા વિશે અનુમાન લગાવવાનું શરૂ કર્યા પછી આ પુષ્ટિ મળી છે. ઘણા ચાહકોએ, સામન્થાના બેબી બમ્પ જોઈને, દાવો કર્યો કે તે ગર્ભવતી છે. સામન્થા પોતે આ અહેવાલો પર ટિપ્પણી કરે તે પહેલાં જ, ઉદ્યોગના આંતરિક સૂત્રોએ સ્ક્રીનને જણાવ્યું હતું કે અભિનેત્રી ગર્ભાવસ્થાના પ્રારંભિક તબક્કામાં હતી અને તેના જીવનના આ નવા પ્રકરણથી ખૂબ ખુશ હતી. તેમણે કહ્યું, "સમન્થા તેના પહેલા ત્રિમાસિક ગાળામાં છે, અને આ દંપતી તેના વિશે ખૂબ જ ખુશ છે, ખાસ કરીને સમન્થા, જે હંમેશા માતા બનવા માંગતી હતી."

# સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલે થાઈલેન્ડમાં તેમની લગ્નની બીજી વર્ષગાંઠની ઉજવણી કરી

મુંબઇ,
સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલે થાઈલેન્ડના ફુકેટમાં બીચ પર તેમની બીજી લગ્ન વર્ષગાંઠ ઉજવી. આ કપલે સોશિયલ મીડિયા પર પોતાના રોમેન્ટિક ફોટા પણ શેર કર્યા. આ લોકપ્રિય બી-ટાઉન કપલે ફુકેટના અમોરા બીચ રિસોર્ટના ઘણા સુંદર ફોટા શેર કર્યા છે, જેમાં તેમના ખાસ બીચ સેલિબ્રેશનની ઝલક જોવા મળી છે. આ ફોટામાં, સોનાક્ષી અને ઝહીર એકબીજાના પ્રેમમાં ડૂબેલા અને બીચ પર સુંદર સૂર્યાસ્ત જોતા આરામની ક્ષણનો આનંદ માણતા જોવા મળે છે.



એક ફોટામાં, ઝહીર સોનાક્ષીનો હાથ પકડીને રેતી પર ઘૂંટણિયે બેઠેલા જોવા મળે છે. આ રોમેન્ટિક ફોટામાં, સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલ મેચિંગ પોશાકમાં જોવા મળે છે. સફેદ શર્ટ અને ડેનિમ શોર્ટ્સ પહેરેલી સોનાક્ષી તેને જોઈને ખૂબ ખુશ દેખાય છે. બીજા ફોટામાં, કપલ બીચ પર એકબીજાને ગળે લગાવતું જોવા મળે છે, તેમની પાછળ મોજા તૂટતા જોવા મળે છે. તેઓ તેમની બીજી લગ્ન વર્ષગાંઠનો આનંદ માણી રહ્યા હોય તેવું લાગે છે. આ કપલના ફોટા સોશિયલ મીડિયા પર હેડલાઈન્સ બનાવી રહ્યા છે.આ ફોટામાં સોનાક્ષી અને ઝહીર તેમની બીજી લગ્ન વર્ષગાંઠ પર રિસોર્ટના ખુલ્લા હવામાં ખાસ રાત્રિભોજનનો આનંદ માણતા જોવા મળે છે. સોનાક્ષી અને ઝહીર સફેદ છત્ર નીચે રાત્રિભોજનનો આનંદ માણી રહ્યા છે, જે નરમ લાઇટ્સ, ફૂલો અને વહેતા પડદાથી શણગારવામાં આવ્યું છે.

# રાજકોટ એડવર્ટાઈઝિંગ સર્કલ (RAC)ના નવા વર્ષનો પ્રથમ કાર્યક્રમ 'કપલ ડિનર' સાથે ઉત્સાહભેર સંપન્ન

## સંસ્થાના નવા આઈડેન્ટિટી કાર્ડ અને લેપલ પીનનું ભવ્ય અનાવરણ કરાયું : જાહેરાત ક્ષેત્રે પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવનાર તેમજ સંસ્થાના વરિષ્ઠ સભ્યોનું વિશેષ સન્માન




રાજકોટ, મીડિયા અને જાહેરાત ક્ષેત્રે સૌરાષ્ટ્રનું સૌથી મોટું અને સક્રિય એસોસિએશન 'રાજકોટ એડવર્ટાઈઝિંગ સર્કલ' (RAC) ના વર્ષ ૨૦૨૬-૨૭ ના નવા કાર્યકાળનો પ્રથમ કાર્યક્રમ યોજાઈ ગયો હતો. સંસ્થાના સભ્યો અને તેમના જીવનસાથીઓ માટે ખાસ આયોજિત આ 'કપલ ડિનર' કાર્યક્રમમાં રાજકોટની તમામ નામાંકિત એડવર્ટાઈઝિંગ એજન્સીઓના સંચાલકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જાહેરાત એજન્સીઓના વ્યાપાર વિકાસ, સેમિનાર અને વર્કશોપ જેવા ઉદ્દેશ્યો સાથે છેલ્લા ૧૫ વર્ષથી કાર્યરત આ સંસ્થાનો આ પ્રારંભિક કાર્યક્રમ અત્યંત ઉત્સાહ, એકતા અને નવી દિશાના સંકલ્પ સાથે સંપન્ન થયો હતો.

સમગ્ર કાર્યક્રમનો પ્રારંભ ગરિમાપૂર્ણ રીતે રાષ્ટ્રગાન સાથે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત તમામ સભ્યોનું શાબ્દિક સ્વાગત કરી પરસ્પર પરિચયની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આ પ્રસંગે સર્કલના વરિષ્ઠ અને સન્માનનીય સભ્યો તુષારભાઈ ઝવેરી (એપેક્ષ એડવર્ટાઈઝિંગ) તથા ગીરીશભાઈ ત્રિવેદી (દ્રષ્ટિ એડવર્ટાઈઝિંગ) ના હસ્તે ઈછઝ ના આકર્ષક નવા લેપલ પીન અને આઈડેન્ટિટી કાર્ડનું ભવ્ય અનાવરણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ એસોસિએશનમાં જોડાયેલા નવા સભ્યોને સભ્યપદ પ્રમાણપત્રો એનાયત કરાયા હતા અને તમામ જૂના-નવા સભ્યોને આઈડી કાર્ડ તેમજ લેપલ પીનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ઈછઝના કોર મેમ્બર જયેશ સોના (એડેક્સ મીડિયા લિંક્સ) એ વર્ષ ૨૦૧૧ માં સંસ્થાની સ્થાપનાથી લઈને અત્યાર સુધીની ૧૫ વર્ષની રસપ્રદ અને ગૌરવશાળી વિકાસયાત્રાની વિગતો સભ્યો સમક્ષ મૂકી હતી. આ ભાવુક ક્ષણે ઈછઝ ના પાયાના સ્તંભ અને સ્થાપક સભ્યો સ્વ. અજીતભાઈ ઝવેરી (એપેક્ષ એડવર્ટાઈઝિંગ) તથા સ્વ. દીપકભાઈ શાહ (સેલ સર્વિસ સિન્ડિકેટ) ના એસોસિએશન પ્રત્યેના અમૂલ્ય યોગદાન અને સેવાઓને યાદ કરી સભાગૃહ દ્વારા તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ ગરિમાપૂર્ણ સમારોહમાં જાહેરાત ક્ષેત્રે પ્રતિષ્ઠિત 'AACA એવોર્ડ' પ્રાપ્ત કરનાર રીઝલ્ટ એડના મેહુલ દામાણી અને શ્રી જીતુ કોઠારીનું સંસ્થા વતી વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, સંસ્થાના સભ્યો માટે "મિથોલોજી ટુ મેનેજમેન્ટ" વિષય પર બૌદ્ધિક સેમિનાર આપવા બદલ નયનેશ પારેખનું તેમજ RAC ની સ્થાપનાકાળથી દરેક કાર્યક્રમમાં અવિરત ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી સેવાઓ આપવા બદલ માઈક્રો મીડિયાના ધિરેન્દ્ર વાઘેલાનું પણ સન્માન કરાયું હતું.

સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન પોતાની આગવી અને પ્રોફેશનલ શૈલીમાં જયેશ સોનાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે RACની કોર કમિટીના સભ્યો નિલેશભાઈ ત્રિવેદી (મનીષ એડ.), કમલભાઈ પારેખ (સર્જન એડ.), મેહુલભાઈ દામાણી (રીઝલ્ટ એડ.), જલાધી ઝવેરી (એપેક્ષ એડવર્ટાઈઝિંગ), ગીરીશભાઈ ત્રિવેદી, જયેશ સોના અને નયનેશ પારેખે ભારે જહેમત ઉઠાવી નોંધપાત્ર કામગીરી બજાવી હતી.

# રાજકોટ તાલુકાની શ્રી ખીજડીયા પ્રા શાળામાં વિદ્યારંભ સંસ્કાર-૨૦૨૬ યોજાયો




રાજકોટ

શ્રી ખીજડીયા પ્રાથમિક શાળા, તા. જી. રાજકોટ ખાતે વિદ્યારંભ સંસ્કાર, કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ–૨૦૨૬નો કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો.

કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી સંજયભાઈ પીપળીયાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો તથા શ્રી પ્રિતિબેન મોઢવાડિયા, નાયબ કલેક્ટરશ્રી રાજકોટ તેમજ પ્રિતિબેન મનોજભાઈ ચૌહાણ અને ભરતભાઈ મધુડા બી. આર.સી.કો.ઓર્ડીનેટર ખાસ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે બાલવાટિકા અને ધોરણ-૧માં કુલ ૨૭ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

શાળા પ્રવેશ મેળવેલ બાળકોનું સ્વાગત કરી તેમને દાતા તરફથી દફતર, પાટી અને સ્ટેશનરી કીટ આપવામાં આવી હતી. બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા તેમજ મહેમાનશ્રીઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓ, ગ્રામજનો અને એસ.એમ.સી. સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનશ્રીઓએ કાર્યક્રમના સુંદર આયોજન તથા શાળાની વિવિધ સિદ્ધિઓ બદલ આચાર્યશ્રી, શિક્ષકો,ગ્રામજનો અને ગ્રામ આગેવાનોને અભિનંદન પાઠવ્યા હતા. અંતમાં શાળા પરિવાર દ્વારા સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ઉપલેટામાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા શાળા પ્રવેશોત્સવ ઉજવાયો



ઉપલેટા

રાજ્ય સરકાર દ્વારા પ્રગતિનો પ્રવેશોત્સવ અંતર્ગત રાજકોટ જિલ્લાના ઉપલેટા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ૩૫૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ બહેનોને શહેરની જુદી જુદી શાળાઓમાં પ્રવેશ આપવા પ્રવેશોત્સવ કાર્યક્રમ અહીંના બાપુના બાવલા ચોકમાં આવેલ ટાઉનહોલ ખાતે યોજવામાં આવેલ હતો.

કાર્યક્રમની શરૂઆતમાં માતાજીને પૂજન અર્ચન કરી દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકવામાં આવેલ ત્યારબાદ નાના નાના વિદ્યાર્થી ભાઈ બહેનો નો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયેલ જેમાં નાના નાના ભૂલકાઓએ જુદી જુદી કૃતિઓ રજૂ કરી ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કરેલ હતા.

કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ કારોબારી ચેરમેન મિતલબેન સુવા બાંધકામ ચેરમેન મનોજભાઈ નંદાણીયા ભાવેશભાઈ સુવા હરસુખભાઈ સોજીત્રા ડાયાભાઈ ગજેરા પરાગભાઈ સુતરીયા જગદીશભાઈ વિરમગામ ભુપતભાઈ ગજેરા વિક્રમસિંહ સોલંકી અશ્વિનભાઈ લાડાણી રઘુભા સરવૈયા અમિતભાઈ વસવેલીયા મહેશભાઈ સુવા નગરપાલિકાના સદસ્યો ભાઈ બહેનો યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા

# મોજશોખ કે સ્ટ્રેસ દૂર કરવા નશો કરવો ભવિષ્ય માટે હાનિકારક બની શકે:ડી.સી.પી. શ્રી જગદીશ બાંગરવા

## રાજકોટમાં 'નશામુક્ત ભારત અભિયાન' અંતર્ગત વ્યસન મુક્તિ અંગે સેમિનાર યોજાયો

રાજકોટ

યુવા વિદ્યાર્થીઓ મોજશોખ કે સ્ટ્રેસ દૂર કરવા માટે નશાકારક પદાર્થનો ઉપયોગ કરે છે. જે શરૂઆતમાં સારું લાગે છે પરંતુ, ભવિષ્યમાં તેની આદત ખૂબ જ નુકસાનકારક હોવાનું ડી.સી.પી. ક્રાઈમ શ્રી જગદીશ બાંગરવાએ આજરોજ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ વિરોધી દિવસ નિમિત્તે આયોજિત સેમિનારમાં જણાવ્યું હતું.



ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા 'નશામુક્ત ભારત અભિયાન' ચલાવવામાં આવી રહ્યું છે. જે અન્વયે નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા શ્રી સરદાર પટેલ હોમિયોપેથીક મેડિકલ કોલેજ ખાતે યુવા પેઢીને વ્યસનોની ગંભીર અસરોથી વાકેફ કરવા અને નશામુક્ત સમાજના નિર્માણ માટે વ્યસન મુક્તિ અંગે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ડી.સી.પી. શ્રી બાંગરવાએ યુવાનોને મેન્ટલ હેલ્થના ભોગે ડ્રગ્સ સહિતના નશાકારક પદાર્થોના વ્યસનથી દૂર રહેવાની સલાહ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ડ્રગ્સમાં એન્ટ્રી લેવી સહેલી છે, પરંતુ તે ડેડ સર્કલમાંથી બહાર નીકળવું અતિ કઠિન છે. ડ્રગ્સની આદત બહુ દર્દનાક હોય છે, જે પરિવારને પણ બહુ મોટી મુશ્કેલીમાં મૂકી શકે છે. વધુમાં શ્રી બાંગરવાએ નશા કરતા લોકોના લક્ષણો જણાવી તેવી વ્યક્તિ અને તેમના પરિવારજનોની મદદ કરવા પણ જણાવ્યું હતું.

આ તકે અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, રાજકોટ શ્રી એ.ટી. રાઠોડે નશાકારક પદાર્થના વ્યસનથી દૂર રહેવા તેમજ ડ્રગ્સના દુષણ સામે યુવાનો આગળ આવે તેવી શીખ આપી હતી. જ્યારે એસ.ઓ.જી.ના પી.આઈ. શ્રી એમ.બી. ચૌધરીએ ડ્રગ્સ વેચાણ ગંભીર ગુનો હોવાનું જણાવી વેચાણકર્તા વિરુદ્ધ સખ્ત કાયદાકીય કાર્યવાહી કરવામાં આવતી હોવાનું જણાવ્યું હતું.

શ્રી સરદાર પટેલ હોમિયોપેથીક મેડિકલ કોલેજના છાત્રો દ્વારા માઈમ અને નાટકના માધ્યમથી યુવાઓને ડ્રગ્સના દુષ્પરિણામો વિશે અસરકારક સંદેશ પાઠવવામાં આવ્યો હતો. વધુમાં કોલેજ ખાતે જનજાગૃતિ પાઠવતા પોસ્ટર અને મોડેલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતાઓને મહાનુભાવોના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સમાજ સુરક્ષા વિભાગના ચીફ ઓફિસર શ્રી ડૉ. મિલનભાઈ પંડિત, નશાબંધી નિયોજક શ્રી શાંતિલાલ ચાંપાનુરા, નશાબંધી અને આબકારી વિભાગના પી.આઈ. શ્રી હરદેવસિંહ ગોહિલ, પી.એસ.આઈ. શ્રી ડી.બી. ગઢવી, એસ.ઓ.જી.ના પી.આઈ. શ્રી વિજય ધ્રાંગુ સહિત કોલેજના આચાર્યશ્રી અમિતભાઈ જોશી, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જંગલેશ્વર ડિમોલેશન દરમિયાન મિજબાની મુદ્દે તપાસની માંગ

રાજકોટ:જંગલેશ્વર ડિમોલેશન કામગીરી દરમિયાન અધિકારીઓ દ્વારા મિજબાની માણવામાં આવી હોવાના આક્ષેપ સાથે શહેર કોંગ્રેસ મહામંત્રી નરેશભાઈ પરમાર દ્વારા રજૂઆત કરી રાજ્ય સરકાર સમક્ષ તપાસની માંગ કરવામાં આવી છે.રજૂઆતમાં જણાવાયું છે કે, પીડિત પરિવારો મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે થયેલા ખર્ચની જવાબદારી સંબંધિત અધિકારીઓ પર નક્કી કરવી જોઈએ.સાથે જ મિજબાની પાછળ થયેલા ખર્ચ, બિલ ચુકવણી અને સંડોવાયેલા જવાબદાર વ્યક્તિઓ અંગે તટસ્થ તપાસ કરી જરૂરી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. ઉપરાંત, સંવેદનશીલ સરકારી કામગીરી દરમિયાન અધિકારીઓને માનવતાપૂર્ણ વર્તન અંગે તાલીમ આપવામાં આવે તેવી પણ રજૂઆત કરાઈ છે.

# ધોરાજીમાં લેઉઆ પટેલ કેળવણી મંડળની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશોત્સવ ઉજવાયો

(ધર્મેન્દ્ર બાબરીયા) ધોરાજી : ધોરાજીની લેઉઆ પટેલ કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ વીજેએસ પટેલ કધયા વિનય મંદિર તેમજ એમકેએમ વસોયા પટેલ વિદ્યા મંદિર ખાતે ગઈકાલે તા.૨૪ના નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ નિમિતે પ્રવેશોત્સવ ૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, ટ્રસ્ટીઓ, આગેવાનોની ઉપસ્થિતિએ કાર્યક્રમ યાદગાર બનાવ્યો હતો.

મહેમાનોને કુમકુમ તિલક, પુષ્પગુચ્છ, તેમજ સરદાર વલ્લભભાઈ પટેલની છબી આપી સન્માનીત કરવામાં આવ્યા. બાદ શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. પર્યાવરણ જાગૃતિ અને હરિત સંસ્કૃતિના સંદેશ સાથે મહાનુભાવોએ વૃક્ષ રોપી વિદ્યાર્થીઓને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બનવા પ્રેરીત કર્યા હતા.

પ્રવેશોત્સવ અંતર્ગત પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પાઠય પુસ્તકોઈ શૈક્ષણીક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના ચહેરા



પર નવી શરૂઆતનો ઉત્સાહ સ્પષ્ટપણે જોવા મળ્યો હતો. દરમ્યાન વિદ્યાર્થીઓ, શિક્ષકગણ દ્વારા વિવિધ રજૂઆતો કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને નિયમીત અભ્યાસ, શિસ્ત, સંસ્કાર અને રાષ્ટ્રપ્રેમના મૂલ્યો અપનાવી જીવનમાં આગળ વધવા માટે પ્રેરણા આપી હતી.

કાર્યક્રમમાં પ્રાંત અધિકારી એન.એમ. તરખાલા (ધોરાજી) મામલતદાર એચ.ડી. બારોટ (ધોરાજી), ભાવનાબેન પંચોલી સબ ઈન્સ. (નશાબંધી અને આબકારી ખાતુ રાજકોટ) પાયલબેન ધોળકીયા (પ્રમુખ ધોરાજી નગરપાલિકા) ચીન્ટુભાઈ કોયાણી (ઉપપ્રમુખ ધોરાજી નગરપાલિકા), મહેશભાઈ પટેલ (સુધરાઈ સભ્ય) કેયુરભાઈ આંબલીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત મેનેજીંગ ટ્રસ્ટી જીમીભાઈ પટેલ, ટ્રસ્ટી અશોકભાઈ બાલધા, મિલનભાઈ તારપરાએ કાર્યક્રમમાં હાજરી આપી શુભેચ્છા પાઠવી હતી.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ દ્વારા રાષ્ટ્ર નિર્માણ અને સ્વચ્છતા પ્રત્યેની પ્રતિબધ્ધતા દર્શાવતી પ્રતિજ્ઞા પણ લેવડાવામાં આવી હતી. આભારવિધિ સાથે કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

# ૨૬મી જૂન આંતરરાષ્ટ્રીય ડ્રગ વિરોધી દિવસઃ નશાના દૂષણ સામે ગુજરાતની મજબૂત લડત

## રાજકોટ જિલ્લામાં વિરનગર વ્યસનમુક્તિ કેન્દ્ર થકી છેલ્લા ચાર વર્ષમાં૭૫૦થી વધુ લોકો નશાની ચુંગાલમાંથી મુક્ત થયા

રાજકોટ : ડ્રગ્સનું વ્યસન દૂષણ અને હેરાફેરી એ એવો વૈશ્વિક પડકાર છે, જેને નાથવા માટે દુનિયાના અનેક દેશો સંઘર્ષ કરી રહ્યા છે. ડ્રગ્સ અંગે જાગૃતિ લાવવા અને તેના દુરુપયોગ અને હેરાફેરી સામે વૈશ્વિક સ્તરે સહયોગથી કામ કરી શકાય તે હેતુથી, સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૭ ડિસેમ્બર ૧૯૮૭ના રોજ ૨૬ જૂનને 'આંતરરાષ્ટ્રીય ડ્રગ દુરુપયોગ અને ગેરકાયદે હેરાફેરી વિરોધી દિવસ' (વિશ્વ ડ્રગ દિવસ) તરીકે મનાવવાની ઘોષણા કરી હતી.વર્ષ ૨૦૨૬ના વિશ્વ ડ્રગ દિવસની થીમ "Wrold drug problem: persisting issues, new challenges, innovative responses" (વિશ્વમાં ડ્રગની સમસ્યાઃ વર્તમાન પ્રશ્નો, નવા પડકારો અને નવીન ઉપાયો) રાખવામાં આવી છે.

ભારતમાં કેન્દ્ર સરકારનો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દેશમાં ડ્રગ્સની માંગ ઘટાડવા માટે મુખ્ય નોડલ સંસ્થા છે. આ વિભાગ દ્વારા દેશભરમાં 'નશામુક્ત ભારત સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે, જેની મુખ્ય થીમ "નશામુક્ત ભારત અભિયાન – વિકસિત ભારતની ઓળખ" રાખવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત સરકારે ડ્રગ્સ સામે 'ઝીરો ટોલરન્સ' નીતિ અપનાવી નક્કર પગલાં લીધા છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન જેવા દેશોમાંથી સમુદ્ર માર્ગે ભારતમાં ઘૂસાડવામાં આવતા નશીલા પદાર્થોને પકડી પાડવા ગૃહ વિભાગ અને પોલીસ દ્વારા મલ્ટી-એજન્સી કો-ઓર્ડિનેશન મોડલ અપનાવવામાં આવ્યું છે. ગુજરાત એન્ટી-ટેરરિસ્ટ સ્ક્વોડ, ભારતીય કોસ્ટ ગાર્ડ અને નેવીના મજબૂત સંકલનથી દરિયાઈ સીમા પર સજ્જડ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યૂરો અને ગુજરાત પોલીસના અહેવાલો મુજબ, છેલ્લા થોડા વર્ષોમાં કરોડો રૂપિયાનું ડ્રગ્સ દેશના આંતરિક ભાગોમાં પહોંચતા પહેલા જ સરહદો પર પકડી પાડવામાં આવ્યું છે. રાજ્યની અંદર ચાલતી ગેરકાયદે મેફેડ્રોન સહિતના ડ્રગ બનાવતી લેબોરેટરીઓ




પર દરોડા પાડીને તેને સીલ કરવામાં આવી છે. ડ્રગ્સની હેરાફેરી રોકવા સાથે તેની માંગ ઘટાડવી પણ જરૂરી છે. ભાવિ પેઢીને વ્યસનમુક્ત રાખવા શાળાઓ અને યુનિવર્સિટીઓમાં નિયમિત રીતે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવે છે. સોશિયલ મીડિયા અને ડાર્ક વેબ પર નજર રાખવા માટે સાયબર ક્રાઈમ ટીમ ડિજિટલ પેમેન્ટ્સનું સતત મોનિટરિંગ કરે છે.આ સાથે કોઈ કારણસર નશાની ચુંગાલમાં ફસાયેલા લોકોને વ્યસનમુક્ત બનાવીને તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડવા પણ વિશેષ પ્રયાસો કરાઈ રહ્યા છે.

રાજકોટ જિલ્લાના વિરનગરમાં શિવાનંદ મિશન હોસ્પિટલ ખાતે કાર્યરત 'વિરનગર વ્યસનમુક્તિ કેન્દ્ર' વ્યસનના આદિ લોકોને વ્યસનમુક્ત બનાવવા માટે કાર્યરત છે. આ સંસ્થામાં છેલ્લા ચાર વર્ષમાં ૭૬૯ ઈનડોર પેશન્ટ તરીકે દાખલ થયા હતા, જેઓ નશામુક્ત બનીને પુનઃ સમાજમાં મુખ્યપ્રવાહમાં ભળ્યા છે. સંસ્થા દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૦૧ પીડિતોને સફળતાપૂર્વક નશામુક્ત કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૦૫ લોકોને, વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૮૮ લોકો અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૭૫ લોકોને નશાની ચુંગાલમાંથી મુક્ત કરાવાયા છે. વ્યસનના પ્રકારોની દ્રષ્ટિએ જોઈએ તો, સંસ્થાએ આ ચાર વર્ષમાં આલ્કોહોલ (દારૂ)ની લતમાં ડૂબેલા સૌથી વધુ ૭૩૦ લોકોને બેઠા કર્યા છે. અફીણ (ઓપિઓઇડ)ના ૦૬ બંધાણી, ગાંજો-ચરસના ૧૬ બંધાણી, ઈન્જેક્શન ટેબ્લેટ્સના ૧૨ બંધાણી, બ્રાઉન શુગરના ૦૨ બંધાણી તેમજ અન્ય સિન્થેટિક ડ્રગ્સ (સ્ઢ)ના ચુંગાલમાં ફસાયેલા ૦૩ યુવાનોનું સઘન કાઉન્સેલિંગ અને સારવાર કરીને તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડવામાં આવ્યા છે.

રાજકોટ જિલ્લામાં પોલીસ દ્વારા સાડા ત્રણ વર્ષમાં એન.ડી.પી.એસ.ના ૮૭ કેસો કરવામાં આવ્યા છે. જેમાં વર્ષ ૨૦૨૩માં ૨૧ કેસો, વર્ષ ૨૦૨૪માં ૨૧ કેસો, વર્ષ ૨૦૨૫માં ૧૯ કેસો તથા વર્તમાન વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં ૨૬ કેસોનો સમાવેશ થાય છે.

નોંધનીય છે કે, ડ્રગ્સ એ મોટું સામાજિક દૂષણ છે. તેને નાથવા માટેસરકારના પ્રયાસોની સાથે લોકોની સહભાગીતા જરૂરી છે. નાગરિકો પણ વ્યસન મુક્ત રહે અને ભાવિ પેઢીને પણ વ્યસનની ચુંગાલથી દૂર રાખવા પ્રયત્નશીલ રહે તે જરૂરી છે. ★

આલેખનઃ સંદીપ કાનાણી

# ભારતમાં ભારતીય નાગરિકતાના પુરાવા માટે માન્ય દસ્તાવેજનો નવો વિવાદ

## ફક્ત પાસપોર્ટ રાખવો એ આપમેળે નાગરિકતાના નિર્ણાયક પુરાવા તરીકે માન્ય નહીં હોવાના અહેવાલ બાદ ચર્ચા શરુ થઈ




નવી દિલ્હી,
ભારતીય નાગરિકતાના પુરાવા અંગે એક નવી ચર્ચા ત્યારે શરૂ થઈ છે જ્યારે વિદેશ મંત્રાલય (MEA) એ સ્પષ્ટ કર્યું છે કે પાસપોર્ટ, ભલે ફક્ત ભારતીય નાગરિકોને જ જારી કરવામાં આવે, તે નાગરિકતાનો નિર્ણાયક પુરાવો નથી.

૧૪મા પાસપોર્ટ સેવા દિવસ નિમિત્તે કરવામાં આવેલી સ્પષ્ટતાથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર વ્યાપક ચર્ચા શરૂ થઈ ગઈ છે, જેમાં ઘણા લોકો ભારતીય નાગરિકતાનો અંતિમ અને નિર્વિવાદ પુરાવો શું છે તે અંગે પ્રશ્ન ઉઠાવી રહ્યા છે.

પાસપોર્ટ મુખ્યત્વે એક મુસાફરી દસ્તાવેજ છે

વિદેશ મંત્રાલય અનુસાર, પાસપોર્ટ મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય મુસાફરીને સરળ બનાવવા માટે સરકાર દ્વારા જારી કરાયેલ એક મુસાફરી દસ્તાવેજ છે. આનો અર્થ એ છે કે ફક્ત પાસપોર્ટ રાખવો એ આપમેળે નાગરિકતાના નિર્ણાયક પુરાવા તરીકે કામ કરતું નથી.

આ સ્પષ્ટતાએ ચિંતા ઉભી કરી છે કારણ કે ભારતીય પાસપોર્ટ ફક્ત ભારતીય નાગરિકોને જ જારી કરવામાં આવે છે. જો કે, સરકારનું કહેવું છે કે પાસપોર્ટનો પ્રાથમિક હેતુ નાગરિકતાના અંતિમ નિર્ધારણ તરીકે સેવા આપવાને બદલે ઓળખ સ્થાપિત કરવાનો અને મુસાફરીને સરળ બનાવવાનો છે.

ચર્ચામાં બીજો સ્તર ઉમેરતા, પાસપોર્ટ પોતે જ જણાવે છે કે તે ભારત સરકારની મિલકત રહે છે અને જો અધિકારીઓ દ્વારા નિર્દેશિત કરવામાં આવે તો તેને સોંપવું આવશ્યક છે.

આધાર અને મતદાર ઓળખપત્ર નાગરિકતાનો પુરાવો નથી

નાગરિકતાના પુરાવાને લગતી મૂંઝવણ નવી નથી. અદાલતો અને સરકારી અધિકારીઓએ અગાઉ અન્ય મુખ્ય ઓળખ દસ્તાવેજોની સ્થિતિ સ્પષ્ટ કરી છે.

આ વર્ષની શરૂઆતમાં, મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) સંબંધિત સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું હતું કે આધાર નાગરિકતાનો નિર્ણાયક પુરાવો નથી. તે મુખ્યત્વે વ્યક્તિની ઓળખ અને રહેઠાણ સ્થાપિત કરવા માટે ઉપયોગમાં લેવાતો ઓળખ દસ્તાવેજ છે.

તેવી જ રીતે, મતદાર ઓળખપત્રને નાગરિકતાનો અંતિમ પુરાવો માનવામાં આવતો નથી. તેનો પ્રાથમિક હેતુ વ્યક્તિની મતદાન કરવાની અને ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવાની પાત્રતા સ્થાપિત કરવાનો છે.

કાયદા હેઠળ ભારતીય નાગરિક કોણ છે? ભારતીય નાગરિકતા નાગરિકતા કાયદા અને સંબંધિત બંધારણીય જોગવાઈઓ દ્વારા સંચાલિત થાય છે. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ અને ૧ જુલાઈ, ૧૯૮૭ ની વચ્ચે ભારતમાં જન્મેલા કોઈપણ વ્યક્તિને જન્મથી ભારતીય નાગરિક ગણવામાં આવે છે.

# ડિજિટલ ધરપકડ કૌભાંડના સંબંધમાં સોળ રાજ્યોમાં ૮૦ સ્થળોએ સીબીઆઇના દરોડા

## ઘણા ગુનાહિત દસ્તાવેજો, ડિજિટલ ઉપકરણો, મોબાઈલ ફોન અને બેંક વ્યવહાર રેકોર્ડ જપ્ત કરવામાં આવ્યા

નવીદિલ્હી,
સીબીઆઇએ આજે ડિજિટલ ધરપકડ કૌભાંડના સંદર્ભમાં ૧૬ રાજ્યોમાં ૮૦ સ્થળોએ દરોડા પાડ્યા. સીબીઆઇએ ઓપરેશન ચક્ર હેઠળ આ કાર્યવાહી હાથ ધરી. આ કામગીરી દ્વારા, સીબીઆઇ સાયબર ક્રાઇમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સામે સંકલિત કાર્યવાહી કરી રહી છે. ડિજિટલ ધરપકડ કૌભાંડ સંબંધિત કેસોમાં સીબીઆઈએ અગાઉ અનેક કાર્યવાહી કરી છે.

સીબીઆઈએ ઓપરેશન ચક્ર દરમિયાન ૬૦ ખાસ ટીમોની રચના કરી હતી. આ ટીમોએ પંજાબ, ગુજરાત, દિલ્હી, મહારાષ્ટ્ર, હરિયાણા, તમિલનાડુ, તેલંગાણા, આંધ્રપ્રદેશ, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, આસામ, પશ્ચિમ બંગાળ, મણિપુર, કર્ણાટક અને ઓડિશા સહિત ૧૬ રાજ્યોમાં ૮૦ થી વધુ સ્થળોએ દરોડા અને શોધખોળ હાથ ધરી હતી.

સીબીઆઈની આ કાર્યવાહી ડિજિટલ ધરપકડ કૌભાંડ તપાસનો એક ભાગ છે, જેનો ઉદ્દેશ્ય દેશભરમાં ડિજિટલ ધરપકડ કૌભાંડના ૨૦૦ થી વધુ કેસોમાં સામેલ ઓપરેશનલ નેટવર્કને તોડી પાડવાનો છે. સીબીઆઈએ આ કેસમાં શેલ કંપનીઓ સ્થાપવા અને ગેરકાયદેસર બેંક ખાતા ખોલવા બદલ બે શંકાસ્પદોની ધરપકડ કરી છે. આ ખાતાઓનો ઉપયોગ ડિજિટલ ધરપકડ કૌભાંડોમાંથી છેતરપિંડીની પ્રવૃત્તિઓના નાણાંને લોન્ડર કરવા માટે કરવામાં આવી રહ્યો હતો.

અદ્યતન ફોરેન્સિક સાધનો અને તકનીકી જાણકારીનો ઉપયોગ કરીને, સીબીઆઈએ ભારત અને વિદેશમાં કાર્યરત ગુનાહિત નેટવર્કના મુખ્ય તત્વોને ઓળખી કાઢ્યા છે. તપાસમાં જાણવા મળ્યું છે કે ગુનેગારોએ તેમની છેતરપિંડીની પ્રવૃત્તિઓને વિશ્વસનીયતા આપવા માટે બનાવટી અને બનાવટી દસ્તાવેજો અપલોડ કર્યા હતા, જેમાં કોર્ટ અને વિવિધ કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા જારી કરાયેલા નકલી આદેશોનો સમાવેશ થાય છે. દરોડા દરમિયાન, ઘણા ગુનાહિત દસ્તાવેજો, ડિજિટલ ઉપકરણો, મોબાઈલ ફોન અને બેંક વ્યવહાર રેકોર્ડ જપ્ત કરવામાં આવ્યા હતા.

# ભારતે બાંગ્લાદેશી નાગરિકો માટે પ્રવાસી વિઝા ફરી શરૂ કર્યા, નવા હાઈ કમિશનર દિનેશ ત્રિવેદીની જાહેરાત

## મોહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકાર દરમિયાન ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધો નીચલા સ્તરે પહોંચી ગયા હતા



ઢાકા,
ભારત સરકારે બાંગ્લાદેશી નાગરિકો માટે પ્રવાસી વિઝા ફરી શરૂ કર્યા છે. આ જાહેરાત બાંગ્લાદેશમાં ભારતના નવા હાઈ કમિશનર દિનેશ ત્રિવેદીએ કરી હતી. શેખ હસીના સરકારના પતન પછી છેલ્લા બે વર્ષથી આ વિઝા સ્થગિત કરવામાં આવ્યા હતા. જોકે, બાંગ્લાદેશી નાગરિકો મેડિકલ વિઝા પર ભારતની મુસાફરી કરતા હતા. આને ભારત-બાંગ્લાદેશ સંબંધોમાં સુધારા તરીકે જોવામાં આવી રહ્યું છે. અગાઉ, મોહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકાર દરમિયાન ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધો નીચલા સ્તરે પહોંચી ગયા હતા.

ઢાકામાં ભારતના નવા હાઈ કમિશનર દિનેશ ત્રિવેદીએ ગુરુવારે જમુના ફ્યુચર પાર્કમાં ભારતીય વિઝા અરજી કેન્દ્રમાં જણાવ્યું હતું કે, "મને સામાન્ય મુસાફરી વિઝા ફરી શરૂ કરવાની જાહેરાત કરતાં આનંદ થાય છે.

# કેનેડામાં વર્લ્ડ કપ મેચ જોવા માટે અરજીઓ કરનારા ભારતીયોની ૭૦% થી વધુ વિઝા અરજીઆનો અસ્વિકાર

ટોરોન્ટો,
કેનેડામાં ચાલી રહેલા વર્લ્ડ કપ મેચોમાં હાજરી આપવા માટે અરજી કરનારા ભારતીયોની ૭૦% થી વધુ વિઝા અરજીઓ નકારી કાઢવામાં આવી હતી, એમ દેશના ઈમિગ્રેશન વિભાગના ડેટા અનુસાર.

મીડિયા સૂત્રો અનુસાર, ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) એ વૈશ્વિક ફૂટબોલ ટુર્નામેન્ટ માટે લગભગ ૧૭,૦૦૦ વિઝિટર વિઝા અરજીઓ પર પ્રક્રિયા કરી હતી. તેમાંથી ફક્ત ૪૧% અરજીઓ મંજૂર કરવામાં આવી હતી.

અરજીઓની દ્રષ્ટિએ ભારતીયો ચોથા ક્રમે હતા, ૧,૨૨૫. તેમાંથી ફક્ત ૩૫૫, અથવા લગભગ ૨૯% અરજીઓ મંજૂર કરવામાં આવી હતી.

ઘાનાના લોકો અગ્રણી હતા, જેમની પાસે ૧,૭૨૫ અરજીઓ હતી પરંતુ ૧૧% કરતા ઓછી અરજીઓને મંજૂરી આપવામાં આવી હતી. ૧૭ જૂને ટોરોન્ટોમાં ઘાના પનામા સામે રમી હતી.

યાદીમાં આગળ કોલંબિયાના લોકો હતા જેમની પાસે ૧,૬૩૦ અરજીઓ હતી, અને તેમાંથી લગભગ ૭૦% અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. આશ્ચર્યજનક રીતે, ત્રીજા ક્રમે સૌથી વધુ અરજીઓ પાકિસ્તાનથી આવી હતી, ૧,૨૫૦. ફક્ત ૧૦૨, અથવા નવ ટકાથી ઓછા અરજીઓ મંજૂર કરવામાં આવી હતી.

આઉટલેટનું વિશ્લેષણ ગયા વર્ષે ૧૫ નવેમ્બરથી આ વર્ષે ૩૧ માર્ચ સુધીના IRCC ડેટા પર આધારિત હતું.

ચાલુ વર્લ્ડ કપનું આયોજન યુનાઈટેડ સ્ટેટ્સ, મેક્સિકો અને કેનેડા દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેમાં છેલ્લે ટોરોન્ટો અને વાનકુવરમાં કુલ ૧૩ મેચ યોજાઈ હતી.

આ વર્ષે જાન્યુઆરીમાં, કેનેડિયન સરકારે ભારપૂર્વક જણાવ્યું હતું કે કોઈ ખાસ FIFA વિઝા નથી જે ધારકને દેશમાં કામ કરવા અથવા સ્થાયી થવા દે. આ ઉનાળામાં ફૂટબોલ વર્લ્ડ કપ માટે પ્રવાસ દસ્તાવેજ મેળવવા માટે મુલાકાતીઓને આવા માર્ગો મેળવવાનું વચન આપતા સોશિયલ મીડિયા પર ઘણા ભ્રામક વિડિઓઝ અને પોસ્ટ્સ સામે આવ્યા પછી આ નિવેદન આવ્યું છે.

એક સંદેશમાં, IRCC એ જણાવ્યું હતું કે, "સોશિયલ મીડિયા પર ફરતા કેટલાક વિડિઓઝ FIFA વર્લ્ડ કપ ૨૬ દરમિયાન કેનેડાની મુસાફરી વિશે ભ્રામક માહિતી શેર કરી રહ્યા છે. ચાલો સ્પષ્ટ થઈએ કે વર્લ્ડ કપ માટે કોઈ 'FIFA વિઝા' અથવા ખાસ વિઝિટર વિઝા નથી જે તમને કેનેડામાં કામ કરવા અથવા સ્થાયી થવા દે." તેણે ઉમેર્યું હતું કે ટુર્નામેન્ટ માટે કેનેડા આવતા મુલાકાતીઓ "તેમના રોકાણની શરતોનું પાલન કરે અને તેમનો અધિકૃત સમયગાળો પૂરો થયા પછી ત્યાંથી નીકળી જાય તેવી અપેક્ષા રાખવામાં આવે છે".

# એમેઝોન આગામી ૫ વર્ષમાં ભારતમાં ૪૮ અબજ ડોલરનું રોકાણ કરશે

## એમેઝોનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર નરેન્દ્ર મોદીને મળ્યા

નવી દિલ્હી,
એમેઝોનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સીઈઓ) એન્ડી જેસી ભારતની મુલાકાતે છે અને નવી દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. તેમની મુલાકાત દરમિયાન, તેમણે આગામી પાંચ વર્ષમાં ભારતમાં ૪૮ અબજ ડોલરથી વધુનું રોકાણ કરવાની યોજનાની જાહેરાત કરી. એમેઝોન ભારતની વિકાસગાથામાં લાંબા ગાળાના ભાગીદાર બનવા માટે પ્રતિબદ્ધ છે તેના પર ભાર મૂકતા, જેસીએ કહ્યું કે તેઓ વડા પ્રધાન મોદીના 'વિકસિત અને આત્મનિર્ભર ભારત'ના વિઝનથી પ્રેરિત છે. તેમણે પીએમ મોદીનો તેમના નેતૃત્વ માટે આભાર પણ માન્યો અને ભારતના વધતા મહત્વ પર પ્રકાશ પાડ્યો, જ્યાં એમેઝોન ઈ-કોમર્સ, એઆઈ, ક્લાઉડ અને મનોરંજન સહિત અનેક વ્યવસાયો ચલાવે છે.

"અમે એક દાયકા પહેલા ભારત આવ્યા હતા અને ત્યારથી અમારા વિવિધ વ્યવસાયો દ્વારા ગ્રાહકો, વેચાણકર્તાઓ, વિકાસકર્તાઓ, સ્ટાર્ટ-અપ્સ અને સાહસોને સેવા આપી રહ્યા છીએ. ખાસ કરીને અમારા ઈ-કોમર્સ, છૈં અને ક્લાઉડ વ્યવસાયોમાં મજબૂત વૃદ્ધિ સાથે, પ્રતિભાવ જબરદસ્ત રહ્યો છે. જેમ જેમ અમે ભારતમાં Amazonનો વિકાસ કરી રહ્યા છીએ, તેમ તેમ અમારી વ્યવસાયિક પ્રાથમિકતાઓ છૈં ની ઍક્સેસને લોકશાહીકરણ, નાના વ્યવસાયોનું ડિજિટાઇઝેશન, રોજગારીનું સર્જન અને નિકાસને સક્ષમ બનાવવાની ભારતની પ્રાથમિકતાઓ સાથે સુસંગત રહે છે.

# સંવિધાન હત્યા દિવસ પર પીએમ મોદી અને સીએમ યોગીએ ટ્વિટ કરીને કટોકટીને કાળો ઈતિહાસ ગણાવ્યો

## ગૃહમંત્રી અમિત શાહ સહિત ભાજપના અનેક મુખ્યમંત્રીઓ અને નેતાઓએ કટોકટીની ૫૧મી વર્ષગાંઠ પર કોંગ્રેસ પર નિશાન સાધ્યું

નવીદિલ્હી,
વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને યુપીના સીએમ યોગી આદિત્યનાથ સહિત ભાજપના તમામ વરિષ્ઠ નેતાઓએ કટોકટીની ૫૧મી વર્ષગાંઠ પર નિવેદનો જારી કર્યા છે. વડા પ્રધાન મોદીએ કટોકટીને ભારતના ઈતિહાસના સૌથી કાળા પ્રકરણોમાંની એક ગણાવી છે. પીએમ મોદીએ તેમના એક્સ હેન્ડલ પર લખ્યું, "આજનો બંધારણ હત્યા દિવસ આપણને તે કાળા સમયની યાદ અપાવે છે જ્યારે ભારતીય લોકશાહીને ક્રૂરતાથી કચડી નાખવામાં આવી હતી. તે આપણને લોકશાહી, બંધારણ અને નાગરિક અધિકારોના રક્ષણ માટે પ્રતિબદ્ધ રહેવાની પ્રેરણા આપે છે. કટોકટીનો વિરોધ કરનારા તમામ મહાન વ્યક્તિઓને આદરપૂર્વક સલામ. સ્વતંત્રાન્તરાયત સુખમાપ્નોતિ સ્વતંત્રાલ્ભતે પરમ. સ્વતંત્રાન્તરાયણિવૃત્તિમ ગચ્છેત સ્વતંત્રાન્તરાયત પરમમ પદમ."

પીએમ મોદીએ કહ્યું કે કટોકટી આપણા બંધારણ પર સીધો હુમલો હતો, જેમાં નાગરિકોની સ્વતંત્રતાઓ છીનવાઈ ગઈ, અભિવ્યક્તિની સ્વતંત્રતા પર કાપ મૂકવામાં આવ્યો, રાજકીય વ્યક્તિઓ અને પત્રકારોની ધરપકડ કરવામાં આવી અને લોકશાહી સંસ્થાઓ પર હુમલો કરવામાં આવ્યો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ તેમના એક્સ હેન્ડલ પર કટોકટીને કાળો ઈતિહાસ ગણાવતા પોસ્ટ કરી. અમિત શાહે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, "૨૫ જૂન, ૧૯૭૫ એ ભારતીય લોકશાહીના ઈતિહાસનો એક કાળો પ્રકરણ છે, જ્યારે ઈન્દિરા ગાંધી અને કોંગ્રેસ પાર્ટીના ઘમંડ અને સત્તાના લોભે બંધારણની ભાવના, પ્રેસની સ્વતંત્રતા અને અભિવ્યક્તિના અધિકારને કચડી નાખવાનો પ્રયાસ કર્યો હતો.

# ઈરાન સાથેની વાતચીતમાં અમેરિકા ખાડી દેશોના હિતોનું રક્ષણ કરશે : માર્કો રુબિયો

## અમેરિકા અને ગલ્ફ દેશો ઈરાન સાથે કાયમી ઉકેલ શોધવા માટે સાથે મળીને કામ કરશે

વોશિંગ્ટન,
યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને જ્યારે ઈરાની શાળા પર મિસાઈલ હુમલામાં અમેરિકાની ભૂમિકા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે તે સમયે સમગ્ર વિસ્તારમાં મિસાઈલ છોડવામાં આવી રહી હતી, તેથી હુમલો કોણે કર્યો તે સ્પષ્ટ નથી. ઈરાની મીડિયા અનુસાર, આ હુમલામાં ૭૩ છોકરાઓ, ૪૭ છોકરીઓ, ૨૬ શિક્ષકો અને અન્ય ઘણા લોકો માર્યા ગયા હતા. ટ્રમ્પે આ ઘટનાને અત્યંત દુ:ખદ ગણાવી. પરંતુ હજુ સુધી એવા કોઈ પુરાવા મળ્યા નથી કે તે અમેરિકન મિસાઈલ હતી. ઈરાન સાથેની વાતચીત દરમિયાન અમેરિકાએ ગલ્ફ દેશોના હિતોનું રક્ષણ કરવાનું વચન આપ્યું છે. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ કહ્યું કે વોશિંગ્ટન તેના ગલ્ફ સાથીઓના હિતોનું રક્ષણ કરશે. પશ્ચિમ એશિયામાં સંઘર્ષના કાયમી ઉકેલ અંગે ઈરાન સાથે આ વાટાઘાટો થઈ રહી છે. રુબિયો હાલમાં ગલ્ફ દેશોને આશ્વાસન આપવા માટે આ ક્ષેત્રના પ્રવાસ પર છે. યુદ્ધ દરમિયાન, તેહરાને મિસાઈલો અને ડ્રોનથી આ ગલ્ફ દેશોને નિશાન બનાવ્યા હતા. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ પણ બંધ કરી દીધી હતી, જેનાથી તેલ અને ગેસનો પુરવઠો અવરોધાયો હતો.

# ભારતે સુરક્ષા પરિષદની એરિયા-ફોર્મ્યુલા બેઠકનું રાજકીયકરણ કરવા બદલ પાકિસ્તાનની ટીકા કરી

## ભારતે યુએન સુરક્ષા પરિષદની બેઠકમાં કાશ્મીરનો ઉલ્લેખ કરવા બદલ પાકિસ્તાનને કડક શબ્દોમાં ઠપકો આપ્યો

ન્યૂયોર્ક,
ભારતે યુએન સુરક્ષા પરિષદની બેઠકમાં કાશ્મીરનો ઉલ્લેખ કરવા બદલ પાકિસ્તાનને કડક શબ્દોમાં ઠપકો આપ્યો છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ, પર્વતાનેની હરીશે, યુએન સુરક્ષા પરિષદ 'એરિયા-ફોર્મ્યુલા' બેઠકમાં કાશ્મીરનો ઉલ્લેખ કરવા બદલ પાકિસ્તાનને યોગ્ય જવાબ આપ્યો. હરીશે કહ્યું કે પાકિસ્તાન એરિયા-ફોર્મ્યુલા મીટિંગનું રાજકારણ કરી રહ્યું છે અને બિનજરૂરી ટિપ્પણીઓ કરી રહ્યું છે.

પર્વથનેનીએ ચર્ચા દરમિયાન પાકિસ્તાની પ્રતિનિધિ અને સહ-અધ્યક્ષ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓનો પણ વાંધો ઉઠાવ્યો. તેમણે કહ્યું, "હું પાકિસ્તાનના પ્રતિનિધિ દ્વારા કરવામાં આવેલી બિનજરૂરી ટિપ્પણીઓનો પણ ઉલ્લેખ કરવા માંગુ છું. આશ્ચર્યજનક છે કે એક સહ-અધ્યક્ષ, જે પોતાના વર્તનમાં સંતુલિત અને નિષ્પક્ષ રહેવાની અપેક્ષા રાખે છે, તેમણે આ મંચનું રાજકારણ કરવાનું નક્કી કર્યું. સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને, હું ફક્ત એ વાત પર ભાર મૂકવા માંગુ છું કે જમ્મુ અને કાશ્મીરનો કેન્દ્રશાસિત પ્રદેશ સંપૂર્ણપણે ભારતનો આંતરિક મામલો છે. તેમણે કહ્યું કે જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ હંમેશા દેશનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે અને રહેશે."

સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનના કાયમી પ્રતિનિધિ, રાજદૂત અસીમ ઈફ્તિખાર અહેમદે બેઠકમાં જમ્મુ અને કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યા બાદ હરીશનું નિવેદન આવ્યું. આ બેઠકનું આયોજન સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાન અને ચીનના કાયમી મિશન દ્વારા કરવામાં આવ્યું હતું. પાકિસ્તાન હાલમાં ૨૦૨૫ અને ૨૦૨૬ માટે ચૂંટાયેલા યુએન સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્ય તરીકે બે વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરી રહ્યું છે.

# નરેન્દ્ર મોદી: સૌથી લાંબા સમય સુધી 'પ્રત્યક્ષ રીતે ચૂંટાયેલા' પ્રધાનમંત્રી



**શર્મિષ્ઠા મુખર્જી**

ભારતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા પ્રધાનમંત્રી વિશે ચાલી રહેલી ચર્ચા વચ્ચે, મને મારા પિતા, સ્વર્ગસ્થ પ્રણવ મુખર્જીએ ૨૦૧૪માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અભૂતપૂર્વ જીત વિશે કહેલી એક રસપ્રદ વાર્તા યાદ આવે છે. તે સમયે, બાબા ભારતના ૧૩મા રાષ્ટ્રપતિ હતા. તેમની અલગ રાજકીય વિચારધારાઓ હોવા છતાં, તેમની વચ્ચે ખૂબ જ સૌહાર્દપૂર્ણ સંબંધ હતો, જે કદાચ સાચા લોકશાહીની સાચી ઓળખ છે.

ચૂંટણી પરિણામો જાહેર થયા પછી, મોદીજી રાષ્ટ્રપતિ ભવનમાં બાબાને મળવા ગયા. તેમની વાતચીત દરમિયાન, બાબાએ મોદીજીને ચૂંટણીનું વિશ્લેષણ પૂછ્યું. તેમણે જવાબ આપ્યો કે ત્રણ દાયકા પછી, એક રાજકીય પક્ષે સંપૂર્ણ બહુમતી મેળવી છે. બાબાએ તેમની લાક્ષણિક વ્યાવસાયિક શૈલીમાં પૂછ્યું, "અને બીજું શું?" જ્યારે મોદીજી ચૂપ રહ્યા, ત્યારે બાબાએ સમજાવ્યું કે ૨૦૧૪ની લોકસભા ચૂંટણી ઈતિહાસમાં અનોખી હતી કારણ કે પ્રધાનમંત્રીના ઉમેદવાર તરીકે એક નવા ચહેરાની જાહેરાત થઈ ચૂકી હતી. ભારતીય જનતા પાર્ટીને મળેલો જબરદસ્ત ટેકો ફક્ત તેમના પક્ષ માટે જ નહોતો, પરંતુ નરેન્દ્ર મોદીને ભારતના પ્રધાનમંત્રી બનાવવા માટે લોકો તરફથી સીધો આદેશ હતો. આ અન્ય ચૂંટણીઓથી વિપરીત છે, જ્યાં પ્રધાનમંત્રી પદના ઉમેદવારને કાં તો ધારવામાં આવે છે પરંતુ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવતા નથી; અથવા, પરંપરાગત રીતે, નવા ચૂંટાયેલા સાંસદો દ્વારા પસંદ કરવામાં આવે છે; અથવા તે ગઠબંધન ગતિશીલતા દ્વારા નક્કી કરવામાં આવે છે, એક પ્રક્રિયા જે ચૂંટણી પછી થાય છે. મોદીજી પહેલાં, ડૉ. મનમોહન સિંહ, જેઓ ક્યારેય જન નેતા નહોતા, તેમની પસંદગી તત્કાલીન કોંગ્રેસ પ્રમુખ મતી સોનિયા ગાંધી દ્વારા કરવામાં આવી હતી. ભારતના બે પ્રધાનમંત્રીઓ પી.વી. નરસિંહ રાવ અને એચ.ડી. દેવગૌડા જ્યારે પ્રધાનમંત્રી બન્યા ત્યારે તેઓ સંસદના સભ્ય પણ નહોતા. સરળ શબ્દોમાં કહીએ તો, પ્રધાનમંત્રીની પસંદગી વરિષ્ઠ રાજકારણીઓ દ્વારા કરવામાં આવતી હતી. ૨૦૧૪ એ ભારતીય રાજકારણની ચૂંટણી ગતિશીલતામાં એક મોટો ફેરફાર દર્શાવ્યો, દેશના લોકોએ નરેન્દ્ર મોદીને તેમના પ્રધાનમંત્રી તરીકે ચૂંટ્યા, લગભગ રાષ્ટ્રપતિની ચૂંટણીની જેમ જ સ્પષ્ટ અને શંકા વિના.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૪ પહેલા નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય રાજકારણમાં નવા હતા. ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના લાંબા કાર્યકાળ દરમિયાન તેમણે એક અલગ ઓળખ સ્થાપિત કરી હતી, પરંતુ ૨૦૧૪ તેમની પ્રથમ લોકસભા ચૂંટણી હતી. ભારતના પ્રધાનમંત્રી તરીકે પહેલી વાર સંસદમાં પ્રવેશ કરનાર કોઈ સાંસદનું આગવું સ્થાન હતું. (જૂની) સંસદના પગથિયાં પર "પ્રણામ" કરીને તેમણે વ્યક્ત કરેલી શ્રદ્ધા અને વિનમ્રતાનું દૃશ્ય અત્યંત ભાવુક હતું. આ ક્ષણ કરોડો ભારતીયોના હૃદયને સ્પર્શી હતી અને લોકોના મનમાં એક પ્રેરણાદાયી સંસ્મરણ તરીકે સ્થાન મેળવ્યું હતું.

ચૂંટણીમાં વિજય ક્યારેય એક જ પરિબળ નથી હોતો; તે અનેક પરિબળોને સમાવિષ્ટ કરતી એક જટિલ પ્રક્રિયા છે. ભાજપનું મજબૂત પાયાનું સંગઠન, વિવિધ જાતિઓ અને સમુદાયો સુધી સતત પહોંચવાની તેની વ્યૂહરચના, તેની ભૂલોને ઝડપથી ઓળખવાની તેની ક્ષમતા અને તાત્કાલિક સુધારા કરવાની તેની તૈયારી - આ કેટલાક મુખ્ય પરિબળો છે જેણે આજની ભાજપને એવી ચૂંટણી જીતનાર શક્તિમાં રૂપાંતરિત કરી છે, જેને હાલમાં પડકારવું મુશ્કેલ જણાય છે. જોકે, એ વાત નિર્વિવાદ છે કે નરેન્દ્ર મોદીનો ચહેરો કદાચ ભાજપનું સૌથી મજબૂત ટ્રમ્પ કાર્ડ છે. લોકો તેમનામાં એક મજબૂત નેતા જુએ છે જે પોતાની પ્રતિભા અને મહેનત દ્વારા ઉભરી આવ્યા છે, કોંગ્રેસની જેમ વંશપરંપરાગત રાજકીય વારસા અથવા પરિવારકેન્દ્રિત પ્રાદેશિક પક્ષોની મજબૂત પકડના આધારે નહીં.

એક રીતે નરેન્દ્ર મોદી ભાજપનો પર્યાય બની ગયા છે. હું તાજેતરની વિધાનસભા ચૂંટણીઓ વિશે બંગાળમાં મિત્રો સાથે થયેલી કેટલીક વાતચીતો યાદ કરવા માંગુ છું. જ્યારે મારા પોતાના સંબંધીઓ હજુ પણ કોંગ્રેસના કટ્ટર સમર્થક છે અને બંગાળમાં કોંગ્રેસને મળેલા નજીવા ૨.૯ ટકા મત હિસ્સામાં તેમનું યોગદાન છે, મારા મોટાભાગના મિત્રો અને પરિચિતોએ ભાજપને મત આપ્યો હતો. ચૂંટણી પહેલાં, હું તેમને પૂછતો કે તેઓ કયા પક્ષને મત આપશે. મોટાભાગના કહેતા કે તેઓ મોદીને મત આપશે. હું તેમને યાદ અપાવીશ કે આ વિધાનસભા ચૂંટણીઓ હતી અને મોદી ચૂંટણી લડી રહ્યા ન હતા. તેમનો જવાબ હંમેશા એક જ રહેતો હતો - "ઓઈ એક-એ વેપારી" - જેનો અર્થ થાય છે, "વાત તો એક જ છે."

નરેન્દ્ર મોદી દેશના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા પ્રધાનમંત્રી તરીકે માત્ર સેવા આપનારા નથી, પરંતુ કદાચ સ્વતંત્રતા પછીના સૌથી મજબૂત નેતાઓમાંના એક છે. તેઓ સત્તા જાળવી રાખવા માટે અન્ય લોકો પર આધાર રાખતી ગઠબંધન સરકારોના દખલ (ઘણીવાર બ્લેકમેલ સહિત)નો શિકાર બન્યા વિના એક મજબૂત અને સ્થિર સરકાર પૂરી પાડવામાં સફળ રહ્યા છે. તેમની ઘણી નીતિઓ અથવા કાર્ય કરવાની રીતો સાથે કોઈ અસંમત હોઈ શકે છે, અને લોકશાહીમાં આ સંપૂર્ણપણે સામાન્ય છે; પરંતુ 'મહત્વાકાંક્ષી ભારત' માટે પ્રેરણા તરીકે તેમના કરિશ્માને અને ભારતીય મતદાતાઓ સાથેના તેમના જોડાણને કોઈ નકારી શકે નહીં. આ ૨૦૧૯માં અને ફરીથી ૨૦૨૪માં સ્પષ્ટપણે સ્પષ્ટ થયું. તમને નરેન્દ્ર મોદીને પસંદ કરો કે નાપસંદ, તમે 'બ્રાન્ડ મોદી' ની અવગણના કરી શકાતી નથી. મહાન શક્તિ સાથે મહાન જવાબદારી આવે છે. એક સામાન્ય નાગરિક તરીકે, હું પ્રાર્થના કરું છું કે તેઓ લોકો તરફથી મળેલા વિશાળ જનાદેશનો સંપૂર્ણ ન્યાય કરે અને આપણા દેશને વધુ ઊંચાઈઓ પર લઈ જાય.

# ચાલુ ક્લાસે કુરકુરે ખાતા વિદ્યાર્થીને શિક્ષકે બેરહેમીથી ફટકાર્યો

## પગ અને સાથળના ભાગે ૧૦ વખત પાઈપ માર્યા,સંચાલકે કહ્યું અશિસ્તમાં હોવાને લીધે માર માર્યો

રાજકોટ:રાજકોટના હરિઘવા રોડ પરના પટેલ ક્લાસિસના સંચાલક એવા શિક્ષક તુષાર રાયચુરાએ ચાલુ ક્લાસમાં કુરકુરે ખાતા ધોરણ ૧૦ના વિદ્યાર્થીને લાફા મારી પાઈપથી ફટકાર્યો હતો. જેને કારણે વિદ્યાર્થીને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જ્યારે માર મારનાર શિક્ષકે જણાવ્યું હતું કે, વિદ્યાર્થી અશિસ્તમાં હતો એટલે માર્યો છે.વાલીનું કહેવું છે કે અગાઉ પણ આ શિક્ષક દ્વારા એક વિદ્યાર્થીને માર મારવામાં આવ્યો હતો અને હવે મારા દીકરાને પાઈપથી માર મારતા તેને હાથે અને પગે ઈજા થઈ હતી અને દીકરાની હાથની આંગળી પણ વાંકી વળી ગઇ છે. મારો દીકરો આતંકવાદી હોય તેમ માર્યો છે. દીકરાનો વીડિયો એટલે જ જાહેર કર્યો છે કે હવે આ શિક્ષક બીજા કોઈ વિદ્યાર્થીઓને આ રીતે માર ન મારે.



ભોગ બનનાર વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, હું ધોરણ ૧૦માં અભ્યાસ કરું છું. હું છેલ્લા ત્રણ મહિનાથી તુષાર રાયચુરા સર પાસે ટ્યુશનમાં જતો હતો. મને માત્ર કુરકુરે ખાવા જેવી બાબતમાં માર માર્યો છે. મને પગના નીચેના ભાગમાં ૩, સાથળમાં ૫ અને ૨ પાઈપ હાથમાં કોણીના ઉપરના ભાગે માર્યા છે. મારા ડાબા હાથની આંગળી વાંકી વળી ગઈ છે. જે સીધી નથી થતી. જેથી હું હોસ્પિટલમાં દાખલ થયો હતો અને છેલ્લા બે દિવસથી સ્કૂલ કે ટ્યુશનમાં ગયો નથી.ભોગ બનનાર વિદ્યાર્થીના પિતાએ જણાવ્યું હતું કે, મારો દીકરો ધોરણ ૧૦માં અભ્યાસ કરે છે અને ગત એપ્રિલ મહિનાથી જ આ તુષારસર પાસે ટ્યુશનમાં જાય છે. જ્યાં મંગળવારે સાંજે મારા દીકરાને પાઈપ વડે માર મારવામાં આવ્યો. આ ઉપરાંત લાફા પણ મારવામાં આવ્યા.

વિદ્યાર્થીના પિતાએ વધુમાં જણાવ્યું હતું કે, આ શિક્ષકને ક્લાસિસની નીચે કંઈક માથાકૂટ થઈ હશે અને ત્યારબાદ સાંજે ૪ વાગ્યે ક્લાસ શરૂ થવાના સમયે શિક્ષક આવ્યા અને મારો પુત્ર આતંકવાદી હોઈ તેમ પાઈપથી માર મારવામાં આવ્યો છે. જેથી મેં ત્યાંના CCTV ફૂટેજ માંગ્યા તો સર કહે છે કે CCTV બંધ છે. શિક્ષક હાલ માફી માંગી રહ્યા છે, પરંતુ આવું બીજી વખત કોઈ વિદ્યાર્થી સાથે ન થાય તે માટે મેં મારા પુત્રનો વીડિયો જાહેર કર્યો છે.

શિક્ષક તુષાર રાયચુરાનો સંપર્ક કરવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે, વિદ્યાર્થી ચાલુ ક્લાસે કુરકુરે ખાતો હતો અને અશિસ્તમાં હોવાને લીધે માર્યો છે. પાઈપથી માર માર્યો પણ તે સાદો પાઈપ હતો. જે રીતે વિદ્યાર્થીનો વીડિયો જાહેર થયો છે અને તેમાં તે ઢોર માર માર્યો તેવું કહે છે તે ખોટું છે.

# ખોડીયારપરામાં સગર્ભાએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

રાજકોટ:રાજકોટ શહેરમાં આપઘાતનો વધુ એક બનાવ બન્યો છે. શહેરના ૮૦ ફુટ રોડ પર કાનાભાઈના મફતીયાપરામાં ખોડીયારપરામાં રહેતી રૂચીકુમારી અટલ કુમાર (ઉ.વ.૨૧) નામની પરિણીતાએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે. રૂચીકુમારીએ સવારે ઘરે પંખામાં ચુંદડી બાંધી દેહ લટકાવી દેતાં બેભાન હાલતમાં સિવિલ હોસપિટલ ખસેડવામાં આવી હતી પરંતુ તેનું મોત નીપજ્યું હતું. બનાવની જાણ હોસપિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને કરી હતી.

આપઘાત કરનાર રૂચીકુમારી મુળ બિહારની વતની હતી અને તેના લગ્ન ત્રણ વર્ષ પહેલા થયા હતાં. તેને સંતાનમાં એક દિકરો છે તેમજ હાલમાં તેણી સગર્ભા હતી. જયારે પતિ અટલ કુમાર કારખાનામાં મજુરી કરતો હોવાનું સામે આવ્યું છે. ૬ મહિના પહેલા જ પતિ સાથે બિહારથી અહિ રહેવા આવી હતી. આપઘાતનું કારણ બહાર ન આવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### પરિણીતાએ આપઘાતનો પ્રયાસ કર્યો

રાજકોટ શહેરના આજી GIDC રોડ પર આવેલા ‘જય કિશન પ્લાસ્ટિક’ નામના કારખાનામાં રહેતી મૂળ અમદાવાદની કાજલ મિતેશભાઈ પંડ્યા (ઉ.વ.૨૬) ગઈકાલે રાત્રિના ૧ વાગ્યા આસપાસ કારખાનાની ઓરડીના બાથરૂમમાં હતી ત્યારે ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. છેલ્લા ઘણા સમય સુધી બાથરૂમમાંથી બહાર ન આવતા પતિ મિતેશે દરવાજો તોડી જોતા કાજલ લટકતી જોવા મળી હતી અને તાત્કાલિક નીચે ઉતારી સિવિલ હોસ્પિટલ પહોંચાડી હતી. પોલીસ તપાસમાં કાજલે ૩ વર્ષ પહેલાં પ્રેમ લગ્ન કર્યા હતા અને તેને સંતાનમા ૧.૫ વર્ષનો એક દીકરો છે. પરિવાર મૂળ અમદાવાદનો વતની છે પરંતુ છેલ્લા ૭ મહિનાથી રાજકોટમાં રહે છે. આપઘાતના પ્રયાસનું કારણ જાણવા ન મળતા પોલીસે નિવેદન નોંધી વધુ તપાસ

## ઘટનાને આપઘાતમાં ખપાવવાનો પતિનો પ્રયાસ નાકામ

# ખારચિયાની પરિણીતાને પતિએ જ ટૂંપો દઈને પતાવી દીધી હતી, હત્યાનો ગુનો દાખલ થયો



ઉપલેટા:ઉપલેટાના ખારચીયા ગામની પરિણીતાના મોત મામલે મોટો ઘટસ્ફોટ થયો છે. વાડીની ઓરડીમાંથી પરિણીતાનો ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવતાં બનાવ આપઘાતનો હોવાનું પ્રાથમિક ચિત્ર ઉપસી આવ્યું હતું.જો કે મૃતકના ભાઈએ બહેનના શરીર પર ઈજાના નિશાન હોવાથી આ મામલો હત્યાનો હોવાનો આક્ષેપ કર્યો હતો. એ મુદ્દે ફોરેન્સિક પીએમમાં પણ ચોંકાવનારા તથ્યો સામે આવ્યા હતા.

મૂળ ધોરાજી તાલુકાના વાવડી ગામના વતની અને હાલ મોરબીના શક્ત શનાળા ગામે રહેતા અને કારખાનામાં ડ્રાયવર તરીકે નોકરી કરતા ૨૮ વર્ષીય યુવાન રાજેશભાઈ ઉર્ફે રવિ માવજીભાઈ હેડમ્બાએ આરોપી તરીકે બનેવી હિતેન્દ્ર બગડાનું નામ આપતાં પોલીસે હત્યા સહીતની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારી મોટી બહેન ઈલાબેનના લગ્ન ૧૧ વર્ષ પહેલા ખારચીયા (શહીદ) ખાતે લાખાભાઈ બગડાના દીકરા હીતેન્દ્ર સાથે થયેલ હતા. તેમને સંતાનમાં એક દીકરો તથા એક દીકરી છે. જેમાં મોટો દીકરો સાહિલ (ઉ.વ. ૦૯) અને દીકરી જયેષ્ઠા (ઉ.વ.૬) છે. હું મોરબી ખાતે કારખાને હતો ત્યારે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો કે, હું તમારા બનેવી હીતેન્દ્રના કુટુંબીભાઈ પ્રવિણભાઈ બગડા બોલુ છુ, તમારી બહેન ઈલાએ ફાંસો ખાધો છે. બાદ બહેનના દિયરે પણ મને ફોન કરી આવવાનું કહ્યું હતું. જેથી હું તથા મારો ભાઈ હિતેષ બન્ને ભાયાવદર ખાતે પહોંચ્યા હતા. બહેનનો મૃતદેહ જોતા તેના ચહેરાના ભાગે ઈજાના નીશાન હતા, માથાના વાળમાં તથા કપાળ ઉપર ધુળ ચોટી હતી. મને શંકા પડી હતી.

યુવાને જણાવ્યું હતું કે, ઈલા પર મારા બનેવી હીતેન્દ્રભાઈ લાખાભાઈ બગડા ચારીત્ર બાબતે અવારનવાર શંકા કરતા હતા. જેથી ઈલા કંટાળી ગઇ હતી અને મારા મામા અરજણભાઈ ચૌહાણના ઘરે જતી રહેતી હતી. પરંતુ મારી બહેનને નાના સંતાનો હોઈ ફરી સાસરે આવી જતી.સંતાનોને ખાતર મારી બહેન આત્મહત્યાનો વિચાર કરે નહિ.આથી મેં રાજકોટ ખાતે ફોરેન્સીક પી.એમ. ની માગણી કરી હતી અને તેમાં પણ સામે આવ્યું કે મારી બહેનનું મોત ફાંસો ખાવાથી નહીં, ટૂંપો દેવાથી થયું હતું પોલીસે તાત્કાલીક ગુનો નોંધી પતિને સકંજામાં લઈને કાર્યવાહી શરૂ કરી છે.

## વૃધ્ધ દંપતીની નવ વીઘા જમીન હડપવા રચાયું કારસ્તાન

# ભૂમાફિયાઓએ સરધારની રૂ.૫ કરોડની કિંમતી જમીન બોગસ દસ્તાવેજ બનાવી પચાવી પાડી

રાજકોટ:સરધાર અને લાખાપર ગામની વચ્ચે આવેલી અંદાજે રૂ.૫ કરોડની કિંમતી નવ વીઘા જમીન ભૂમાફિયાઓએ બોગસ દસ્તાવેજ બનાવીને પચાવી પાડ્યાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે.

લાખાપર ગામના એક નિરાધાર વૃદ્ધ દંપતીની એકમાત્ર મિલકત પર નજર બગાડી સરધારના શખ્સે પોતાના સાગરીતો સાથે મળીને આ આખું કારસ્તાન રચ્યું હતું. માત્ર રૂ.૬.૩૦ લાખનો નકલી વેચાણ દસ્તાવેજ બનાવી, વૃદ્ધાના બદલે અન્ય અજાણી મહિલાને ઊભી રાખી સહી-અંગૂઠા કરાવી છેતરપિંડી આચરવામાં આવી હતી.જાણવા મળતી વિગતો મુજબ લાખાપર ગામમાં રહેતા માવજીભાઈ મનજીભાઈ કાનાણી (ઉ.વ.૬૨)ની પત્ની વજીબેનના નામે સરધાર અને લાખાપર વચ્ચે સરવે નંબર ૫૭૪ પૈકીની નવ વીઘા જમીન આવેલી છે. દોઢેક મહિના પહેલાં રાજુ નામનો એક શખ્સ જમીન લે-વેચના ધંધાર્થી તરીકે માવજીભાઈ પાસે આવ્યો હતો અને એકરના રૂ.૧.૫૫ કરોડનો ઊંચો ભાવ



આપી જમીન ખરીદવાની લાલચ આપી હતી. ત્યારબાદ ખરીદનાર પાર્ટીને બતાવવાના બહાને માવજીભાઈ પાસેથી તેમના પત્નીનું પાનકાર્ડ અને પોતાનું આધારકાર્ડ મેળવી મોબાઈલમાં ફોટા પાડી લીધા હતા.

દસ્તાવેજ થઈ ગયા બાદ ભૂમાફિયાઓએ ફોન બંધ કરી દીધો હતો. દરમિયાન દશેક દિવસ પહેલાં માવજીભાઈના ઘરે જમીન અંગેની સરકારી નોટિસ આવતા તેમના કાકાના દીકરાએ વાંચી સંભળાવી હતી,

જેમાં જમીન મહાવીરસિંહ વાળાના નામે દસ્તાવેજ થઈ ગઈ હોવાનો ઉલ્લેખ હતો. દંપતી કોઈ જગ્યાએ સહી કે અંગૂઠો કરવા ગયું ન હોવા છતાં દસ્તાવેજ થઈ જતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા. તેમણે તુરંત જ મામલતદાર કચેરીએ વાંધા અરજી આપી હતી.જ્યારે દસ્તાવેજની નકલ કઢાવવામાં આવી ત્યારે ખબર પડી કે ગત તા.૧-૬-૨૦૨૬ના રોજ આ બોગસ દસ્તાવેજ થયો હતો. જેમાં વજીબેનના પાનકાર્ડનો ઉપયોગ થયો હતો, પરંતુ ઓનલાઈન ફોટો અન્ય કોઈ અજાણી સ્ત્રીનો લગાડીને તેની પાસે ખોટી સહી અને અંગૂઠા કરાવી લેવાયા હતા.

આજી ડેમ પોલીસે છેતરપિંડી અને બોગસ દસ્તાવેજ બનાવવા સહિતની ગંભીર કલમો હેઠળ આ ચાર સામે ગુનો નોંધ્યો છેઃમહાવીરસિંહ રાવતબાપુ વાળા (રહે.સરધાર) - જમીન ખરીદનાર,રાજ વીભા સોલંકી (રહે. માનસરોવર શેરી નં.૧, રાજકોટ) - દસ્તાવેજમાં ઓળખ આપનાર મ ભાવેશ જશવંતરાય નિમાવત (રહે.મનહરપુર, રાજકોટ) - દસ્તાવેજમાં ઓળખ આપનાર મ એક અજાણી સ્ત્રી - વૃદ્ધાના બદલે ખોટી સહી-અંગૂઠો કરનાર

# ઢાંકમાં કૂવામાં પ્લાસ્ટર કરતી વખતે સપોર્ટ તૂટ્યો, એકનું મોત, એક ઘાયલ

ઉપલેટા:ઉપલેટા તાલુકાના ઢાંક ગામે કૂવામાં પ્લાસ્ટરનું કામ ચાલી રહ્યું હતું અને એ વખતે સપોર્ટ તૂટી પડતાં એક યુવક કૂવામાં ખાબક્યો હતો અને તેનું ગંભીર ઈજાના પગલે મોત નીપજ્યું હતું , જ્યારે એક યુવક દોરડાની મદદથી બહાર નીકળી શક્યો હતો અને તેને ઈજા થતાં સારવાર માટે ખસેડાયો હતો.જો કે આ યુવકે સ્થાનિકોને જાણ કરતા મામલતદારને ઘટનાથી વાકેફ કરાયા હતા અને તાબડતોબ



એનડીઆરએફની મદદ લેવાઈ હતી અને એકનો મૃતદેહ જ હાથ લાગ્યો હતો.ઉપલેટાના ઢાંક ગામે કૂવામા પ્લાસ્ટરનું કામ કરતી વખતે નીચે રાખેલા પીઢિયાનો સપોર્ટ તૂટી જતાં રાજેશ લલિતભાઈ વારગીયાનું મોત નીપજતાં ઉપલેટા કોટેજ હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડાયો હતો, જ્યારે ઉમેશ સોંલકીને સામાન્ય ઈજા પહોંચી હતી. ભાયાવદર પોલીસે ઘટના સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે.

# પિતા-પુત્રી આપઘાત કેસમાં માતા અને પ્રેમી સામે મરવા મજબૂર કર્યાનો ગુનો

જસદણ:જસદણની ગેબનશા સોસાયટીમાં બે દિવસ પૂર્વે ફયાઝ પરીયાણીએ ૨ વર્ષની માસૂમ પુત્રી નૂરફાતેમાને પાણીમાં ડૂબાડીને બાદમાં પોતે આપઘાત કરી લીધાના બનાવમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે તેની પત્ની અને તેના પ્રેમી દીકરીની કસ્ટડી મેળવવા માટે યુવકને સતત ખોટા કેસમાં ફસાવવાની અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા, જેથી કંટાળીને યુવાને આત્યંતિક પગલું ભર્યું હતું.

જસદણ પોલીસે મૃતક યુવકની માતાની ફરિયાદના આધારે પલાયન થઈ ગયેલી પુત્રવધૂ અને તેના પ્રેમી વિરુદ્ધ આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.ફયાઝના લગ્ન સાત વર્ષ પૂર્વે જૂનાગઢની ફિરદોસ સાથે થયા હતા અને તેમને સંતાનમાં એક દીકરો તથા એક દીકરી નૂરફાતેમા હતા. જો કે, બે મહિના પહેલાં ફયાઝના પરિવારને જાણ થઈ હતી કે ફિરદોષને જસદણના જ હુસેન ઉર્ફે લાલા અસલમ ખિમાણી સાથે પ્રેમસંબંધ હતો. થોડા દિવસ પહેલાં ફિરદોષ પ્રેમી લાલા સાથે ભાગી ગઈ હતી.

ફિરદોષે સ્પષ્ટ કહ્યું હતું કે, હું લાલા સાથે જ રહીશ. ત્યારબાદ પ્રેમી લાલા અને પત્ની ફિરદોષે ફયાઝને ફોન કરીને ધમકીઓ આપવાનું શરૂ કર્યુ હતું.નૂરફાતેમા ખૂબ રડતી હોવાથી ફયાઝ અને તેની માતા આખી રાત જાગ્યા હતા. સવારે ૭ વાગ્યે બાળકી સૂઈ જતાં ફયાઝે તેની માતા હસીનાબેનને કહ્યું કે, મમ્મી તમે થોડીવાર સુઈ જાવ. માતા પૌત્ર સાથે સૂઈ ગયા બાદ સવારે જોયું તો ફયાઝ અને માસૂમ નૂરફાતેમા ઘરમાં નહોતા અને ટાંકીમાંથી મૃતદેહ મળી આવ્યા હતા. આથી આ ઘટનામાં જસદણ પોલીસે હસીનાબેન પરીયાણીની ફરિયાદ પરથી ફિરદોષ મુંઢવા અને હુસેન ઉર્ફે લાલા અસલમ ખિમાણીની શોધખોળ તેજ કરી છે.

# ત્રંબા-કાળીપાટ વચ્ચે ફોર વ્હિલે બાઈકને અડફેટે લેતા દંપતી ખંડિતઃ પત્નીનું મોત

રાજકોટ: રાજકોટના ત્રંબા-કાળીપાટ વચ્ચે ખોડિયાર હોટેલ પાસે ગુરુવારે રાત્રે ૮.૩૦ વાગ્યે પૂરપાટ ઝડપે જતી ફોર વ્હિલે મોટરસાઈકલને અડફેટે લેતા ત્રંબાનું દંપતી ખંડિત થયું હતું. આ અકસ્માતમાં ગંભીર ઈજા પામેલી પત્નીનું કરુણ મોત નીપજ્યું હતું.

ત્રંબા ગામે રહેતા ભાવેશ ધીરૂભાઈ બાંભણિયા અને તેમના પત્ની નિશાબેન ગુરુવારે રાત્રે ૮.૩૦ વાગ્યે ભાવનગર રોડ પરથી મોટરસાઈકલ પર પસાર થઈ રહ્યા હતા ત્યારે ત્રંબા-કાળીપાટ વચ્ચે અજાણ્યા ફોર વ્હિલચાલકે અડફેટે લેતા દંપતી હાઈવે પર ફંગોળાયા હતા અને ગંભીર ઈજા થતા બન્નેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.જ્યાં ફરજ પરના તબીબે નિશા ભાવેશ બાંભણિયાને મૃત જાહેર કર્યા હતા. જયારે ભાવેશ બાંભણિયાની હાલત ગંભીર હોય સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ ઘટનાની જાણ થતા આજી ડેમ પોલીસની ટીમ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગઇ છે અને ફરિયાદ લેવા તજવીજ હાથ ધરી છે.

# લુખ્ખા તત્ત્વો બેફામ:પૈસા દે,અમારે જુગાર રમવો છે કહી સાળા, બનેવી સહિત ચારનો ધંધાર્થી પર હુમલો

જસદણ: આટકોટ શહેરમાં લુખ્ખા તત્વોનો ત્રાસ દિનપ્રતિદિન વધી રહ્યો હોય તેમ વધુ એક સનસનાટીભરી ઘટના સામે આવી હતી. અહીં એક ફ્રૂટની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા ગરીબ યુવાન પાસે સાળા-બનેવી સહિતના ચાર શખ્સોએ જુગાર રમવા માટે પૈસાની માંગણી કરી હતી.

યુવાને મહેનતના પૈસા આપવાની ના પાડતા ઉશ્કેરાયેલા લુખ્ખાઓ લોખંડના પાઈપ, લાકડી અને છરી જેવા જીવલેણ હથિયારો સાથે તૂટી પડ્યા હતા. લોહીલુહાણ હાલતમાં યુવકને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો છે, જ્યારે આટકોટ પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ફરિયાદની વિગત મુજબ, આટકોટના કૈલાશનગર પાણીના ટાંકા પાસે રહેતો ૨૪ વર્ષીય અરવિંદ વિકુભાઈ માણદુરીયા મજૂરી કામ તેમજ ફ્રૂટની લારી ચલાવીને પેટિયું રળે છે. અરવિંદ પોતાના ઘર પાસે હાજર હતો, ત્યારે તેના જ સમાજના અક્ષય જાની સાઢમીયા અને તેનો જમાઈ રમેશ જકસી માથસુરીયા ત્યાં ધસી આવ્યા હતા. બંનેએ અરવિંદને રોકીને ધમકાવતા કહ્યું કે, તારી પાસે કેરીના વેપારના રૂપિયા આવ્યા હોય તે અમને આપ, અમારે જુગાર રમવા માટે રૂપિયાની જરૂર છે.આરોપી અક્ષય અને રમેશ દારૂ તેમજ જુગારની કુટેવવાળા હોવાથી અરવિંદે મજૂરીના પૈસા આપવાનો ઈનકાર કરી દીધો હતો. પૈસા આપવાની ના પાડતા જ બંને એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને અરવિંદ પર છરીનો જીવલેણ ઘા ઝીકી દીધો હતો.

છરીનો ઘા વાગતા જ અરવિંદ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. ટોળું એકઠું થઈ જતાં ચારેય નરાધમો ત્યાંથી ભાગી છૂટ્યા હતા, પરંતુ જતાં-જતાં ધમકી આપી હતી કે, આજે તો તું બચી ગયો, હવે જો બીજી વાર ભેગો થઈશ તો તને જાનથી મારી નાખીશું.હુમલાના પગલે અરવિંદને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત જસદણની સિવિલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. આ અંગે પોલીસે ભોગ બનનાર યુવકની ફરિયાદ પરથી અક્ષય સાઢમીયા, રમેશ માથસુરીયા, રવિ સાઢમીયા , હિતેશ વાઘેલા નામના ચારેય આરોપીઓ વિરૂદ્ધ રાયોટિંગ અને હુમલાની કલમો હેઠળ ગુનો નોંધી ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ગોંડલમાં તાજીયાનામિનારા લઈ ઊભેલા શખ્સોને ખસવાનું કહેતાં પિતા-પુત્ર પર લાકડીથી હુમલો

ગોંડલ:ગોંડલમાં તાજીયાના મીનારાનું ફિટિંગ કરવા જતા સમયે રસ્તા પર ઉભેલા શખ્સોને સાઈડમાં ખસવાનું કહેવા જેવી નજીવી બાબતે મામલો બિચક્યો હતો. સામાન્ય બોલાચાલી બાદ ઉશ્કેરાયેલા ૫ શખ્સએ પિતા અને પુત્ર પર લાકડીઓ વડે હુમલો કરી માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ઘટના સામે આવી છે.આ અંગે ગોંડલ સિટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ફરિયાદી અફઝલભાઈ મુસાભાઈ પરીયટના જણાવ્યા અનુસાર, ગત રાત્રિના આશરે પોણા દસ વાગ્યાની આસપાસ તેમનો દીકરો મોઈન અને તેના મિત્રો તાજીયાનો મીનારો ધારેશ્વર ડેરી પાસેથી સહારા પેટ્રોલ પંપ સામે આવેલ પારસ વેલ્ડિંગની દુકાને ફિટીંગ માટે લઈ જઈ રહ્યા હતા.ત્યારે રસ્તા પર ગુલાબ ઉર્ફે જાડો, સિરાજ, સોહીલ અને યુનુસબાપુનો દીકરો ઉભા હતા. મોઈને તેમને સાઈડમાં ખસવાનું કહેતા તેઓ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપવા લાગ્યા હતા.

પુત્રનો ફોન આવતા પિતા અફઝલભાઈ તાત્કાલિક ત્યાં દોડી ગયા હતા અને ''તાજીયા બાબતે કોઈ માથાકૂટ ન કરો'' તેમ કહી મામલો શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, આરોપીઓએ તેમની સાથે પણ ઝપાઝપી શરૂ કરી દીધી હતી. તે દરમિયાન સિકંદર નામનો અન્ય એક શખ્સ પણ લાકડી લઈને ત્યાં આવી પહોંચ્યો હતો.

ઝપાઝપી દરમિયાન આરોપી ગુલાબ ઉર્ફે જાડાએ અફઝલભાઈના માથામાં લાકડી ફટકારી દીધી હતી, જ્યારે સિકંદરે મોઈનના માથામાં લાકડી મારીને મૂઢ ઈજા પહોંચાડી હતી. હુમલા બાદ આરોપી ગુલાબ ઉર્ફે જાડો જતા-જતા ''તને તો છરી જ મારી દેવી છે'' તેવી જાનથી મારી નાખવાની ધમકી આપીને નાસી છૂટ્યા હતા.

હુમલામાં ઈજાગ્રસ્ત બનેલા પિતા-પુત્રને સ્થાનિક હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. જો કે, અફઝલભાઈને વધુ સારવાર માટે રાજકોટ રીફર કરવામાં આવ્યા છે.ગોંડલ સિટી પોલીસે અફઝલની ફરિયાદના આધારે ગુલાબ ઉર્ફે જાડો, સિરાજ, સોહીલ, યુનુસબાપુનો દીકરો અને સિકંદર સામે ગુનો નોંધ્યો છે.

# ઉપલેટાના ફુલઝર ડેમ કાંઠેથી ખનિજચોરીનું કારસ્તાન ઝડપાયું, ૧.૧૫ કરોડનો મુદ્દામાલ કબજે

ઉપલેટા:રાજકોટ રેન્જની ટીમે ઉપલેટાના પાનેલીના ફુલઝર ડેમ કાંઠે થઈ રહેલી ખનીજ ચોરી પર દરોડો પાડયો હતો અને રેતી, ડમ્પર સહિત ૧.૧૫ કરોડનો મુદ્દામાલ કબજે લઇને આગળની કાર્યવાહી શરૂ કરી હતી.

રાજકોટ રેન્જ પીઆઈ અપૂર્વ પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.એન.મોરી, બી.સી.મયાત્રા, સી.એમ.કાંટેલીયા તથા ટીમે સરકારી ખરાબામાંથી ગેરકાયદેસર ખનીજની ચોરી કરનાર ભાયાભાઈ આલાભાઈ બઢ તથા કમાભાઈ આલાભાઈ બઢના સાગરીતોને વાહનો સાથે ઝડપી લીધા હતા, જેમાં ચારેય વાહનના ચાલક તેમજ માલિકની ધરપકડ કરી હતી.

જે.સી.બી. નંબર જીજે ૧૪ એમ ૬૬૧૪ ડ્રાઈવર ધ્રુમિલ ભાવેશભાઈ ભારાઈ અને માલિક કમાભાઈ બાબુભાઈ બઢ , આઈસર નંબર જીજે ૨૪ એએમ ૦૫૫૪ના ડ્રાઈવર મેહુલ મેરૂભાઈ કલોતરા અને માલિક જયદીપભાઈ ભાષાભાઈ બઢ, ટ્રેક્ટર નંબર જજે ૧૦ ડીજી ૦૮૮૯ના ડ્રાઈવર મેરૂભાઈ બધાભાઈ કલોતરા અને માલિક કમાભાઈ બાબુભાઈ બઢ, ડમ્પર નંબર જીજે ૧૪ એટી ૪૦૦૫ ડ્રાઈવર ઋત્વિક સાજુભાઈ વંદા અને માલિક અશ્વિનભાઈ વાળા, લોડર નંબર જીજે ૧૧ એડી ૨૨૫૭ ડ્રાઈવર હર્ષિલ હાજાભાઈ કરમટા અને માલિક અરજણભાઈ ઉર્ફે જાડો રબારી તથા એક વાહનના ડ્રાઈવર અર્જુનભાઈ નરશીભાઈ દુડકિયા અને માલિક દિનેશભાઈ ડોડીયાના વાહનો તથા રેતીનો સ્ટોક કિ.રૂ.૫૦ લાખ મળી કુલ કિ.રૂ.૧.૧૫ કરોડનો મુદ્દામાલ સીઝ કરી ભાયાવદર પોલીસ સ્ટેશનના સ્ટાફને બોલાવી ખાણખનીજના અધિકારીઓને જાણ કરી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# અમૂલ સર્કલ પાસે વોન્ટેડ બુટલેગરનો દારૂનો જથ્થો ઝડપાયો

રાજકોટ:રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ ટિમ પેટ્રોલીગમાં હતો ત્યારે એક લીલા કલરની કાળા કલરની વુડ વાળી ઓટો રીક્ષા નં.જીજે.૦૩.સીવી.૭૧૧૨ અમુલ સર્કલથી થોરાળા પોલીસ સ્ટેશન તરફ આવે છે આ રીક્ષામાં વિદેશી દારૂનો જથ્થો ભરેલ છે તેવી ચોક્કસ બાતમીના આધારે ટીમ ભાવનગર રોડ અમુલ સર્કલથી થોરાળા પોલીસ સ્ટેશનની વચ્ચે શક્તિ ટી સ્ટોલની સામેના રોડ ઉપર વોચમાં હતા દરમ્યાન અમુલ સર્કલ તરફથી ઓટો રીક્ષાને અટકાવી રીક્ષા ચાલકનું નામ પુછતા પોતે પોતાનુ નામ ચિરાગ દશરથ દુધરેજીયા, (ઉ.વ.૨૫) હોવાનું જણાવ્યું હતું.

ઓટો રિક્ષાની તપાસ કરતા રીક્ષાની પાછળની સીટમા બે પ્લાસ્ટીકના બાચકા હતા જે ખોલી જોતા તેમાંથી દારૂની કુલ ૧૯૨ બોટલ મળી આવતાં કુલ રૂ.૧.૨૮ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. રીક્ષા ચાલક ચિરાગ દુધરેજીયાની પુછતાછ કરતાં આ વિદેશી દારૂ ઈરફાન અલીમીયા કાદરી એ ભરી આપેલાનું જણાવ્યું હતું. હાલ પોલીસે લિસ્ટેડ બુટલેગર ઈરફાન અલીમીયા કાદરીની શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, લિસ્ટેડ બુટલેગર ઈરફાન અલીમીયા કાદરીએ નવસારીથી મંગાવેલ રૂ.૨૦ લાખનો દારૂ પડધરી પાસે કટીંગ થતો હતો ત્યારે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે પકડી પાડ્યો હતો. જે બનાવમાં પણ તે હાલ વોન્ટેડ છે.